પરદેશમાં દેશની મહેંક એટલે

# સ્વદેશ

કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH

FRIDAY, 20 December, 2019 Vol. 15, No. 51 Pages 24+8 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news

Super Visa/ Visitor to Canada Insurance
Best Mortgage Rates
1st and 2nd Mortgages
Life and Critical Illness Insurance
RRSP/RESP/INVESTMENTS
Ph.: 416-839-9645
Mukund Sheth
Financial Advisor
www.pyramidfinancial.ca
mukund@pyramidfinancial.ca
Serving at 2 locations GTA East / GTA West
ON LIC # 10530
Investment I Insurance I Mortgages

RAVAL LAW OFFICE
Serving the community for the last 35 years
Real Estate Law
Corporate Law
Criminal Law
Family Law
Immigration Law
Wills & Estate
Power of Attorney
Document Notarizations
Bhupendra N Raval
Barrister, Solicitor & Notary Public
Ph : 416-296-7200
1200 Markham Road, Suite 118, Toronto, Ontario M1H 3C3 www.ravallawyer.com

**નાગરિકતા કાયદાનો વિરોધ**

# સમગ્ર ભારતમાં હિંસક પ્રદર્શનો

## કેરળમાં ડીયુએફના સૈંકડો કાર્યકરોએ રાજભવનને ઘેરાવ કર્યો : બેંગ્લુરૂમાં ઇતિહાસકાર ગુહાની અટકાયત, સૈંકડોની ધરપકડ








નવી દિલ્હી : ગુરુવારે નાગરિકતા સુધારા કાયદાના વિરોધમાં ડાબેરી પક્ષો અને સામાજિક સંગઠનો દ્વારા દેશવ્યાપી બંધનું એલાન અપાયું હતું. જેના પગલે દેશના અનેક શહેરોમાં વિરોધ પ્રદર્શનો થયાં હતા. યુપીના લખનઉ અને સંભલમાં દેખાવકારો હિંસા પર ઊતરી આવતાં પોલીસ અને આદોલનકારીઓ વચ્ચે અથડામણો સર્જાઇ હતી. લખનઉમાં થયેલા ગોળીબારમાં એક વ્યક્તિનું મોત થયું હતું અને એક પોલીસ કર્મી સહિત ૩ને ઈજા પહોંચી હતી. જોકે આ મોત પોલીસના ફાયરિંગમાં થયાં કે ખાનગી ફાયરિંગમાં તે હજુ સ્પષ્ટ થયું નથી. કર્ણાટકના મેંગલોરમાં પોલીસ મથક પર હુમલો કરી તોફાને ચડેલા ટોળાને વિખેરવા પોલીસે કરેલા ગોળીબારમાં બેનાં મોત થયાં હતાં. શહેરના પાંચ પોલીસ મથક વિસ્તારોમાં કરફ્યૂ લદાયો હતો.

લખનઉના હજરતગંજ વિસ્તારમાં હિંસક બનેલા ટોળાઓએ સંખ્યાબંધ સ્થળોએ તોડફોડ કરી હતી. ટોળાએ મદેયગંજ પોલીસ ચોકી પર હુમલો કરીને સંખ્યાબંધ વાહનોને આગ ચાંપી દીધી હતી. લખનઉના ઘણા વિસ્તારોમાં લોકોના ટોળાઓ સડકો પર તોફાને ચડયાં હતાં અને પોલીસ પર ભારે પથ્થરમારો ચલાવ્યો હતો. ઠાકુરગંજ વિસ્તારમાં સતખંડા પોલીસ ચોકીને આગ ચાંપી દેવાઈ હતી. પ્રેસ ક્લબ નજીક ટોળાએ ટીવી ચેનલોની ચાર ઓબીવાનને આગને હવાલે કરી હતી. લખનઉ શહેરના ૨૨ મેટ્રો સ્ટેશન બંધ કરાવી દેવાયાં હતાં. યુપીના સંભલ શહેરમાં પણ સડકો પર તોફાને ચડેલાં ટોળાએ રાજ્ય પરિવહનની ચાર બસોને આગ ચાંપી દીધી હતી. કેરળમાં ગુરુવારે ડેમોક્રેટિક યુથ ફેડરેશનના સેંકડો કાર્યકરોએ ગુરુવારે કાયદાના વિરોધમાં રાજભવન સુધી કૂચ કરી હતી. કર્ણાટકમાં ગુરુવારે ઠેર ઠેર વિરોધ પ્રદર્શનો યોજાયાં હતાં. બેંગ્લુરૂમાં પોલીસે ઈતિહાસકાર રામચંદ્ર ગુહા સહિત ૧૦૦થી વધુની ધરપકડ કરી હતી.

વધુ અહેવાલ પેજ નંબર VIII ,૧૪ પર

ખ્રિસ્તી બંધુઓને સ્વદેશ પરિવાર તરફથી નાતાલ પર્વની હાર્દિક શુભેચ્છા

Need mortgage financing?
Look no further. Let me make it happen.
RBC Royal Bank
BHAVIN PATEL
Mobile Mortgage Specialist
Royal Bank of Canada
bhavin.patel@rbc.com
mortgage.rbc.com/bhavin.patel
Cell: 647-502-8069
Fax: 416-253-9461
Serving Greater Toronto Region

RE/MAX CROSSROADS REALTY INC. Brokerage
maazabowath.com
MAAZ ABOWATH
Sales Representative ABR, SRS
Direct: 416.893.3002
maazabowath@gmail.com
THINKING OF BUYING OR SELLING?
Residential | Business | Investment

Jack Filled Foreign Exchange Inc.
India થી રૂપિયા મંગાવવા
અને
India રૂપિયા મોકલવા
માટેનું જૂનું અને જાણીતું નામ :
Call Zakirbhai
416-901-9995, 416-439-9995

SUPER VISA INSURANCE
Get Full REFUND if visa is declined
Get partial refund if parents leave early*
*conditions apply.... Ask NOW for a free quote..
Sanjiv Puri
Insurance Broker
Ph.: 416-890-3232
Email: sanjivpuri@rogers.com
StarLife Insurance & Investments Inc.
www.starlifeinsurance.ca
LIFE INSURANCE I FUNERAL INSURANCE I MORTGAGE INSURANCE I CRITICAL ILLNESS INSURANCE I DISABILITY INSURANCE
SUPER VISA INSURANCE I INSURANCE FOR VISITORS / NEW IMMIGRANTS I RESP I ESTATE PLANNING I RRSP I RETIREMENT PLANNING

એકવાર પધારો, દિલ ખશ ના થઈ જાય તો કહેજો
Ashok Jewellers
સોનાની બંગડીઓ, ચેઈન, બુટ્ટીઓ,
લગ્ન પ્રસંગે પહેરવાના દાગીના...
પોતાનું વિશાળ બિલ્ડીંગ અને પેઢી દર પેઢીનો અનુભવ
દરેક પ્રકારની ડાયમંડની જવેલરીની વિશાળ શ્રૃંખલા...
Authorised dealer of RADO Watches
7198 Airport Road Malton, Ontario, L4T 2H3
Tel: 905 671 4290 Fax : 905 671 1190
Email: raju1234@aol.com
www.ashokjewellers.ca

Residential
New Condos
Investments
Commercial
દુઆમાં યાદ રાખશો
Zakir Patel
Broker
Cell: 416-561-7973
Office : 416-287-2222
RE/MAX COMMUNITY Realty Inc., Brokerage
Inderpendently Owned and Operated
1265, Morningside Ave. #203
Toronto, ON M1B 3V9
Email : patelzakir82@gmail.com

છેલ્લા ૪૪ વર્ષથી ટોરાન્ટોની સર્વ પ્રથમ ગુજરાતી ટ્રાવેલ એજન્સી. ૪૪ વર્ષથી ગુજરાતી પ્રજા અને ગુજરાતી ભાષા અમારી સફળતા માટે યશભાગી છે. દિલથી આપની અમે ખૂબજ આભાર માનીએ છીએ. હવાઈ મુસાફરી ની ટીકીટ માટે અમારા ભાવ ટોરાન્ટોમાં ખૂબજ આકર્ષક છે અજમાવી જુઓ... આપને આનંદ થશે.
Ashok Travels 416-977-9896 અશોક ટ્રાવેલ્સ ૪૧૬ ૯૭૭ ૯૮૯૬
Thank you for your continued support since last 44 years. We are glad to be your family travel agency and we feel proud to serve three generations with most competitive prices and excellent service.
www.ashoktravel.com
Ashok Travels Serving your travel needs in Canada since 1973
TICO # 1486999 238 Gerrard St. East, Suite 100 Toronto, ON M5A 2E8

Save Up to 30% on your Auto Insurance
Save when you combine your Home and Auto Insurance
Desjardins Insurance
Call us today : (416) 431-6800
Li Chen Insurance and Financial Services Inc.
123-1200 Markham Road, Scarborough ON M1H 3C3
li.chen@desjardins.com - www.InsureOntario.ca
Auto • Home • Life • Business

S&S LAWYERS LLP
• Real Estate
• Litigation
• Wills and Estates
• Affidavit and Power of Attorney
• Notarization
• Family Law
• Corporation / Commercial Transactions
• Franchise Closing
Avni Shah
B.A., JD
Barrister & Solicitor
ashah@sslawyers.ca
Tel : 416-818-4000
Fax : 416-740-4002
1780 Albion Road, Unit # 8, Toronto Ontario M9V 1C1

Life Insurance, Critical Illness, Income Protection Plan (Disability Insurance), Travel Insurance/Super Visa Insurance, Mortgage Insurance, Non Medical Insurance Investments, RESP, RRSP, RRIF,TFSA, ANNUITY.
WE PROVIDE BETTER RATE FOR SUPER VISA INSURANCE



SECURING YOUR FAMILY'S FUTURE
CAN YOUR FAMILY AFFORD TO BE UNINSURED?
MAKE AN APPOINTMENT TODAY FOR YOUR FINANCIAL NEEDS



Jay Gandhi
Financial Advisor
647.894.5727
jaygandhi1102@gmail.com
www.jayfinancial.ca

The North Star Insurance Inc.
For all your Insurance & Investment needs
Visitors Insurance
Super Visa Insurance
Travel Insurance
Protect Yourself, your family, investment & your valuable assets through
Life Insurance
Critical Illness Insurance
Disability Insurance
Supplemental Health Insurance
Make your investment plans, MEANINGFUL
Guaranteed Investment Funds
Tax Free Saving Account
Reg. Ed. Saving Plan
Reg. Retirement Plans
NO Medical Life Insurance Plans - up to $750,000.
HARD TO INSURE? YOU CAN BE COVERED!
Call today for a free no obligation quote



Jagdish Patel
(President, insurance Advisor)
647-470-1673
northstar.inc19@gmail.com
Hiring new & experienced insurance advisor
- Better Commission package
- Weekly product training
- One on one basis support
- Full flexibility

# વિદેશ મંત્રાલયના સંસદીય સચિવ તરીકે રોબ ઓલીફન્ટની નિમણૂંક




- **કેનેડાના હિતો તથા મૂલ્યોને જાળવવા પ્રયાસરત રહેવાની ઓલીફન્ટની ખાતરી**

ઓટ્ટાવા : વડાપ્રધાન જસ્ટિન ટુડોએ ડોન વેલી વેસ્ટ વિસ્તારના સંસદ સભ્ય રોબ ઓલીફંટની વિદેશ મંત્રાલયમાં સંસદીય સચિવ તરીકે નિમણુંક કરી હતી. હોદ્દાનો સ્વીકાર કરતા ઓલીફન્ટ જણાવ્યું હતું કે, મને આદરણીય ફ્રેન્કોઈસ, ફિલિપ, શેમ્પેઈનની સાથે કામ કરવાની તક મળી છે. તે મારા માટે ગૌરવની વાત છે. મેં અગાઉના વિદેશ મંત્રી ક્રિસ્ટીયા ફ્રીલેન્ડ સાથે મે, ૨૦૧૯ સુધી સંસદીય સચિવ તરીકે કામ કર્યું છે અને હવે એ કામ હું ચાલુ રાખીશ.

હું શેમ્પેઈનને પડકારરૂપ કાર્યક્રમોમાં મદદરૂપ થવામાં અને વિશ્વભરમાં કેનેડા તરફથી રચનાત્મક નેતૃત્વ પૂરું પાડવા અને કેનેડાના હિતો તથા મૂલ્યોને જાળવવા માટે મદદરૂપ થવાના પ્રામાણિકપણે પ્રયત્નો કરીશ. રોબ ઓલીફન્ટ વર્ષ ૨૦૦૮માં પહેલી વખત સંસદ તરીકે ચૂંટાઈ આવ્યા હતા, અને તેના પહેલા સમયકાળ દરમિયાન સ્ટેન્ડિંગ કમિટીઝ ઓફ વેટરન્સ અફેર, પબ્લિક સેફટી એન્ડ નેશનલ સિકયુરિટી તેમજ સિટિઝનશીપ એન્ડ ઈમિગ્રેશન વિભાગોમાં કામ કરી ચુક્યા હતા.

વધુમાં તેમણે વેટરન્સ અફેર્સ અને મલ્ટી કલ્ચરાલિઝમ માટે સત્તાવાર વિરોધપક્ષના ટીકાકાર તરીકે પણ સેવા આપી હતી.

૨૦૧૫માં ફરીથી ચૂંટાઈ આવ્યા બાદ સ્પેશિયલ જોઈન્ટ કમિટી ઓન ફીજીશીયન એસિસ્ટેડ ડાઈંગમાં સહ-અધ્ક્ષ તરીકે અને સ્ટેન્ડિંગ કમિટી ઓન પબ્લિક સેફટી એન્ડ નેશનલ સિકયુરિટીના અધ્યક્ષ તરીકે સેવા આપી હતી. તેમણે આ સમિતિ માટે રાષ્ટ્રીય સલામતી બાબતનો અભ્યાસ કરી સરકારને કેટલીક મહત્વની ભલામણો કરી હતી.

હાલમાં તેઓ સ્ટેન્ડિંગ કમિટી ઓન સિટિઝનશીપ એન્ડ ઈમિગ્રેશનના અધ્યક્ષ તરીકે ફરજ બજાવી રહ્યા છે. અને તેઓ શરણાર્થી તથા વૈશ્વિક વસાહતીના પુનર્વસન માટે પડકારૂપ કામમાં યોગદાન આપી રહ્યા છે.

વધુમાં તેઓ છેલ્લા ત્રણ વર્ષથી કેનેડા-આફ્રિકા પાર્લામેન્ટરી એસોશિયેસનના સહ-અધ્યક્ષ છે અને મેમ્બર્સ ઓફ પાર્લામેન્ટ એન્ડ સેનેટરના સભ્ય તરીકે એક ડઝનથી વધુ આફ્રિકન દેશોનો પ્રવાસ કરી ચુક્યા છે.

વ્યાજબી ભાડું... શ્રેષ્ઠ સેવા... વર્ષોનો અનુભવ
Travel Services
દુનિયા જુઓ અમારી નજરથી....
Lowest & Special Fares to:
Ahmedabad / Vadodara / Mumbai & Delhi
Air Ticket
Cruises
Vacation Packages
Insurance



Diptesh Patel
Tel: 905 790 8989
Dir: 647 409 2976
2565 Steeles Ave E, Unit # 20, Brampton, ON L6T 4L6
Fax: 905 790 8686
tico.ca 50018836
travelservices14@gmail.com
travelservices12@yahoo.com
ETIHAD AIRWAYS Emirates KLM AIR INDIA AIR CANADA BRITISH AIRWAYS







# કેનેડામાં ઘરખર્ચ માટે થતાં દેવામાં ૩૧% નો વધારો : સરવેનું તારણ



**• કેનેડીયનોએ ૨૦૧૭ બાદ જુલાઈ અને સપ્ટેમ્બરના ત્રિ-માસિક ગાળામાં સૌથી વધારે એટલે કે ૨૮.૫ બિલિયન ડોલરનું દેવું કર્યું**

મોન્ટ્રિયલ : એક દાયકાના આર્થિક સંકટ છતાં અન્ય ઉપભોક્તાઓ દેવું કરતા અટકતા નથી. પરિણામે કેનેડીયનોના પારિવારિક દેવામાં જંગી વધારો થવાની શક્યતા છે. નીતિ નિર્ધારકો પરિવાર તરફથી વધતા જતા દેવા પર નિયંત્રણ લાવવાના પ્રયત્ન કરી રહ્યા છે. પરંતુ વ્યાજના દરમાં થતા ઘટાડાને કારણે ઉપભોક્તાઓનું દેવું ભયજનક રીતે વધી રહ્યું છે.

શુક્રવારે સ્ટેટેટિકસ કેનેડાના જણાવ્યા મુજબ ચાલુ વર્ષના બીજા અને ત્રીજા ત્રિ-માસિક ગાળામાં ઘરખર્ચ માટે લેવામાં આવતી લોનમાં ૩૧.૪% નો વધારો થયો છે. કેનેડીયનોએ ૨૦૧૭ બાદ જુલાઈ અને સપ્ટેમ્બરના ત્રિ-માસિક ગાળામાં સૌથી વધારે એટલે કે, ૨૮.૫ બિલિયન ડોલરનું દેવું કર્યું હતું. જયારે કેનેડાનું હાઉસિંગ માર્કેટ પણ તેજીની ટોચ પર પહોંચ્યું છે. ક્રેડિટ લાઈન અને ક્રેડિટ કાર્ડ એમ બંને મારફતે ઉપભોક્તાઓના દેવામાં વધારો થયો છે. સ્ટેટેટિકસ કેનેડાના આંકડા જણાવે છે તેમ કેનેડીયનોએ પોતાના ઘરખર્ચને પહોંચી વળવા ૧૫% જેટલો વિક્રમજનક ખર્ચ કર્યો હતો. બેન્ક ઓફ મોન્ટ્રિયલના ઈકોનીમીસ્ટ પ્રિસિલા ત્યાગમુર્તિએ શુક્રવારે તેની કલાયન્ટ નોટમાં જણાવ્યું હતું કે, આ સમયમાં વધતો જતો ઘરખર્ચ કેનેડાના અર્થતંત્ર પર બોજો વધારવામાં નિર્ણાયક પરિબળ બની ગયો છે. ફેડરલ ઓફિસ ઓફ ધ સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ બેન્કરપ્ટસીના જણાવ્યા મુજબ દેવાનો બોજો વધી જવાને કારણે નાદાર દેવાદારોની ટકાવારીમાં વધારો થયો છે. તેનો અર્થ એ થયો કે, નાદારી અથવા કન્ઝ્યુમર પ્રપોઝલ રજુ કરવાનું પ્રમાણ વધ્યું છે. જે એક દાયકા પહેલાની ભારે મંદી કરતા પણ વધારે છે.

કેનેડીયનોની ખર્ચ કરવા યોગ્ય આવકના પ્રત્યેક ડોલરમાંથી ૧.૭૬ ડોલર દેવું ચુકવવામાં ખર્ચાતો હતો. જે ચાલુ વર્ષમાં વિક્રમજનક સપાટી પર પહોંચી ૧.૭૮ ડોલર થયો છે.



# સેંગરને સજાઃ ન્યાયપ્રણાલિકાની તાકાતનો સત્તાધારીઓને પરચો

## તંત્રી સ્થાનેથી



તંત્રી - પ્રકાશક
સ્વદેશ

ભારતમાં છેલ્લાં દોઢ બે વર્ષથી તો ગેંગરેપના કિસ્સા દર પખવાડિયે પ્રકાશમાં આવી રહ્યા છે. ગત મહિને જ હૈદરાબાદ, બનાસકાંઠા, બિહાર અને યુપીમાં આ પ્રકારના કિસ્સાથી સમગ્ર દેશ હચમચી ઉઠ્યો છે.

આવા સમયે જ બહુચર્ચિત ઉન્નાવ ગેંગરેપ કેસમાં યુપીના ધારાસભ્ય કુલદીપ સેંગરને કોર્ટે દોષિત જાહેર કર્યા છે. આ ઉપરાંત દિલ્હીમાં નવ વર્ષ પહેલા બનેલા નિર્ભયા કેસમાં પણ હવે નરાધમોને ફાંસીની સજા ફટકારાઈ ચૂકી છે. . ઉત્તરપ્રદેશના બહુચર્ચિત ઉન્નાવ ગેંગરેપ કેસમાં ભાજપના ભૂતપૂર્વ ધારાસભ્ય કુલદીપસિંહ સેંગરને દિલ્હીની તીસ હજારી કોર્ટે દોષિત ઠરાવ્યાં છે. સેંગરને રેપ અને અપહરણના કેસમાં કોર્ટે દોષી માન્યા છે. આ સાથે જ કોંગ્રેસથી લઈને સમાજવાદી પાર્ટી, બહુજન સમાજ પાર્ટી અને છેવટે ભાજપમાં સ્થાન જમાવનાર સેંગરની રાજકીય કારકિર્દી પર પૂર્ણવિરામ મુકાઈ ગયું છે. ઉલ્લેખનીય છે કે, સેંગરને પોક્સો એક્ટ હેઠળ ગુનેગાર જાહેર કરાયા છે. યુપીમાં ૨૦૧૭માં ૪ જૂન મહિનામાં ઉન્નાવની એક સોળ વર્ષીય છોકરીએ ભાજપ ધારાસભ્ય કુલદીપસિંહ સેંગર અને તેમના સાથીદારો સામે બળાત્કારનો આરોપ મૂક્યો હતો. પરંતુ આ મામલો સામે આવ્યા બાદ એ છોકરી જ ગાયબ થઈ ગઈ હતી. એ પછી તેના પરિવારે પોલીસમાં ફરિયાદ નોંધાવી. ફરિયાદ નોંધાવ્યાના ૯ દિવસ બાદ પીડિતા ઔરેયા જિલ્લાના એક ગામમાં મળી જ્યાંથી તેને ઉન્નાવ પરત લાવવામાં આવી. પોલીસે એ વખતે તેને કોર્ટમાં રજૂ કરી અને તેનું નિવેદન નોંધ્યું હતુ. પીડિતાએ પોલીસ ઉપર પણ આરોપ મૂક્યો કે, તેને પોતાના નિવેદનમાં ભાજપના ધારાસભ્યનું નામ ન લેવા માટે દબાણ કરાયું હતુ.

આ વાતને દસ દિવસ પછી પીડિતાનો કબજે તેના પરિવારજનોને સોંપી દેવાયો. પરંતુ તે પછી પણ પીડિતાએ સતત પોલીસ ઉપર દબાણ સર્જવાના આરોપ મૂકયા. ભારે દબાણને કારણે પીડિતાના પરિવારે ઉન્નાવ છોડીને દિલ્હીમાં રહેવાનું પસંદ કર્યું, પરંતુ પીડિતા પોતાની ફરિયાદ મુખ્યમંત્રીથી લઈને રાજ્યના તમામ વરિષ્ઠ અધિકારીઓને મોકલતી રહી હતી. જેથી આરોપી ધારાસભ્ય કુલદીપસિંહ સેંગર અને તેમના ભાઈ અતુલ સેંગર વિરુદ્ધ કેસ દાખલ થાય. પરંતુ ક્યાંયથી પ્રતિસાદ મળતો ન હતો. આખરે પીડિતાએ છેવટે મુખ્ય ન્યાયિક મેજિસ્ટ્રેટનો દરવાજો ખટખટાવ્યો કે, આ મામલે એફઆઈઆર દાખલ કરવામાં આવે. એ પછી ત્રીજી એપ્રિલે પીડિતાની માતાની અપીલ સંદર્ભે કોર્ટમાં સુનાવણી હાથ ધરાઈ. સુનાવણીમાં હાજરી આપવા માટે પીડિતાનો પરિવાર ઉન્નાવ પરત ફર્યો. પીડિતાના પરિવારજનોના આરોપ મુજબ એ જ સાંજે આરોપી ભાજપ ધારાસભ્ય કુલદીપસિંહ સેંગરના ભાઈ અતુલ સેંગરે પોતાના સાથીદારો સાથે મળીને પીડિતાના પિતાને હેરાન કર્યા હતા. એ પછી પીડિતાના પિતા ઉપર ગેરકાયદેસર હથિયાર રાખવાનો આરોપ મૂકીને પોલીસે તેમની ધરપકડ પણ કરી. આટલું ઓછું હોય તેમ એ પછી પાંચમી એપ્રિલે પીડિતાના પિતાને જેલમાં ધકેલી દેવાયા. પીડિતાના પિતાએ વિધાનસભ્યના ભાઈ સામે મારપીટ કરવાનો અને તેમને ખોટા કેસમાં ફસાવવાનો આરોપ મૂક્યો, પરંતુ તેમની ફરિયાદ કાને ધરવામાં ન આવી. એ પછી પીડિતાએ લખનૌમાં મુખ્યમંત્રીના નિવાસસ્થાન સામે આત્મવિલોપન કરવાનો પ્રયાસ કર્યો. પીડિતાએ ભાજપના વિધાનસભ્ય કુલદીપસિંહ સેંગર સામે એફઆઈઆર દાખલ કરવાની માંગ પણ ચાલુ રાખી હતી. આ તમામ ઘટનાક્રમમાં વળાંક ત્યારે આવ્યો જ્યારે નવમી એપ્રિલે પોલીસ કસ્ટડીમાં પીડિતાના પિતાનું મૃત્યુ થઈ ગયું. આ ઘટનામાં પીડિતાના પિતાને કુલદીપ સિંહ સેંગરના ભાઈ અતુલસિંહ અને તેમના માણસોએ ઢોર માર માર્યો હોવાનો આરોપ પણ મુકાયો. જો કે, પોલીસે ઉલટાનું આ મામલામાં પીડિતાના પિતા ઉપર જ આર્મ્સ એક્ટ અંતર્ગત કેસ નોંધ્યો અને ધરપકડ કરી હોવાનું જણાવ્યું. સાથે જ તેમની સાથે મારપીટ કરનારા સામે કોઈ પગલાં ન લેવાયા. પીડિતાના પિતાના મૃત્યુ બાદ ભારે હોબાળો મચતા છેવટે છ પોલીસકર્મીઓને સસ્પેન્ડ કરી દેવાયા. જ્યારે મારપીટની ઘટના સંદર્ભે ચાર આરોપીઓની ધરપકડ કરાઈ.

આ કેસમાં વધુ ગંભીરતા ત્યારે આવી જ્યારે પીડિતાના પિતાનો પોસમોર્ટમ રિપોર્ટ બહાર આવ્યો. આ પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં હત્યાનું તારણ નીકળતા જ પોલીસ ગભરાઈ ગઈ. આખરે પોલીસે ધારાસભ્યના ભાઈની પણ ધરપકડ કરી, એક રેપ કેસમાં અવાજ ઉઠાવનાર પીડિતાએ કદાચ વિચાર્યું પણ ન હોય તે તેને આટલી હેરાનગતિ કરાશે. જો કે, હેરાનગતિનો સિલસિલો આટલેથી અટક્યો ન હતો. ૨૦૧૯ના જુલાઈ મહિનામાં પીડિતા પોતાના જેલમાં બંધ ભાઈને રાયબરેલી મળવા ગઈ ત્યારે તેની કારને એક ટ્રકે ટક્કર મારી હતી. જેમાં પીડિતાના કાકી, માસીના મૃત્યુ નીપજ્યાં અને પીડિતા ગંભીર રીતે ઈજાગ્રસ્ત થઈ. મહિનાઓની સારવાર બાદ છેવટે તે બચી તો ગઈ પરંતુ તેના આ અકસ્માત પાછળ પણ કુલદીપ સેંગરનો જ હાથ હોવાની વાત ચગી હતી. ખુદ પીડિતાએ અગાઉ ફરિયાદ કરી હતી કે, તેને જાનથી મારી નાખવાની ધમકીઓ મળી રહી છે. અકસ્માતના સંજોગો જોતાં પણ એવું પ્રતીત થતું હતું કે, પીડિતા અને તેના પરિવારજનોને જાનથી મારી નાખવાનું કાવતરું ઘડવામાં આવ્યું છે. છેવટે ભારે હોબાળો થતાં ઉત્તરપ્રદેશની યોગી સરકાર આ મામલે સીબીઆઈ તપાસ માટે તૈયાર થઈ હતી. આ મામલે ઉહાપોહ વધતા છેવટે ઉત્તરપ્રદેશની યોગી આદિત્યનાથ સરકારે સમગ્ર મામલો સીબીઆઈને સોંપ્યો. સીબીઆઈએ દાખલ કરેલી ચાર્જશીટમાં આરોપી તરીકે કુલદીપસિંહ સેંગરનું નામ હતું. તો બીજી ચાર્જશીટમાં પીડિતાના પિતાને કથિત રીતે ફસાવવા માટે કુલદીપસિંહ સેંગર, તેમના ભાઈ, ત્રણ પોલીસ અને પાંચ અન્ય લોકોના નામનો ઉલ્લેખ કરાયો હતો.

દરમિયાન પીડિતાના પિતાની કથિત હત્યાના એક સાક્ષીનું શંકાસ્પદ પરિસ્થિતિમાં મૃત્યુ નીપજ્યું અને પોસ્ટમોર્ટમ કર્યા વિના ઉતાવળે જ તેની લાશ દફનાવી દેવાઈ. સેંગરને આજે બળાત્કારના કેસમાં દોષિત જાહેર કરી દેવાયા છે. આમ સત્તાની તાકાત સામે ન્યાયિક પ્રણાલિકાએ પોતાની તાકાતનો પણ પરચો બતાવ્યો છે. જો કે, વિડંબણા હવે એ છે કે, દેશમાં દર કલાકે ૪૦થી પણ વધારે મહિલાઓ પર થતા અત્યાચાર અંગેના ગુના નોંધાઈ રહ્યા છે. ત્યારે કાયદો બનાવનારાઓમાં જ ૭૬ જણા એવા છે જેમના પર મહિલાઓ વિરુદ્ધ અપરાધના આરોપ લાગેલા છે. તાજેતરમાં જ એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ (એડીઆર)ના એક રિપોર્ટમાં ઘટસ્ફોટ થયો છે કે, ઓછામાં ઓછા ૭૬ સાંસદો અને ધારાસભ્યો વિરુદ્ધ મહિલાઓ વિરુદ્ધ અપરાધના કેસ છે. જો આ નેતાઓના રાજકીય પક્ષોની વાત કરવામાં આવે તો એમાં સૌથી વધારે ભાજપના ૨૧ સાંસદ અને ધારાસભ્યો એવા છે જેમની સામે મહિલાઓ વિરુદ્ધ મામલા નોંધાયેલા છે. તો કોંગ્રેસ બીજા નંબરે છે અને તેના ૧૬ સાંસદ કે ધારાસભ્યો સામે મહિલાઓ વિરુદ્ધ અપરાધના મામલા

**અનુસંધાન પેજ નં. ૧૫**

મનોજ ગાંધી
manoj1968@yahoo.ca

ઓછામા ઓછા ભાડાની ખાતરી આપતું એક માત્ર ટ્રાવેલ્સ
સસ્તી ટિકીટો અને સરસ સેવા માટે કાયમ નંબર વન
Rank One Travels & Tours
www.rankonetravels.com
LOWEST FARES GUARANTEED
SPECIAL SEAT SALE
એર ઈન્ડિયાની ફ્લાઈટમાં સૌથી સસ્તા દરે મુસાફરી



FARES TO
MUMBAI, AHMEDABAD, VADODRA, KOLKATA, DELHI, BANGALURU, CHENNAI, HYDERABAD
AIRTRAVEL - HOTEL - VACATION PACKAGES
CRUISES - INSURANCE
CALL US TODAY!
905.672.5300 I 1-866.929.5300
Email: rajesh@rankonetravels.com
49, Hillcrest Avenue, Unit - 203, Brampton L6W 4V4
tico.ca LIC: 50021002
CLIA CRUISE LINES INTERNATIONAL ASSOCIATION, INC.

ThermEnergy Heating & Cooling
WWW.THERMENERGY.CA
Need New Furnace ?
With free 10 years protection [Parts + Labor]
1 year free supply of filters.
Up to $850 rebate from government
Starts from only. $2650 + Tax



CALL US FOR FREE CONSULTATION 647-785-9255
IS YOUR HEATING SYSTEM READY FOR WINTER??
Get your furnace tune up for only $89.99
Unit#26, 151 Nashdene Rd, Scarborough, ON M1V4C4
416-335-9255 I 647-785-9255
info@thermenergy.ca Website : www.thermenergy.ca

# SkyRoute
## TRAVEL SERVICES INC.



AIR CANADA
QATAR AIRWAYS القطرية
Lufthansa
Emirates
ETIHAD AIRWAYS الاتحاد

| | | |
|---|---|---|
| AHMEDABAD | → | $1159 |
| DELHI | ← | $999 |
| VADODARA | → | $1199 |
| MUMBAI | ← | $989 |

24

*Niket Zala - Ext. 504*
*Ekta Jadav – Ext. 411*
*Aswin Patel – Ext. 509*
*Naved Khan – Ext. 507*
*Jasleen Walia – Ext.550*
*Yogesh Chavda – Ext. 508*

અમે ગુજરાતી બોલીએ છીએ

*Vasu Govind – Ext. 328*
*Mitesh Shrimali – Ext. 506*
*Shital Jaiswal – Ext. 406*
*Shashi Shukla – Ext. 511*
*Gaurang Makwana - Ext. 505*

CONSUMER PROTECTION BC
IATA
tico.ca
Travel Industry Council of Ontario
Reg: 4488805 / 4652780

contact@skyroutetravel.com
www.buymytrip.com
106 - 1200 Markham Rd, Toronto, ON , M1H 3C3

**416-439-4000**
Toll Free 1-877-go to sky

*we will beat any advertized fares by 10% of the difference*

**OFFICE IN AHMEDABAD**
SKYROUTE TRAVEL SERVICES (PVT) LTD.
B/709, Titanium City Center, 100 Ft.
Prahaladnagar Road
Satellite, Ahmedabad-380 015

**SPECIAL FARES FROM**
Edmonton, Calgary, Ottawa,
Montreal, Regina, Winnipeg,
Vancouver, Fort Mcmurray

*Fares are subject to availability, from the lowest inventory, taxes included, Return fare from Toronto, may be withdrawn by the airlines without prior notice, Conditions apply.*

# રિબેટ બંધ થતા ઓન્ટેરિયોમાં ઈલે. કારનું વેચાણ ઘટ્યું

## પ્રથમ છ મહિનામાં ઈલેક્ટ્રિક કારના વેચાણમાં વર્ષ ૨૦૧૮ કરતા ૫૫%નો ઘટાડો

ટોરન્ટો : પ્રોગ્રેસિવ કન્ઝર્વેટિવની સરકારે ગત વર્ષે ઈલેક્ટ્રિક વાહનો પર આપવામાં આવતું વળતર બંધ કર્યું હતુ તેથી ઓન્ટેરિયોમાં હવે ઈલેક્ટ્રિક કારના વેચાણને અસર થઈ હતી અને રાષ્ટ્રીય લક્ષ્યાંક સિદ્ધ કરવા આડે એક નવો અવરોધ ઉભો થયો હતો. આ વર્ષના પ્રથમ છ મહિનામાં ઓન્ટેરિયો ખાતે ઈલેક્ટ્રિક કારના વેચાણમાં વર્ષ ૨૦૧૮ના સમાન સમયમાં થયેલા વેચાણ કરતા ૫૫%નો ઘટાડો થયો હતો એમ ઈલેક્ટ્રિક મોબિલિટી કેનેડાના આંકડા દર્શાવે છે.



આ વર્ષના બીજા ત્રિ-માસિક ગાળા દરમિયાન ૨૯૩૩ ઈલેક્ટ્રિક વાહનો વેચાયા હતા. જે ગયા વર્ષના આ જ સમયગાળા કરતા ૭૧૧૦ ઓછા હતા. ઓન્ટેરિયો એક જ એવું રાજ્ય છે કે, જ્યાં ઈલેક્ટ્રિક વાહનોના વેચાણમાં કોઈ વાર્ષિક વધારો જોવા મળતો નથી. ક્યૂબેક અને બ્રિટિશ કોલંબિયા જેવા રાજ્યોમાં વળતર આપવા માટેની પોતાની અલગ નીતિ છે. તેથી આ રાજ્યો ઈલેક્ટ્રિક વાહનોના વેચાણમાં આગળ પડતા રહે છે. જયારે ઓન્ટેરિયોમાં આર્થિક રાહતના અભાવના કારણે ઈલેક્ટ્રિક વાહનોના વેચાણમાં વધારો થતો નથી. આ અગાઉની સરકારે ઓન્ટેરિયોમાં ઈલેક્ટ્રિક વાહનો ખરીદનારને ૧૪૦૦૦ ડોલર સુધી વળતર આપ્યું હતું. પરંતુ જૂન ૨૦૧૮માં ચૂંટણીમાં વિજયી થયેલા પ્રીમિયર ડગ ફોર્ડની સરકારે રિબેટ આપવાનું બંધ કર્યું હતું અને જણાવ્યું હતું કે, લોકો મોંઘી કાર ખરીદવાની શક્તિ ધરાવે છે. તેથી આ મદદની જરૂરત નથી. પરિણામે ઓન્ટેરિયોમાં આવા વાહનોનું વેચાણ મોટા પ્રમાણમાં ઘટ્યું હતું.

કેન્દ્ર સરકાર તરફથી ૫૦૦૦ ડોલરની સહાય મંજુર કરાતા વેચાણમાં વધારો થયો હતો.પરંતુ ઈલેક્ટ્રિક વાહનોમાં રાષ્ટ્રીય ધોરણે વેચાણનું પ્રમાણ ૩.૫% છે. જે કેન્દ્ર સરકારના લક્ષ્યાંક કરતા ઘણું ઓછું છે. કેન્દ્ર સરકાર કેનેડામાં વર્ષ ૨૦૨૫ સુધીમાં ૧૦% ઈલેક્ટ્રિક વાહનોનું વેચાણ થાય એવું લક્ષ્યાંક ધરાવે છે. ઈલેક્ટ્રિક મોબિલિટી ઓફ કેનેડાના અલ કોર્મિયરે જણાવ્યું હતું કે, આ સ્થિતિ જોતા કેંદ્ર સરકાર માટે રાષ્ટ્રીય લક્ષ્યાંક પૂરો કરવાનું કામ પડકારજનક બની રહેશે.

# એડમન્ટનમાં પોલીસ ઉપર હુમલો કરનારને ૨૮ વર્ષની જેલની સજા

એડમન્ટન : ભારે વાહન સાથે પોલીસ અધિકારી ઉપર હુમલો કરી ચાર રાહદારીઓને વાહન અથડાવી ઈજા પહોંચાડવા બદલ એક આરોપીને ૨૮ વર્ષની જેલની સજા ફટકારાઈ છે. ૨૦૧૭ના સપ્ટેમ્બરમાં યોજાયેલી એક ફૂટબોલ સ્પર્ધામાં ૩૨ વર્ષીય અબ્દુલાહી હસન શરીફને એક પોલીસ કોન્સ્ટેબલ માઈક ચેરનીક પર ભારે વાહનથી હુમલો કરવા અને ચાકુથી અનેક ઈજાઓ પહોંચાડવા બદલ ૧૮વર્ષની જેલની સજા સંભળાવવામાં આવી હતી.

શુક્રવારે કોર્ટ ઓફ કવીન્સના જસ્ટિસ પોલ બેલ્ઝિલે સજા સંભળાવતા કહ્યું હતું કે, કોન્સ્ટેબલનું મોત ના થયું કે ગંભીર ઈજાઓ ના થઈ તે એક ચમત્કાર છે. પરંતુ તેથી ગુનાની ગંભીરતા ઓછી થતી નથી. આ બનાવ વિચિત્ર અને અસાધારણ પ્રકારનો છે. ટ્રાયલ દરમિયાન ચેરનીકે જણાવ્યું હતું કે, એડમન્ટન એસ્કિમો દ્વારા યોજાયેલી એક રમત દરમિયાન હું ટ્રાફિક પોઈન્ટ પર ફરજ બજાવી રહ્યો હતો. ત્યારે એક ભારે વાહન મારી સાથે અથડાયું હતું અને હું નીચે પડી ગયો હતો. દરમિયાનમાં મેં જોયું કે, પળવારમાં આરોપી મારી ઉપર ચઢી બેઠો હતો અને ચાકુથી એક પછી એક વાર કરી રહ્યો હતો અને તે પછીથી નાસી છૂટ્યો હતો. આ વાહને શહેરના નીચાણવાળા વિસ્તારમાં રાહદારીઓને અડફેટે લીધા હતા. જજે પોલીસના જાપ્તામાંથી નાસી જવા અને રાહદારીઓને ઈજા પહોંચાડવા બદલ શરીફને ૧૦ વર્ષની વધુ સજા ફટકારી છે.

આમ આ આરોપીને પોલીસ અધિકારી પર હુમલો કરવા અને રાહદારીઓને પોતાના વાહનથી ઈજા પહોંચાડવા બદલ કુલ ૨૮ વર્ષની સજા ફટકારતા ન્યાયાધીશ બેલ્ઝિલે જણાવ્યું હતું કે પોલીસના જાપ્તામાંથી નાસી છૂટવાનો ગુનો હવે શહેરમાં આતંક મચાવવો,પોલીસને ખતરામાં મુકવી તથા ગંભીર પરિસ્થિતિ સર્જવાના ગુનામાં ફેરવાઈ ગયો છે.






# ગોવર્ધનથાળ



## સ્વાદિષ્ટ શુદ્ધ શાકાહારી ગુજરાતી ભોજન



Limited થાળી (with sweet & Farsan) **$8.00 +Tax**

Limited થાળી (without sweet & Farsan) **$6.50 +Tax**

All you can eat Buffet (12.00 Noon to 9.00 p.m.)

**$12.99 (M-T) / $14.99 (F-S)**

**CATERING SPECIAL**
**$ 6.99 10 items**
Sweet, Farsan, Subji, Kathor, Puri, Dal, Rice Papad, Pickle, Kachumber

મેરેજ, કેટરીંગ સ્પેશ્યલ $ 10 PP

**Largest Gujarati Vegetarian Buffet in Canada**

Call us for details

૯૪૦, મારખમ રોડ, સ્કારબોરો, ઓન્ટેરીયો, કેનેડા, M1H2Y2

ફોન નં: ૪૧૬-૪૩૮-૦૫૪૪

૪૧૬-૪૩૧-૪૩૧૦ / ૪૧૬-૪૩૪-૮૧૨૧

Franchise Opportunity in GTA

રસોઈકામ કરી શકે તેવા બહેનોની જરૂર છે.

---

દેશ–વિદેશથી ટોરન્ટો ભણવા આવતા ગુજરાતી (વેજીટેરીયન) સ્ટુડન્ટ, ભાઈઓ તથા બહેનોની ખાસ સગવડ માટે તુષાર શાહ તથા ગોવર્ધન થાળ શરૂ કરે છે

# ગુજરાત ભવન

જેમાં આપને સ્પેશિયલ રૂમ, શેરીંગ રૂમ, ગુજરાતી વેજીટેરીયન ભોજન, પ્રાઈવેટ બેડ, Wi Fi ઈન્ટરનેટ વગેરે સગવડો આપવામાં આવશે.



**Promotional Price**
**$500**
Per Person / Per Month



Knights Inn & Suites
Every Knight, Just Right®

**Call : Tushar Shah - 416-434-8121**
**ગુજરાત ભવન - 416-913-7184**

**4694 Kingston Road, Scarborough.**

# હીરા ઉદ્યોગમાં મંદીનાં કારણે એક લાખ રત્નકલાકારો બેકાર: ૨૩નાં આપઘાત

- મુખ્યમંત્રી પાસે 'વેદના' સાંભળવાનો પણ સમય નથી
- સરકાર રત્ન કલાકારોની બરબાદીનો તમાસો જોઈ રહી હોવાનો આક્રોશ
- રાજકોટમાં ૨૦મીએ આવનાર શ્રમ-રોજગાર મંત્રી પાસે મંગાશે જવાબ

રાજકોટ- ગુજરાતમાં છેલ્લા ઘણા સમયથી હિરા ઉદ્યોગમાં પ્રર્તી રહેલા મંદીનાં માહોલનાં કારણે એક લાખ રત્ન કલાકારો બેરોજગાર બની ગયા છે. આર્થિકભીંસનાં લીધે ૨૩ હિરાઘસુ કારીગરો આપઘાત પણ કરી ચુકયા છે. છતાં સરકાર તમાસો જોઈ રહી છે... એવો આક્રોશ ગુજરાત ડાયમંડ વર્કર યુનિયને ઠાલવ્યો છે.

ગુજરાત માટે હિરા ઉદ્યોગ હંમેશા મહત્વપૂર્ણ રહ્યો છે. છતાં સરકાર તેની ઉપેક્ષા જ કરતી આવી હોવાનાં કચવાટ સાથે ડાયમંડ વર્કર યુનિયન, ગુજરાતનાં રાજકોટ સ્થિત પ્રમુખ રણમલભાઈ



જીલરીયાએ જણાવ્યું છે કે, હિરા ઉદ્યોગમાં મંદીનાં કારણે સર્જાયેલી ગંભીર સ્થિતિ અને રત્ન કલાકારોનાં પ્રશ્નોની રૂબરૂ ચર્ચા માટે મુખ્યમંત્રી કાર્યાલયને અરજી કરવા છતાં કોઈ જવાબ મળ્યો નથી. મુખ્યમંત્રી કાર્યાલયે ત્રણ મહિના પહેલા પ્રતિનિધિ મંડળ મળવા ગયું હતું, ત્યારે પણ ગલ્લા તલ્લા કરીને મળવા દેવાયા નહોતા. મુખ્યમંત્રી પાસે આ ગંભીર પ્રશ્ન માટે સમય નથી. બાદમાં નાયબ મુખ્યમંત્રીને રૂબરૂ મળીને રજૂઆત કરી હતી, પણ કોઈ કાર્યવાહી થઈ નથી.

ગુજરાતમાં હિરા ઉદ્યોગ ભાંગી પડયો હોવાથી એક લાખ જેટલા રત્ન કલાકારો બેકારીનાં ખપ્પરમાં હોમાઈ ગયા છે. સુરતનાં ૧૬, ભાવનગરનાં ૪ તથા અમરેલી, ખંભાત અને પાલનપુરનાં ૧-૧ મળીને કુલ ૨૩ રત્નકલાકારો બેરોજગારી અને આર્થિક તંગીનાં કારણે આપઘાત કરી ચુકયા છે. જેમના નામ સરનામા અને આપઘાતનાં કારણ સહિતનાં આધાર સાથે પણ સરકારને રજુઆત કરવામાં આવી છે છતાં નિંભર નેતાઓ હજુ રત્ન કલાકારોની બરબાદીનો તમાસો જ જોઈ રહ્યાં છે, જે વ્યાજબી નથી. અંતમાં ઉમેર્યું છે કે, ત્રણ મહિના પહેલા ગાંધીનગર ખાતે શ્રમ અએને રોજગાર મંત્રી મળી શકયા નહીં એટલે તેમના કાર્યાલયમાં વિગતવાર આવેદનપત્ર આપ્યું હતું, પણ કોઈ જ પગલા ભર્યા હોય એવું લાગતું નથી. પરિણામે રાજકોટમાં આગામી તા.૨૦મીએ આવી રહેલા શ્રમ રોજગાર મંત્રી પાસે તેમણે શું કાર્યવાહી કરી? તેનો જવાબ મંગાશે. ૨૩ રત્ન કલાકારોએ આપઘાત કર્યા છે. તેના પરિવારનાં ભરણપોષણની જવાબદારી સરકારની કે હિરા ઉદ્યોગનાં માલિકોની? એનો પણ જવાબ માંગીને આર્થિક સહાય પેકેજ જાહેર કરવા સહિતની માંગણી કરાશે.

# યુએસમાં કડી ભટાસણ ગામના આધેડની ગોળી મારીને હત્યા

- લુટના ઈરાદે આવેલા અજાણ્યા શખસે ફાયરીંગ કર્યુ: અન્ય કર્મચારીઓ અને ગ્રાહકોનો આબાદ બચાવ

મહેસાણા- છેલ્લા એક જ મહિનામાં અમેરિકામાં બનેલી સતત બીજી લુંટની એક ઘટનામાં વધુ એક ગુજરાતી યુવાનનો ભોગ લેવાયો છે. આ પહેલાં કડી અને માણસા તાલુકાના બે આશાસ્પદ યુવકોની લુટના ઈરાદે સ્ટોરમાં ઘુસી આવેલા લુટારૂઓએ ગોળીઓ ધરબી દઈને હત્યા કરી નાંખી હતી. ત્યારબાદ વધુ એક ઘટના બનતાં ભટાસણ ગામમાં આક્રોશ ફેલાયો છે.

કડી તાલુકાના ભટાસણ ગામના વતની નવીનીતભાઈ મણીભાઈ પટેલ ઉ.વ.૪૮ ઘણા વર્ષોથી અમેરિકામાં પોતાના પરિવાર સાથે સ્થાયી થયા હતા. તેઓ અમેરિકાના જયોર્જિયા શહેરમાં આવેલ રશેલ પાર્કવેના એકસપ્રેસ શોપમાં ગેસ સ્ટેશન પર કલાર્ક તરીકે નોકરી કરતા હતા. રવિવારે નવનીત પટેલ પોતાની ફરજ ઉપર હતા. તે વખતે સ્ટોરમાં લુટના ઈરાદે પ્રવેશેલા અજાણ્યા શખસે ઉશ્કેરાઈ જઈને નવનીતભાઈને ગોળીઓ ધરબી દીધી હતી. જેમાં ગંભીર રીતે ઈજાઓ થતાં તેમનું મોત નીપજ્યું હતું. જોકે ઘટના સમયે સ્ટોરમાં રહેલા અન્ય કર્મચારીઓ અને ગ્રાહકોના બચાવ થયો હતો.જેના પગલે તેમની સાથે અમેરિકામાં રહેતા તેમની ધર્મપત્નિ અને પુત્રના માથે આભ ફાટયું હતું. આ ઘટનાની જાણ ભટાસણ ગામમાં થતા ગ્રામજનોમાં શોકની સાથે રોષની લાગણી ફેલાઈ છે.

### એક જ મહિનામાં 3 યુવાનોએ જાન ગુમાવ્યા

અમેરિકાના સાઉથ કેરોલી સ્ટેટના ડેન્માર્ક શહેરમાં આવેલા સ્ટોરમાં નોકરી કરતા કડી તાલુકાના ભટાસણ અને માણસા તાલુકાના ખરણા ગામના કિરણ પટેલ અને ચિરાગ પટેલની લુટના ઇરાદે આવેલા અજાણ્યા શખસોએ ગોળીઓ મારી હત્યા કરી નાંખી હતી. હજુ આ ઘટનાનો પડઘો શમ્યો નથી. ત્યા ભટાસણના વધુ એક યુવાનની હત્યા થતાં આક્રોશ ફેલાયો છે.

# ગુજરાતના ૩૧ જિલ્લામાં નવી ૧૧૮ સરકારી માધ્યમિક સ્કૂલો શરૂ કરાશે

- નવી સ્કૂલો માટે શૈક્ષણિક-બિન શૈક્ષણિક સ્ટાફના પગારખર્ચ માટે ૬.૮૯ કરોડથી વધુના ખર્ચની વહિવટી મંજૂરી આપી

અમદાવાદ : ગુજરાતમાં આદિજાતિ વિસ્તારમાં ૨૪ અને બિન આદિજાતિ વિસ્તારમાં ૯૪ સહિત રાજ્યમાં વિવિધ જિલ્લામાં ૧૧૮ નવી સરકારી માધ્યમિક સ્કૂલો શરૂ કરવા માટે સરકારે પ્રક્રિયા શરૂ કરી છે.જે અંતર્ગત શિક્ષણ વિભાગ દ્વારા વિવિધ પ્રકારના ખર્ચની વહિવટી મંજૂરી માટે ઠરાવ કરવામા આવ્યો છે. સરકારે આ નવી ૧૧૮ સરકારી મા.સ્કૂલોમાં શિક્ષણ સહાયકોની કુલ ૧૭૭ ,વહિવટી સહાયકોની ૧૧૮ અને સાથી સહાયકોની ૧૧૮ નવી જગ્યાઓ ઉભી કરવા માટે ૭ માસના અંદાજિત ખર્ચ પેટે કુલ ૬૮૯.૯૯ લાખની કરવામા આવેલી જોગવાઈને વહિવટી મંજુરી આપવા માટે પ્રક્રિયા કરી છે.કમિશનર ઓફ સ્કૂલ દ્વારા કરાયેલી નવી સ્કૂલોની દરખ્સાતને મંજૂર કરતા સરકારે રાજ્યમા વિવિધ જિલ્લામાં ૧૧૮ સ્કૂલો માટે ઠરાવ કર્યો છે.જે અંતર્ગત બિન આદિજાતિ વિસ્તારમાં ૯૪ સ્કૂલો માટે ૫૪૯.૬૬ લાખ અને આદિજાતિ વિસ્તારમા ૨૪ સ્કૂલો માટે ૧૪૦.૩૩ લાખ ખર્ચને મંજૂરી અપાઈ છે. આ ૧૧૮ સ્કૂલોમાં અમદાવાદ જિલ્લામાં ત્રણ સ્કૂલો છે.જેમાં ધોળકા ,ધંધુકા અને ધોલેરા તાલુકામાં ગલસાણા, ભોળાદ અને કામા તલાવ ખાતે નવી સ્કૂલ શરૂ કરાશે. સૌથી વધુ ભાવનગર, બોટાદ અને દેવ ભૂમિ દ્વારકા જિલ્લાઓમાં છે. આ નવી સરકારી માધ્યમિક સ્કૂલો આગામી શૈક્ષણિક સત્રથી શરૂ કરાય તેવી શક્યતા છે.

# મહેમદાવાદમાં બે બેઠકોની પેટા ચૂંટણી ગુજરાત હાઈકોર્ટે સ્ટે આપતા રદ કરાઈ

અમદાવાદ : ખેડા જિલ્લામાં ત્રણ તાલુકા પંચાયતની ખાલી પડેલી બેઠકો પર પેટા ચૂંટણી યોજાશે તેવી જાહેરાત ચૂંટણી આયોગ દ્વારા કરવામાં આવી હતી.જો કે મહેમદાવાદમાં-૨ બેઠકો પર યોજાનાર ચૂંટણી પર હાઈકોર્ટે સ્ટે આપતા ચૂંટણી રદ થશે.જ્યારે ખેડા જિલ્લામાં એક માત્ર ખેડાની હરીયાળા સીટ પર યોજાનાર ચૂંટણી માટે આજે ભાજપ અને કોગ્રેસ પક્ષોએ ચૂંટણી ફોર્મ ભર્યા હતા. ખેડા જિલ્લાના ખેડા તાલુકાના હરીયાળા-૪ બેઠક પર સા.શૈ. પ.વ.સીટ,જ્યારે મહેમદાવાદ તાલુકાના ખાત્રજ-૧૨ સીટ પર સામાન્ય સ્ત્રી અને માંકવા-૧૪ સામાન્ય સ્ત્રી બેઠક પર પેટા ચૂંટણી તા.૨૯-૧૨-૧૯ રોજ યોજાવાની હતી.જેની સામે ગત રોજ મોડી સાંજે હાઈકોર્ટે મહેમદાવાદ તાલુકાના માંકવા અને ખાત્રજ સીટ પર ગેરલાયક ઠેરવેલ વિકાસ કમિશનરના હુકમ સામે મનાઈ હુકમ કર્યા છે. પ્રાપ્ત વિગતો અનુસાર મહેમદાવાદ તાલુકા પંચાયતમાં આશરે ૨.૫ વર્ષ પહેલા ભાજપના બે મહિલા સભ્યો કોગ્રેસમાં જોડાયા હતા.જેમાં માંકવા સીટ પરથી સાવિત્રીબેન જૂવાનસિંહ ચૌહાણ અને ખાત્રજ સીટ પરથી સુનિતાબેન કિરણભાઈ પટેલ જોડાયા હતા.આ બાદ કોગ્રેસ પક્ષે સાવિત્રીબેનને તાલુકા પંચાયત પ્રમુખ અને સુનિતાબેનને કારોબારી અધ્યક્ષ બનાવાયા હતા.આ અંગે પક્ષાંતરધારા હેઠળ બંને મહિલાઓને વિકાસ કમિશનરે ગેરલાયક ઠેરવ્યા હતા.જેથી કોગ્રેસ પક્ષ દ્વારા આ ચૂકાદાને હાઈકોર્ટમાં પડકારવામાં આવ્યો હતો.

First Flight
FFCL Couriers Inc.
દુનીયાના કોઈપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ
તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ
1 LB $12 વધુ દર LB ના $4
11 LB $42 વધુ દર LB ના $4
23 KG $140, વધુ દર KG ના $8
30 KG $185, વધુ દર KG ના $8
ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)
જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ચાર શાખાઓ
બ્રામ્પટન (વેસ્ટ)
૫૧૯, રે લોસન બુલેવાર્ડ યુનિટ-૩
બ્રેમ્પટન ON L6Y 0N2
ટે. 647-761-1317, 647-657-9631
ચાંદનીચોક પ્લાઝા સબ્ઝી મંડીની સામે
સોમ-શુક્ર ૩.૦૦ PM થી ૭.૦૦ PM
શનિ-રવિ : ૧૧.૦૦ AM થી ૬.૦૦ PM
India import Services Available
બ્રામ્પટન (વેસ્ટ) : 647-657-9631, 647-761-1317
સ્કારબોરો : 416-619-0352,
મીસીસાગા : 905-673-9631
સ્કારબોરો
૮૮૦ મારખમરોડ, યુનિટ ૮
મેઈન ઈન્ટરસેક્શન મારખમરોડ & પેઈન્ટેડ પોસ્ટ
સાંઈલીલા ખમણ-ઢોકલા હાઉસ કોમ્પલેક્ષ પાસે.
ટે. 647-657-9631 / 905 673 9631
સોમ-શુક્ર : ૨.૦૦ PM થી ૭.૦૦ PM
શનિ : ૧૧.૦૦ AM થી ૬.૦૦ PM
મીસીસાગા
2960 ડ્રયુ રોડ, યુનિટ-૧૫૮,
મીસીસાગા ON L4T 0A5
ટે. 905-673-9631, 905-231-0527, 647-657-9631
ગ્રેટ પંજાબ પ્લાઝા, માલ્ટન,ગુરુદ્વારા પાસે
સોમ-શુક્ર ૯.૩૦ AM થી ૭.૦૦ PM
શનિ-રવિ : ૧૧.૦૦ AM થી ૬.૦૦ PM
૬૪૭-૬૫૭-૯૬૩૧
www.firstflightcanada.com

સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS
Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
MAILING ADDRESS
23 Lyric Road,
Brampton ON L6S 0B4.
416-996-7755
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.
Editor & Publisher : Manoj Gandhi
Director : Nilesh Tailor
Advisor : Zakir Patel
Sub Editor : Chhaya Gandhi
Montreal Bureau : Vijay Patel (514-826-7442)
Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh
GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)
Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# પૃથ્વીના વિનાશને રોકવા ઊંઝામાં લક્ષચંડી મહાયજ્ઞ શરૂ

- વૈદિક મંત્રોચ્ચાર સાથે જગદગુરુ શંકરાચાર્ય ઉપસ્થિતિ રહ્યા : પ્રથમ દિવસે અઢી લાખ શ્રધ્ધાળુઓ ઉમટી પડયા, ૬૦૦થી વધુ શ્રધ્ધાળુઓએ હેલીકોપ્ટરથી પુષ્પવર્ષા કરી

મહેસાણા : પાટીદારોના કુળદેવી ઉમિયા માતાજીના પ્રાગટય સ્થાન, તીર્થસ્થાન અને શક્તિપીઠ એવા ઊંઝા ખાતે યોજાયેલા પાંચ દિવસીય લક્ષચંડી મહાયજ્ઞાનો બુધવારથી દૈવિક મંત્રોચ્ચાર તેમજ જગદગુરૂ શંકરાચાર્ય સ્વામીશ્રી સ્વરૂપાનંદ સરસ્વતી મહારાજના આશિર્વચન સાથે શુભારંભ કરવામાં આવ્યો હતો. સમગ્ર વિશ્વના કલ્યાણની ભાવના સાથે શરૂ કરાયેલા લક્ષચંડી યજ્ઞા મહોત્સવમાં વિવિધ ધાર્મિક કાર્યક્રમોની સાથે સાથે સમાજમાં જાગૃતિ લાવવાના પ્રયાસ કરવામાં આવ્યો છે. પ્રથમ દિવસે ઉમાનગરના પટાંગણમાં એકી સાથે અઢી લાખ શ્રધ્ધાળુઓએ ભોજન પ્રસાદ લીધો હતો. અને ધર્મસભામાં સંતો મહંતોના આશિર્વાદ મેળવી મા ઉમિયાના દર્શન કર્યા હતા. લક્ષચંડી મહાયજ્ઞા મહોત્સવ માત્ર પાટીદાર સમાજનો નહી પરંતુ દરેક સમાજ, ધર્મ અને સંપ્રદાય માટે પ્રેરણાદાયી ઉત્સવ બની રહ્યો છે. વિશ્વમાં સૌથી મોટા મહોત્સવના આયોજનમાં આયોજકો દ્વારા માઈક્રો પ્લાનીંગ કરીને દૂરદૂરથી પહોંચનારા ૫૦ લાખથી વધુ યાત્રાળુઓની દરેક સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. ૨૨ હજાર સ્વયંસવકો શ્રધ્ધાળુઓની સેવામાં ખડેપગે સેવા બજાવી રહ્યા છે. જેના લીધે લોકો સરળતાથી માતાજીના દર્શન તેમજ યજ્ઞાશાળા સહિતના ધાર્મિક કાર્યક્રમો માણી શકે છે. લક્ષચંડી મહાયજ્ઞાના પ્રથમ દિવસે ઉત્તર ગુજરાતના મહેસાણા, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, ગાંધીનગર અને અમદાવાદ, સૌરાષ્ટ્ર ઉપરાંત કચ્છ પંથકમાંથી ત્રણ લાખથી વધારે શ્રધ્ધાળુ ભાઈ-બહેનો પગપાળા અને મોટર માર્ગે ઊંઝા પહોંચ્યા હતા. ઊંઝામાં ૧૮ ડિસેમ્બરથી ૨૨ ડિસેમ્બર દરમિયાન શરૂ થયેલા લક્ષચંડી મહાયજ્ઞા મહોત્સવ સમાજ અને રાષ્ટ્રના ઉત્થાન માટે મહત્વપૂર્ણ ઘટના બની રહેશે.



## મહાયજ્ઞામાં વધુ આઠ રેકોર્ડ બેસ્ટ ઓફ ઈન્ડીયા બુકમાં

મહેસાણા : વિશ્વના સૌથી મોટા લક્ષચંડી મહાયજ્ઞા મહોત્સવ દરમિયાન લક્ષચંડી મહાયજ્ઞા મહોત્સવનું ભવ્યાતિ આયોજન માટે ૫૫૦ એકર જમીન ફાળવવામાં આવી છે. ભારતમાં કોઈપણ કાર્યક્રમ માટે એક જ સ્થળ પર સૌથી વધુ ૫૫૦ એકર જમીન ફાળવીને ભવ્યાતિ ભવ્ય કાર્યક્રમ કરવાનો રેકોર્ડ બેસ્ટ ઓફ ઈન્ડીયા રેકોડર્સમાં નોંધાયો છે. ઉપરાંત ૨ લાખથી વધુ યાત્રાળુઓને સાત્વીક ભોજન તેમજ ૫ લાખ ૪૬ હજાર કપમાં ૨૧ હજાર લીટર ચાનુ વિતરણ કરવાનો રેકોર્ડ પણ નોંધાયો છે. જ્યારે મહાયજ્ઞા નીમિત્તે ૧૦ લાખથી વધુ આમંત્રણ પત્રિકાઓ વહેંચવાનો તેમજ ૨૦ હજાર યાત્રાળુઓને એક જ સ્થળે ઉતારો આપવાનો રેકોર્ડ પણ નોંધાયો છે. જ્યારે મહોત્સવની જમીન પૈકી ૩૫૦ એકર જમીનમાં એક જ સ્થળે લીલી ઝાઝમ પાથરવાનો બેસ્ટ ઓફ ઈન્ડીયામાં રેકોર્ડ નોંધાયો છે.

## અરણી મંથન દ્વારા લક્ષચંડી યજ્ઞામાં અગ્નિ પ્રગટ કરાઈ

પાલનપુર–પ્રથમ દિવસે લક્ષચંડી મહાયજ્ઞાનો પ્રારંભ થયો હતો. જેમાં ૬૦૦ ભૂદેવો દ્વારા ૧૦૮ હવન કુંડમાં શાસ્ત્રોક્ત વિધિથી યજ્ઞા શરૂ થયો હતો. પ્રારંભે અગ્નિદેવને આમંત્રણ આપવા પૌરાણિક અને ઋષિમુનીઓ સમયની પરંપરા મુજબ કાર્ય શરૂ થયું હતું. જેમાં અરણીના લાકડામાં દોરી વડે મંથન કરી તેમાંથી અગ્નિ પ્રગટ કરી તેનું ગાયના છાણીયા લઈને તેમાં અગ્નિ પ્રગટ કરાવ્યો હતો. જેમાંથી બાકીના ૧૦૭ હવન કુંડમાં અગ્નિ લઈ જવામાં આવી હતી. અહી ઘી, તેલ, કેરોસીન, દિવાસળીનો ઉપયોગ નહી કરીને વર્ષો જૂની પરંપરા મુજબ અગ્નિ પ્રજ્વલિત કરાયો હતો. બુધવારના રોજ યજ્ઞા શાળાનો પિતાંબર ધારી યજમાનો તેમજ ભૂદેવો સાથે ઉપસ્થિત રહ્યા હતા અને શાસ્ત્રોક્ત વિધિથી શરૂ થયેલ યજ્ઞા ચારેય વેદોના શ્લોકોથી ગુંજી ઉઠયું હતું.

## દર્શને આવેલા બાળકો માટે ખાસ ’બાળનગરી’બનાવાઈ

લક્ષચંડી યજ્ઞા માટે હજારો લાખોની સંખ્યામાં યુવાનો, મહિલાઓ, વૃધ્ધો અને બાળકો આવી રહ્યા છે. આ તમામ માટે ખાસ વ્યવસ્થા કરાઈ છે. ખાસ કરીને બાળકો માટે બાળનગરી બનાવી છે. જેમાં અવનવી રાઈડોને લીધે બાળકોને મોજ પડી ગઈ હતી. ખાસ મુંબઈથી અવનવી રાઈડો મંગાવવામાં આવી હતી. જેમાં નાના–મોટા ચકડોળથી માંડી ટોરાટોરા સહિત મોતના કુવા જેવી અનેક રાઈડો હતી. આ રાઈડોને લીધે હજારો બાળકોને મો પડી ગઈ હતી. યજ્ઞામાં આવતા તમામ પ્રકારના લોકો માટે વ્યવસ્થા કરવામાં આવી હતી. યુવાનોથી માંડી મહિલાઓ, વૃધ્ધો તમામ વર્ગને સ્પર્શે તેવા પ્લગ વિષયના સ્ટોલ ઉભા કરાયા છે. જોકે સૌથી વધુ ભીડ બાળ નગરીમાં જોવા મળી હતી.

## પ્રસાદમાં દાળ-ભાત, લાડુ, કઠોળ, બટાકા શાકની રસોઈ

ઊંઝાના લક્ષચંડી મહાયજ્ઞાના પ્રથમ દિવસે અન્નપૂર્ણા કમિટીના ૩૫૦૦ સ્વયંસેવકોએ અઢી લાખ લોકોને પેટ ભરી જમાડયા હતા. ૬૩ વીઘા જમીનમાં રસોડાથી માંડી પ્રસાદી લેવાની અદભુત વ્યવસ્થા કરાઈ હતી. અન્નપૂર્ણા કમિટીના ચેરમેન અમરત મહીના જણાવ્યા મુજબ પ્રથમ દિવસે દાળ, ભાત, શાક, કઠોળ, લાડવાની પ્રસાદી લાખો લોકો માટે બનાવાઈ હતી. ૫૦ મોટા–મોટા ચુલા દ્વારા ૨૦૦ રાજપુરોહિતની મદદથી જમવાનું તૈયાર થયું હતું. જેમાં ૭૫ ટન ચોખા, ૩ ગાડી ગોળ, ૩ ગાડી ખાંડ, ૪૦ ટન વાલ, ૨૫ હજાર મણ બણતણ વપરાયું હતું. સવારે ૧૦ વાગ્યાથી લઈ બપોરે ૩ વાગ્યા સુધી ભક્તોએ પ્રસાદી લીધી હતી. મોટામોટા તપેલાને લઈ જવા માટે છોટા હાથી અને ટ્રેક્ટરોનો ઉપયોગ કરાયો હતો.






# પતિને કેનેડા લઇ જનાર પત્નીને તેના બાળકો સાથે શેલ્ટર હોમમાં રહેવું પડ્યું

વડોદરા : વડોદરાની યુવતી પર કેનેડામાં પતિએ અમાનુષી અત્યાચાર ગુજારતાં આખરે તેણે બાળકો સાથે ભારત આવી ગઇ છે અને વડોદરા મહિલા પોલીસ સ્ટેશનમાં પતિ તેમજ સસરા સામે ફરિયાદ નોંધાવતા પોલીસે બંને સામે ગુનો નોંધ્યો છે.

વડોદરાની યુવતીએ પોલીસને કહ્યું છે કે,સુરતના ઓલપાડ ખાતે રહેતા જયરાજ ત્રિવેદી સાથે મારા એપ્રિલ-૨૦૧૫માં લગ્ન થયા હતા.લગ્ન બાદ હું કેનેડા ગઇ હતી અને થોડા સમયમાં મારા પતિને કેનેડા બોલાવવા કાર્યવાહી કરી હતી. પરિણીતાએ કહ્યું છે કે,લગ્નના બીજા મહિને મને ગર્ભ રહેતા પતિને જાણ કરી તો તેણે શંકા વ્યક્ત કરી હતી અને ડીએનએ કરાવવાની વાત કરી ગર્ભપાત કરાવવા કહ્યું હતું.તેણે મારા બેન્કના એકાઉન્ટ નંબરના પાસવર્ડ તેમજ સોશ્યલ મીડિયાના પાસવર્ડ મેળવી લીધા હતા.તા.પમી મે એ તેણે અમારી અંગત પળોનો વીડિયો વાઇરલ કરવાની ધમકી આપી રૂા.૧૩ લાખ પડાવ્યા હતા.

કેનેડા ગયા બાદ પતિનો ત્રાસ વધી ગયો હતો.બે સંતાન થયા છતાં તેનો ત્રાસ અને શંકાશીલ સ્વભાવ ચાલુ રહ્યા હતા.એક દિવસ પતિએ ઝઘડો કરી ટીવી તોડયું હતું અને ખુરશી પછાડી મારવા આવતાં હું મારા બંને બાળકોને લઇ બાથરૂમમાં જતી રહી હતી.તેણે બારણું તોડવાનો પ્રયાસ કરતાં પોલીસને બોલાવી હતી.પરંતુ ત્યાંના કાયદા કડક હોવાથી મેં સમાધાન કર્યું હતું.આમ છતાં તેનો ત્રાસ ઓછો નહીં થતાં આખરે મારે વુમન શેલ્ટર હોમમાં જવું પડયું હતું.જેથી મારા પતિને ૧૦૦ મીટર વિસ્તારમાં પ્રવેશબંધી કરાઇ હતી.

# ૧૨ માળની બિલ્ડિંગના ધાબા પરથી મહિલાનો મોતનો ભૂસકો

વડોદરા : શહેરના ગોત્રી વિસ્તારમાં તળાવ નજીક આવેલા પ્રધાનમંત્રી આવાસ યોજનાના ૧૨ માળના બિલ્ડિંગના ધાબા પરથી કુદકો મારીને પરિણીતાએ આપઘાત કરી લીધો હતો. પરિણીતા ૧૨મા માળે રહેતી હતી અને આજે બપોરે કોઇ અગમ્ય કારણથી તેણે આત્મઘાતી પગલુ ભર્યુ હતું. પરિણીતાના આપઘાત પાછના કારણો જાણવા માટે ગોત્રી પોલીસે તપાસ હાથ ધરી છે.

ગોત્રીમાં ગાયત્રી વિદ્યાલય પાસે આવેલ પ્રધાનમંત્રી આવાસ યોજાનાના એફ ટાવરમાં ૧૨માં માળે રહેતો પ્રકાશ રોહિત વાસણા રોડ પર હેર કટિંગ સલુનમાં કામ કરે છે. ચાર વર્ષ પહેલા પ્રકાશના લગ્ન જિગ્નાશા નામની યુવતી સાથે થયા હતા. પ્રકાશ અને જિગ્નાશાને સંતાનમાં એક અઢી વર્ષનો પુત્ર પણ છે. વડસાસુ, વડસસરા, સાસુ, સસરા સાથે સંયૂક્ત પરિવારમાં પ્રકાશ અને જિગ્નાશા રહેતા હતા. આજે બપોરે પ્રકાશ સલુનમાં ગયો હતો અને સાસુ સસરા કામ માટે બહાર ગયા હતા ત્યારે લગભગ એક વાગ્યાના અરસામાં જિગ્નાશાએ અઢી વર્ષના પુત્રને વડસાસુ-સસરાને આપીને પોતે બહાર નીકળી હતી. ઘરમાંથી બહાર નીકળ્યા બાદ જિગ્નાશા ધાબા પર ગઇ હતી અને ત્યાંથી નીચે ઝંપલાવી દીધું હતું.

# ઈંગ્લેન્ડ ફિલોટેલિક સોસા.ની જયંતી માટે નડિયાદના યુવાનને આમંત્રણ

• કાર્યક્રમમાં વિશ્વના ૧૫ ફિલોટેલીસ્ટને આમંત્રણ અપાયું હતું

નડિયાદ : નડિયાદના યુવાનને લંડનના મહારાણી સાથે ખાસ મુલાકાત યોજાઇ, ઈંગ્લેન્ડની ધ રોયલ ફિલાટેલિક સોસાયટીની ૧૫૦મી જયંતી પ્રસંગે ભારતદેશમાંથી એક માત્ર નડિયાદના યુવાનની પસંદગી થઇ છે.તે પ્રસંગે આ ખાસ મુલાકાત યોજાઇ છે.

જો તમને ટપાલટીકીટો ભેગી કરવાનો એટલે કે સ્ટેમ્પ કલેકશનનો શોખ છે. તો તમે બ્રિટનના મહારાણીને મળી શકો છો,તેમની પાસે વિશ્વનુ સૌથી દુર્લભ સ્ટેમ્પ કલેકશન છે. ધ રોયલ ફિલોટેલિક સોસાયટી લંડનની ૧૫૦મી વર્ષગાંઠની ઉજવણી ચાલી રહી છે. ત્યારે સોસાયટીના નવા બિલ્ડીંગના ઉદ્ઘાટન પ્રસંગે વિશ્વના માત્ર ૧૫ ખ્યાતનામ ફિલાટેલીસ્ટ ને આમંત્રણ આપવામાં આવ્યુ હતુ. જેમાંથી ભારત દેશમાંથી નડિયાદના માર્કંડભાઇ દવેની પસંદગી કરવામાં આવી હતી. આ પ્રસંગે દુનિયાભરમાંથી અને ઇંગ્લેન્ડમાંથી કુલે સવાસો વ્યક્તિઓને ખાસ આમંત્રણ હતુ. જેમાં આ નડિયાદના યુવાનનો સમાવેશ થયો છે. ધ રોયલ ફિલાટેલિક સોસાયટી લંડનના પ્રમુખ રિચાર્ડ સ્ટોક દ્વારા માર્કંડ દવેનો પરિચય ઈંગ્લેન્ડની રાણી એલિઝાબેથ બીજા સાથે ભારતના પ્રતિનિધિ તરીકે કરાવામાં આવ્યો હતો.

# વડોદરામાં ૨૦ વર્ષીય યુવતીની હત્યા, ૩ દિવસે તીવ્ર દુર્ગંધ મારતી લાશ મળી

વડોદરા : પાદરાના ચાણસદ ગામમાં રહેતી ટીવાય બી.કોમની વિદ્યાર્થિનીનો શનિવારે મોડીસાંજે કોથળામાં પેક કરી નજીકના નાના તળાવમાં ફેંકી દેવામાં આવેલો મૃતદેહ મળી આવતાં સનસનાટી મચી હતી. યુવતીની ઠંડે કલેજે હત્યા કર્યા બાદ તેના હાથ અને પગ દોરડાની મદદથી બાંધી દેવાયા હતા. તળાવમાંથી તીવ્ર દુર્ગંધ આવતાં નજીકના ખેતરમાં રહેતાં લોકોએ પોલીસને જાણ કરતાં પાદરા પોલીસ ઘટનાસ્થળે દોડી ગઈ હતી. પોલીસે પાણીમાંથી પ્લાસ્ટીકનો કોથળો બહાર કાઢતાં જ યુવતીનો મૃતદેહ નીકળ્યો હતો.

ચાણસદ ગામના લીમડીવાળા ફળિયામાં રહેતી ખુશ્બુ અશ્વિનભાઈ જાની (ઉં.વ.૨૦) એમ.એસ. યુનિર્વિસટીમાં ટીવાય બી.કોમમાં અભ્યાસ કરતી હતી. ત્રણ દિવસ પહેલા ખુશ્બુ ભેદી રીતે ગુમ થઈ હતી. પરિવારજનોએ તેની શોધખોળ કરતાં કોઈ સગડ મળ્યા ન હતા. જેથી બનાવની જાણ પાદરા પોલીસને કરી હતી. પોલીસે માત્ર જાણવા જોગ દાખલ કરી કાગળ પર જ તપાસના ઘોડા દોડાવ્યા હતા. દરમિયાન ચાણસદ ગામની બ્લેક હેવન નામની સ્કીમ પાસેના નાના તળાવ પાસે રહેતાં ગ્રામજનોને તીવ્ર દુર્ગંધ આવવા લાગી હતી. જેથી તેમણે પોલીસને જાણ કરી હતી. પોલીસે ઘટનાસ્થળે પહોંચી પાણીમાં તરતો એક કોથળો બહાર કાઢયો હતો. કોથળો ખાલીને જોતાં જ પોલીસ ચોંકી ઉઠી હતી. પોલીસને કોથળામાંથી હાથ અને પગ બાંધેલી હાલતમાં યુવતીની ડેડબોડી મળી હતી. પોલીસે તપાસ કરતાં મૃતદેહ ત્રણ દિવસ પહેલા ગુમ થયેલી ખુશ્બુ જાનીનો નીકળ્યો હતો. ખુશ્બને માથા તથા શરીરના અન્ય ભાગોએ ઈજા હતી. જેથી તેની હત્યા કર્યા બાદ મૃતદેહને તળાવમાં ફેંકી દેવાયો હોવાનું અનુમાન પોલીસે લગાવ્યું હતું. પોલીસે ખુશ્બુ સાથે કોઈ જબરજસ્તી તો નથી થઈ ને? તે જાણવા મૃતદેહને પીએમ અર્થે સરકારી હોસ્પિટલમાં મોકલ્યો હતો. મૃતક ખુશ્બુના પિતા નથી.

# હિંમતનગરમાં વેપારી ઉપર ફાયરિંગ મુદ્દે પાણપુર પાટીયાના બે શકમંદો

• રૂપિયાની લેતીદેતીમાં ફાયરિંગ થયાની આશંકા : આરોપીને શોધવા છ ટીમો બનાવી તપાસ આદરી

હિંમતનગર- હિંમતનગરમાં મંગળવારે રાત્રે બાઈક પર આવેલા બે બુકાનીધારીઓએ ત્રણ રાઉન્ડ ફાયર કરી ભાગી ગયા હતા. જે અંગેની ફરીયાદ મોડી રાત્રે હિંમતનગર બી.ડીવીજન પોલીસ સ્ટેશનમાં નોધાયા બાદ પોલીસે ફાયરીંગ કરવામાં સંડોવાયેલા મનાતા પાણપુર પાટીયા વિસ્તારમાં રહેતા બે શકમંદોને શોધવા માટે પોલીતંત્રએ બુધવારે છ ટીમો બનાવીને આ શકમંદોને ઝડપી લેવાના ચક્રો ગતિમાન કર્યા છે.

આ અંગે બી.ડીવીજન પોલીસ સ્ટેશનમાં ક્રિષ્ણાસુઝના માલિક મુળજીભાઈ પટેલના પુત્ર મહેન્દ્રભાઈ પટેલે નોધાવેલી ફરીયાદમાં કરેલા આક્ષેપ મુજબ મંગળવારે સાંજે સાતેક વાગ્યાના સુમારે તેઓ પોતાની દુકાનમાં બેઠા હતા ત્યારે બાઈક પર આવેલા બે અજાણ્યા બુકાનીધારી શખ્સોએ ઉપરાછાપરી રિવોલ્વમાંથી ઉપરાછાપરી ત્રણ રાઉન્ડ કાચ પર ફાયરીંગ કરીને મહેન્દ્રભાઈ પટેલને નિશાન બનાવવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ સમયચુચકતા વાપરીને મહેન્દ્રભાઈ એકબાજુ નમી જતા તેમનો આબાદ બચાવ થયો હતો. બીજી તરફ આ અંગે જિલ્લા પોલીસવડા અને એસઓજી તથા એલસીબી સહીત બી.ડીવીજન પોલીસને ખબર પડતા આખુ પોલીસતંત્ર ઘટનાસ્થળે દોડી આવ્યું હતુ.અને સીસીટીવી ફુટેજની ચકાસણી કરાયા બાદ મહેન્દ્રભાઈ પટેલે શકમંદ તરીકે પાણપુર પાટીયા વિસ્તારમાં રહેતા નવાજ શરીફખાન પઠાણ તથા મોહમદ નવાજખાન આલમખાન પઠાણ વિરૂધ્ધ નોધાવેલી ફરિયાદ બાદ પોલીસે આ બંને શકમંદોને ઝડપી લેવા માટે છ ટીમો બનાવીને તપાસ હાથ ધરી છે.

# આપઘાત કરનારા મોડાસાના વેપારીના સાળાના માર્ગ અકસ્માતમાં કરુણ મોત

ભિલોડાઃ મોડાસા શહેરના નામાંકિત વેપારી નૈનેશ હસમુખલાલ શાહ અને તેમની પત્ની દામિનીબહેન શાહ અને નંદ (પુત્ર) અને વિધિ (પુત્રી) એ ઉદયપુરના હર્ષ પેલેસમાં ગત બુધવારે બપોરે કરેલા સામૂહિક આત્મહત્યાના પ્રયાસમાં પતિ-પત્નીનું મોત નીપજયું હતું જ્યારે ઘાયલ થયેલા બાળકોનેમોડાસાની હૉસ્પિટલમાં લવાયા બાદ બાળકોની ખબર લેવા આવી રહેલા તેમના બંને મામાની કારને દહેગામ નજીક અકસ્માત નડતા બંનેનાં મોત થયાં હતા. સોમવારે નંદ અને વિધિને દુઃખદ ઘટનાની સાચી પરિસ્થિતિથી વાકેફ કરવા તેમના પરિવારજનોએ તેમના અંગત સગાં-સંબંધીની ઉપસ્થિતિમાં જણાવવાનું નક્કી કરતા મૃતક નૈનેશ શાહના અમદાવાદ રહેતા બનેવી શૈલેષભાઈ જે.શાહ તેમની કારમાં સાબરમતી (ચાંદખેડા) વિસ્તારમાં રહેતા દામિનીબેનના ભાઈ પરાગભાઈ મોદી અને મેહુલ મોદીને લઈને મોડાસા આવવા નીકળ્યા હતા. નરોડા-ચિલોડા રોડ પર તેમની કારને ડમ્પરે ધડાકાભેર ટક્કર મારતા કારની ખાલી સાઈડનો કડૂસલો વળી જતા કારમાં સવાર પરાગભાઈ અને મેહુલભાઈનું ઘટનાસ્થળે કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું.




# સુરતમાં NRI અનાવિલ મહિલાએ કરેલા અંગદાનથી પાંચ વ્યક્તિને નવજીવન મળ્યું

સુરત : અમેરિકાથી સુરતમાં લગ્નપ્રસંગમાં આવેલી અનાવિલ સમાજની મહિલાના અંગદાનથી પાંચ વ્યક્તિઓને નવજીવન મળ્યું છે. અકસ્માત બાદ હોસ્પિટલમાં દાખલ મહિલાને તબીબોએ બ્રેઈનડેડ ઘોષિત કરતા કિડની, લિવર અને ચક્ષુદાન કરી પરિવારના સભ્યોએ સરાહનીય કાર્ય કરી સમાજનો એક ઉત્તમ દાખલો આપ્યો છે. અમેરિકા, ગ્રીનવૂડ સાઉથ કેરોલીનામાં રહેતા શિલાબેન અનિમેષ દેસાઈ (ઉં.વ. ૫૬) રેટ કાર્પેટ ઈન નામની મોટેલ (હોટેલ)માં મેનેજર તરીકે કાર્ય કરતા હતા. મૂળ કતારગામના વતની શિલાબેન ગત તા. ૨૧ નવેમ્બરના રોજ ભાણેજના લગ્નપ્રસંગમાં હાજરી આપવા માટે સુરત આવ્યાં હતાં. ત્યારબાદ તેઓ વલસાડમાં પિતાના ઘરે ગયા હતા. દરમિયાન ગત તા. ૭મીએ લગ્નપ્રસંગની ખરીદી કરી તેઓ તેમની બેન રૂપાલી સાથે મોપેડ પર ઘરે આવી રહ્યાં હતાં, ત્યારે જલારામ ચાર રસ્તા પાસે ચક્કર આવતા તેઓ મોપેડ પરથી નીચે પડી ગયા હતાં. જેને પગલે તેમને માથામાં ગંભીર ઈજાઓ થતાં હોસ્પિટલમાં દાખલ કરાયા હતાં.

તબીબી તપાસમાં બ્રેઈન હેમરેજ તથા મગજમાં લોહીનો ગઠ્ઠો જામી ગયો હોવાનું નિદાન થતા વધુ સારવાર માટે સુરતની યુનિક હોસ્પિટલમાં ખસેડાયા હતા. તબીબોએ મગજમાં જામેલા લોહીનો ગઠ્ઠો દૂર કરી દીધો હતો. જોકે, ગત તા. ૧૨મીએ તેમને બ્રેઈનડેડ ઘોષિત કરાયા હતા. જેની જાણ ડોનેટ લાઈફની ટીમને કરાઈ હતી. ડોનેટ લાઈફના પ્રમુખ નિલેશ માંડલેવાલાએ જણાવ્યું હતું કે, શિલાબેને અમેરિકામાં ડ્રાઈવિંગ લાઈસન્સ લેતી વખતે જ અંગદાન કરવા માટે વચન આપ્યું હતું.

# વાપીમાં બિલ્ડરે ફ્લેટ-નોકરીની લાલચ આપી આબરૂ લૂંટી લીધી

વાપી : નોકરીમાંથી કાઢી મૂકવાની ધમકી આપી ત્રણ સંતાનોની માતા પર તેણીના ઘરે અને દમણની હોટલમાં બળાત્કાર ગુજારનારા બિલ્ડર વિરુદ્ધ સુરતના અડાજણ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે. બિલ્ડરના કુકર્મના પગલે સગર્ભા બનેલી પીડિતાથી આઘાત સહન નહીં થતાં અડાજણ સ્થિત બહેનપણની ઘરે વધુ પડતી ઊંઘની ગોળીઓ ખાઈ આપઘાતનો પ્રયાસ કર્યો હતો. વાપી નિવાસી મહિલાએ વાપીમાં કિંગ વર્લ્ડ રિયલ્ટીના નામથી બિલ્ડિંગ કન્સ્ટ્રક્શનનું કામ કરતા ગિરિરાજસિંહ જાડેજા (રહે. પ્રમુખ રેસિડેન્સી) વિરુદ્ધ અડાજણ પોલીસ મથકમાં બળાત્કારની ફરિયાદ નોંધાવી છે. પીડિતાની ફરિયાદ મુજબ સપ્ટેમ્બર, ૨૦૧૯માં ગિરિરાજની વાપી સ્થિત ઓફિસમાં રૂ. ૧૬ હજારના પગારથી જોડાઈ હતી. ગિરિરાજે તેણીને રહેવા માટે ફ્લેટ પણ આપ્યો હતો. દરમિયાન એક દિવસ ગિરિરાજ તેણીના ઘરે આવ્યો હતો. તેણીના બાળકો સ્કૂલે ગયા હોય તેનો લાભ લઈ ગિરિરાજે બળજબરી કરી શરીર સંબંધ બાંધ્યો હતો. ત્યારબાદ તેણે ધમકી આપી ફ્લેટ પર આવી મરજી વિરુદ્ધ શરીર સંબંધ બાંધતો હતો. ત્યારબાદ એક દિવસ દમણ લઈ જઈ પણ બળાત્કાર ગુજાર્યો હતો.

# રાજપીપળાના નવ યુવાનો સાથે કેનેડા મોકલવાને બહાને ઠગાઈ, બેની ધરપકડ

રાજપીપળા- નર્મદા જિલ્લાના વડામથક રાજપીપળાના નવ યુવક-યુવતીઓને વિદેશ લઈ જવાના બહાને અમદાવાદ અને વડોદરાની ઠગ ટોળકીએ લાખોની ઠગાઈ કરતા પાંચ ભેજાબાજો સામે રાજપીપળા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે. પોલીસે પાંચ પૈકી વડોદરાના બે ભેજાબાજોની ધરપકડ કરી કોર્ટમાંથી રિમાન્ડ મેળવ્યા છે. રાજપીપળામાં રહેતા હેમંત બારોટે કેનેડા જવાના બહાને છેતરપિંડી કરી હોવાની ફરિયાદ નોધાવી છે જેમાં જણાવ્યું છે કે વડોદરાના વત્સલ પરેશ ખમારના કહેવાથી ભાટવાડા વિસ્તારમાં રહેતા મારા મિત્રોએ કેનેડાની આઈએમસીલી ખાતે મિસ્સીસુગા, ઓન્ટીનિયા નામની કંપનીમાં બે વર્ષ માટે વર્ક પરમીટ વીઝા કંપની તરફથી રહેવા તેમજ જમવાની સુવિદ્યા મળતી હોવાથી એપ્લાય કર્યું હતું. કુલ નવ વ્યક્તિઓને કેનેડા મોકલવા માટે એક ઉમેદવાર પ્રમાણે રૂા.૪.૯૦ લાખ અને બાયોમેટ્રીક ખર્ચના અલગથી રૂા.૧૫૦૦૦ મળી નવ ઉમેદવારો પાસેથી કુલ રૂા.૪૮.૪૫ લાખ ઉઘરાવ્યા હતાં. ભેજાબાજોએ તા.૨૭ જુલાઈના રોજ કેનેડા લઈ જવાની બાંહેધરી આપી હતી અને તે અંગેનો કરારલેખ પણ કર્યો હતો. કેનેડાની કંપનીમાં વડોદરા અને અમદાવાદના પાર્ટનરો હોવાનું વત્સલે જણાવ્યું હતું. જો કે કેનેડા લઈ મોકલવા માટે બહાના બતાવ્યા કરતા આખરે રાજપીપળાના યુવાનોને પોતે છેતરાયા હોવાનું જણાતા રાજપીપળા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે મનોજ મહેતા (રહે. વડોદરા) અને નવનીત ચોરસીયા (રહે. ગોરવા)ની ધરપકડ કરી આજે મોડી સાંજે રાજપીપળા કોર્ટમાં રજૂ કરી બંનેના બે દિવસના રિમાન્ડ મેળવ્યા છે. આ ગુનામાં ફરાર અન્ય ત્રણ આરોપીને ધરપકડ કરવાના ચક્રો પોલીસે ગતિમાન કર્યા છે.


Wanted live - in Nanny for
Mississauga/Richmond Hill,Ontario
મીસીસાગા/રિચમન્ડ હિલ, ઓન્ટારિયોમાં
લીવ-ઈન નેની જોઈએ છે
Gujarati or Hindi speaking Nanny required for a Senior lady living in Mississauga/Richmond Hill,Ontario.
Call Rozina 647-767-7412 or Firoz 416-520-8729
મીસીસાગા/રિચમન્ડ હિલ, ઓન્ટારિયો ખાતે રહેતા એક વડીલ બહેન માટે ગુજરાતી અથવા હિન્દી ભાષા બોલનાર નેનીની જરૂર છે.
કોલ કરો : રોઝીના 647-767-7412 અથવા ફિરોઝ 416-520-8729

SHARP INTERNATIONAL IMMIGRATION SERVICES
CANADA IMMIGRATION LEGAL FIRM
iccrc crcic
CANADA IMMIGRATION SEMINAR IN DUBAI
SPOT ASSESSMENT FOR PR/PNP/INVESTOR CATEGORY EXPERT
FAMILY SPONSORSHIP/ VISITOR VISA/ STUDENT VISA
VENUE
Majestic City Retreat Hotel
MANKHOOL ROAD, BUR DUBAI.
Date & Time
19&20 Dec
9 am to 6 pm
BOOK YOUR APPOINTMENT
+91 9428973911, 9512157817, 9052307855
info@siis.ca www.siis.ca

LIMITED DAYS
SHARP INTERNATIONAL IMMIGRATION SERVICES
FREE ASSESSMENT WITH CANADIAN ICCRC "AMI MEHTA".
Please Book your Appointment Today
94289-73911, 95121-57817
78749-58758
OFFICE: 2/A WAGHESHWARY SOC, VIP ROAD, KARELIBAUG, VADODARA
CANADA IMMIGRATION
iccrc crcic
AVAILABLE IN INDIA
VADODARA
8th DEC to
7th JAN 19

AMI MEHTA
(SINP Authorized Rep)
Email: info@siis.ca | Web: www.siis.ca | Canada office: 94-499 Main Street South; Brampton; Ontario. | CALL: 416-745-2466

# ઉપલેટાના યુવાનના આપઘાતના કેસમાં પ્રેમિકા અને તેના પતિને સાત વર્ષની કેદ

## • હની ટ્રેપ પ્રકારના કિસ્સામાં કોર્ટનો ચુકાદો

ધોરાજી : ગઈ તા.૨ જુલાઈ ૨૦૧૮ના ઉપલેટાના ભીમ નગરમાં રહેતા અમૃતભાઈ ડાયાભાઈ મકવાણાએ ફરિયાદ આપેલી કે તેમના ભાઈ રમેશભાઈ ચમાર વાડા પાસે લીમડાની ડાળીમાં દોરડું બાંધી અને ગળાફાંસો ખાઈ લીધો હતો. જે તે વખતે પોલીસ ત્યાં પહોંચી અને પંચનામું કરતા પંચની હાજરીમાં મરણ જનારના ખિસ્સામાંથી સ્યુસાઈડ નોટ મળી આવેલી આ સ્યુસાઈડ નોટમાં સ્પષ્ટ લખેલું હતું કે તેમને મનેત્રીબેન નરેન્દ્રભાઈ ચંદ્રપાલ સાથે છેલ્લા૨૦ વર્ષથી પ્રેમ સંબંધ હતો. ગુનાના આગલા દિવસે આ યુવતી તેમના પતિ નરેન્દ્રભાઈ અને મધુબેન માધાભાઈ પારગી અજાણ્યા શખ્સો સાથે ઉપલેટા આવી અને મરણ જનાર રમેશભાઈને ધમકી આપી કહેલ કે જામનગર આવીશ તો તને જાનથી મારી નાખીશું. તે ધમકીના ભયથી રમેશભાઈ આત્મહત્યા કરેલી હતી.જે સ્યુસાઈડ નોટ પોલીસ દ્વારા કબ્જે કરવામાં આવેલી હતી. વિશેષમાં મરણ જનારના મોબાઈલમાંથી આ યુવતીની બિભત્સ વિડીયો ક્લિપ પણ માળી હતી. આ તમામ સંજોગોને ધ્યાને લઈ અને ફરિયાદ પક્ષ તરફથી દલીલો કરવામા 'આવેલી હતી. આ દલીલોને ધ્યાને લઈ અને ધોરાજીના એડિશનલ સેશન્સ ડિસ્ટ્રિક્ટ જજ હેમંત કુમાર અરવિંદભાઈ દવે એ આરોપીઓને તકસીરવાન કરાવી અને ઠરાવેલું કે ગુજરનાર સાથે પ્રણયફાગ ખેલી બ્લેકમેલ કરી તેના પૈસા પડાવાયા છે. આ હકીકત તેમના ઘરના જાણતા હોવા છતાં મદદગારી કરી અને જાનથી મારી નાખવાની ધમકી આપી આત્મહત્યા કરવા સુધી ફરજ પાડેલી છે. પરંતુ મધુબેનની વૃધ્ધ ઉંમરન ધ્યાને લઈ અને તેમને ત્રણ વર્ષની સજા અન્ય બંને આરોપીઓને સાત વર્ષની સજા અને દરેક આરોપીઓને રૂપિયા ૧૩ હજાર દંડની સજા ફટકારી છે.

# ઊનાની ત્રણ બોટની જળસમાધિઃ બે માછીમારોના દેહ મળ્યા, ૩ લાપતા

ગીર સોમનાથઃ જિલ્લામાં ઊનાના સૈયદ રાજપરા બંદરથી ૨૫ નોટિકલ માઈલ દૂર મધદરિયે ત્રણ બોટ વધુ પવનના કારણે અચાનક જળસમાધિ લેતા તેમાં સવાર ૨૧ માછીમારો ડૂબી ગયા હતા, જેમાંથી અન્ય બોટની સહાયથી ૧૮ માછીમારોને બચાવી લેવામાં આવ્યા હતા. જ્યારે લાપતા થયેલા માછીમારોમાંથી કોસ્ટ ગાર્ડ સહિતની ટીમ દ્વારા શોધખોળ કરાતાં દિલીપ બાંભણિયા પુના નથુ અને હેમંત મકવાણા એમના મૃતદેહ મળી આવ્યા હતા. જ્યારે લાપતા રહેલા માછીમારોની શોધખોળ કરવામાં આવી રહી છે. બોટ ડૂબ્યાની જાણ થતા જ અન્ય માછીમારો અને બચાવ ટીમ તેમની મદદે પહોંચી હતી. જેથી મોટાભાગના માછીમારોને બચાવી શકાયા હતા. ઊનાના સૈયદ રાજપરા બંદરની બે અને દિવની એક બોટ લઈને ગત મધરાત્રીના સમયે પોતપોતાના ફિશિંગ વિસ્તારમાં જાળ પાથરીને માછીમારી કરતા હતા. આ દરમ્યાન મધરાત્રીના ત્રણ વાગ્યાની આસપાસના સમયે દરિયાઈ સીમામાં ભારે પવન ફુંકાતા દરિયાઈ મોજાં ઉછળવા લાગ્યા હતા અને બોટોને મોજાંની થપાટે ડુબાડી દેતા માછીમારો રાડોરાડ કરી દરિયામાં કુદી પડ્યા હતા. બંને બોટે ઊંડા પાણીમાં જળસમાધિ લીધી હતી. બોટોને ડૂબતી જોતાં બાજુમાં ફિશિંગ કરતી બોટો દોડી આવી હતી.

## લેહ-લદ્દાખમાં શહીદ થનારની અંતિમયાત્રામાં ઝીંઝુડા હિબકે ચડયું

ચોટીલાઃ માઈનસ સેલ્સીયસ ડીગ્રી તાપમાનમાં હાડ થીજાવી દેતી ઠંડીમાં લેહની શરહદે ફરજ બજાવતા ૨૫ વર્ષીય યુવાન વનરાજભાઈ દેગામા ગત તા. ૧૩મીએ શહીદ થયા હતા. જેનો નશ્વર દેહ સોમવારે મોડી સાંજે જીઝુંડા ગામે લઈ જવાયો હતો. જ્યાં હજારોની મેદની વચ્ચે વીર જવાન અમર રહો ના નારા સાથે પંચમહાભુતમાં વિલીન થયો હતો. અંતિમ સંસ્કાર વેળા આખુ ઝીંઝુડા ગામના લોકો હિબકે ચઢ્યા હતા. વીર શહીદનો મૃતદેહ ચોટીલાથી શહીદનાં વતન જીઝૂંડા ગામે પહોંચતા રસ્તામાં આવતા નાની મોટી મોલડી ગામનાં લોકો, વિદ્યાર્થીઓએ શહીદ વીરની શહાદતને સલામ કરી હતી.

# મગફળી કૌભાંડમાં કોંગ્રેસ આક્રમકઃ અધિકારી અને વહીવટદારની ઓડિયો ક્લિપ જાહેર કરી

રાજકોટ : રાજકોટમાં મગફળી કૌભાંડ અંગે કોંગ્રેસ આકરાં પાણીએ છે. રાજકોટમાં કોંગ્રેસનાં ધારાસભ્ય લલિત કગથરા અને લલિત વસોયાએ આ મામલે પ્રેસ કોન્ફરન્સ કરી હતી. આ પ્રેસ કોન્ફરન્સમાં બંને ધારાસભ્યોએ મગફળીનાં ખેડૂતોની પરેશાની વર્ણવી હતી. અને આ પ્રેસ કોન્ફરન્સમાં તેઓએ વહીવટદાર અમિત પટેલ અને મગફળીનાં અધિકારી વચ્ચેની ઓડિયો ક્લિપ રજૂ કરી હતી. બંને ધારાસભ્યોએ કહ્યું કે, આ ઓડિયો ક્લિપ અમે પોલીસને આપીશું.

પ્રેસ કોન્ફરન્સમાં કોંગ્રેસનાં ધારાસભ્યોએ કહ્યું કે, સૌથી સૌથી વધુ મગફળી રિજેક્ટ પડધરી તાલુકામાં થઈ હતી. પડધરીમાં સૌથી વધુ વરસાદ પડ્યો હતો. ટેકાના ભાવે મગફળી ખરીદવાની શરૂઆત થઈ હતી. અમિત પટેલ અંગે તેઓએ જણાવ્યું કે, અમિત પટેલ મેટાડોર ચલાવે છે, તે કોઈ એજન્સી સાથે જોડાયેલો નથી. નાફેડનો માણસ નથી. તો અમિત પાસે મગફળી રિજેક્ટ કરવાનો કોઈ અધિકાર નથી.

અમિત પટેલ જે તે અધિકારીનો મધ્યસ્થી બની ગયો હતો. જે બાદ તેઓએ અમિત અને અધિકારી વચ્ચેની ઓડિયો ક્લિપ જાહેર કરી હતી. સોનુ નામના અધિકારી સાથે રૂપિયા અંગે વાત કરતી આ ઓડિયો ક્લિપ જાહેર કરી હતી. કોંગી ધારાસભ્યોએ કહ્યું કે, અમે આ ઓડિયો ક્લિપ પોલીસને આપીશું. આ કૌભાંડમાં અધિકારીઓ પણ સંડોવાયેલા હોવાનો કોંગ્રેસે આરોપ મૂક્યો હતો.

આ ઉપરાંત તેઓએ કહ્યું કે, મગફળી કૌભાંડ માત્ર રાજકોટ પૂરતું જ નહીં પણ અન્ય જિલ્લાઓમાં પણ ફેલાયેલું છે. ખેડૂતોને પરેશાન કરીને પૈસા લેવામાં આવે છે. અન્ય જિલ્લાઓમાં પણ ખેડૂતોને પરેશાન કરાય છે.

## જામનગરમાં સૌથી નાની વયના IPS ઓફિસરનું પોસ્ટીંગ થયું

જામનગર : રાજ્ય સરકાર દ્વારા તાજેતરમાં જુદા જુદા આઠ જેટલા પ્રોબેશનલ આઈ.પી.એસ.ને રાજ્યના અલગ અલગ પોલીસ મથકોમાં પોસ્ટીંગ અપાયા છે તે પૈકીના એક પ્રોબેશન આઈ.પી.એસ. અધિકારીને જામનગરમાં પોસ્ટીંગ આપ્યું છે. જે પ્રોબેશનલ આઈ.પી.એસ. અધિકારીનો સંઘર્ષ પણ રસપ્રદ છે. દેશમાં સૌથી નાની વયે આઈપીએસ અધિકારીનું પદ મેળવનાર સફીન હસનને કેરિયરનું સૌથી પહેલું પોસ્ટીંગ જામનગરમાં મળ્યું છે. અહીં તેઓ આસીસ્ટન્ટ સુપ્રિટેન્ડેન્ટ ઓફ પોલીસ (એએસપી) તરીકેનું જવાબદારી સંભાળશે. ૨૨ વર્ષીય સફીન હસન આ પદ માટે જરૂરી તમામ પરીક્ષાઓમાં ઉતીર્ણ થયા છે.

# પુત્રપ્રાપ્તિની ઘેલછામાં પિતાએ ત્રણ દીકરીને કૂવામાં ફેંકી હત્યા કરી ગળે ફાંસો ખાધો

જૂનાગઢ : ભેસાણના ખંભાળિયા ગામે ત્રણ દીકરી બાદ ચોથી પણ દીકરી અવતરતા પુત્રપ્રાપ્તિની ઈચ્છા પૂરી ન થતા પિતાએ ત્રણ દીકરીઓને કૂવામાં ફેંકીને હત્યા કર્યા બાદ ગળાફાંસો ખાઈને આપઘાત કરતા સમગ્ર પંથકમાં અરેરાટી ફેલાઈ ગઈ હતી.

ગ્રામ રક્ષક દળમાં સેવા આપતા જવાન રસિકભાઈ સોલંકીએ પોતાની ત્રણ દીકરીઓને પરબ ધામમાં ફરવાનું કહી વાડીએ લઈ ગયા હતા. અહીં પોતાની ત્રણ દીકરી રિયા (ઉ.વ.૯) અંજલિ (ઉ.વ.૭) અને જલ્પા (ઉ.વ.૨)ને સવારે સાડા નવ વાગ્યે કૂવામાં ફેંકી દીધી હતી. બાદમાં પોતે દવા પી લીધી હતી પરંતુ દવાની કોઈ અસર ન થતા ઝાડ સાથે દોરડું બાંધી ગળેફાંસો ખાઈ જિંદગી ટૂંકાવી હતી. એક જ પરિવારના ચારના મોતથી સોલંકી પરિવારમાં ગમગીની છવાઈ ગઈ છે. ૧૫ દિવસ પહેલા જ ચોથી દીકીરીનો જન્મ થયો હતો, પરંતુ તે તેની માતા પાસે જીવિત છે. પોલીસની પ્રાથમિક તપાસમાં આર્થિક ભીંસને કારણે આવું પગલું ભર્યાનું બહાર આવ્યું છે. દરમિયાન ગામના લોકોના કહેવા મુજબ રસિકભાઈને સંતાનમાં ત્રણ દીકરી હતી. આથી પુત્રપ્રાપ્તિની ઘેલછામાં પત્ની પાસે ચોથી ડિલિવરી કરાવી હતી. પત્ની ડિલિવરી કરવા માટે પિયર ગઈ હતી. પરંતુ ડિલિવરી દરમિયાન જાણવા મળ્યું કે પોતાને ચોથી દીકરી આવી છે, આથી તેઓ ચિંતામાં ડૂબી ગયા હતા. પુત્રપ્રાપ્તિની ઘેલછામાં પોતાની ત્રણ દીકરીઓને મોતને ઘાટ ઉતારી પોતે પણ જિંદગી ટૂંકાવી હતી. બીજી બાજુ મૃતકના પરિવારજનોએ નબળી આર્થિક સ્થિતિ હોવાથી તેણે આ પગલું ભર્યું હોવાનું જણાવ્યું હતું.

# ભાવનગર-પ્રેમિકાને પામવા પ્રેમીના હત્યા કેસમાં બીજો આરોપી ઝબ્બે

ભાવનગર : ભાવનગરમાં પ્રણય ત્રિકોણમાં હત્યા થવાના કેસમાં બીજા આરોપીની ધરપકડ થઈ છે. શહેરના બોરતળાવ રામજી મંદિર પાસે આવેલ પ્લોટ નં.૪૧/૧માં રહેતાં અને હિરાની છૂટક મજૂરી કરતાં સંજયભાઈ ધનજીભાઈ મેર (ઉ.વ.૨૮)ની ગત ગુરૂવાર રાત્રીએ શહેરના જવેલ્સ સર્કલથી ઈસ્કોન કલબ જવાના માર્ગે વિકટોરિયા પાર્કની દિવાલ પાસે બે શખ્સો હત્યા કરી ફરાર થઈ ગયા હતા. પોલીસે મૃતક યુવાનની પ્રેમ સંબંધના કારણે હત્યા થઈ હોવાની બાતમી અને શંકાના આધારે તપાસ હાથ ધરી મેહુલ ઉર્ફે કાનો સોંડાભાઈ બાબરિયાની હત્યાના ગણતરીના કલાકોમાં જ અટક કરી હત્યાનો ભેદ ઉકેલી નાંખયો હતો. પ્રણય ત્રિકોણ પ્રેમ સંબંધમાં એટલે કે એક યુવતીના બે પ્રેમી વચ્ચેનો ઝઘડો કારણભૂત હત્યા માટે કારણભૂત નિવડયો હોવાનું તપાસમાં ખુલ્યું હતું. પોલીસે આજે સવારે આ હત્યામાં મદદગારી કરનાર ગોવિંદ સારાભાઈ ડાંગર (રહે. ફુલસર, ખારામાં),ની અટક કરી હતી.

પોલીસે બન્ને આરોપીની અચક કરી રિમાન્ડની માંગ અર્થે કોર્ટમાં રજૂ કર્યા હતા. જયાં કોર્ટે બન્ને આરોપીના ૩ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા

# નખત્રાણામાં સગીરાને ૧૪ વર્ષીય સગાભાઈએ જ માતા બનાવી દીધી

નખત્રાણા : સૌરાષ્ટ્રના નખત્રાણા તાલુકાના એક ગામમાં સગાભાઈએ બેન સાથે શારિરીક સંબંધ બાંધતા તે ભાઈના બાળકની માતા બની છે. અહીં ચોંકાવનારી એક એવી પણ હકિકત છે કે, ષોડષી કન્યાને ગર્ભવતી બનાવનાર તેના ભાઈની વય હજુ ૧૪ વર્ષની પણ નથી.

બુધવારે બપોરે નખત્રાણાની એક શાળામાં અભ્યાસ કરતી ૧૫ વર્ષ અને ૭ માસની વય ધરાવતી બાળાને બપોરે એકાદ વાગ્યાના સુમારે અચાનક જ પેટમાં દર્દ થવા લાગ્યું હતું. શિક્ષકોને તે દર્દ પણ સમજાતું નહોતું ઋતુચક્રના બારણે આ પ્રકારનું દર્દ થતું હોવાનું લાગતા તેને નગરના ગાયનેકોલોજીસ્ટ પાસે લઈ જવામાં આવી હતી. બાળાનું પેટ જોઈને જ સમજી ગયેલા ગાયનેકોલોજીસ્ટે જયારે એમ કહ્યું કે, બાળા ગર્ભવતી છે અને ગમે તે ક્ષણે પ્રસૃતિ કરવી પડશે ત્યારે ઘડીભર તો તેની સાથે આવેલા શિક્ષકો હેબતાઈ ગયા હતા.

બનાવની ગંભીરતા સમજી તેના વાલીઓની જાણ કરવામાં આવી ત્યારે તેમના પર તો આભ જ તુટી પડયું હતું. બીજી તરફ ગાયનેકોલોજીસ્ટે બાળાની પ્રસુતિ કરાવી હતી અને બાળકનો જન્મ થયો હતો. આ તરફ તેના પિતા પર તો જાણે આફત તુટી પડી હતી.

# રાજકોટની લેડી ડોનની SP અને પીઆઈને ખુલ્લી ધમકી, 'ખોટું કર્યું છે ભોગવવું પડશે'

રાજકોટ : જુનાગઢમાં અસંખ્ય ગુના આચરનારી નામચીન સોનું ઉર્ફે સોનલ ઉર્ફે ઉષા ચંદુભાઈ ડાંગર હંમેશા ચર્ચામાં રહે છે. થોડા સમય પહેલા જ તે પોતાના મિત્રો સાથે અમદાવાદાના ઓઢવની એક હોટલમાં દોરૂનું સેવન કરતા ઝડપાઈ હતી. આ મામલે પોલીસે રાજકોટની કુખ્યાત લેડી ડોન સોનુ ડાંગર સહિત ચાર લોકોની ધરપકડ કરી લીધી હતી. હવે સોનુનો ડાંગરનો એક વીડિયો સોશિયલ મીડિયામાં ખુબ વાયરલ થઈ રહ્યો છે જેમા તે અમરેલી એસ.પી.અને પી.આઈ.ડોડીયાને ધમકી આપી રહી છે. વીડિયોમાં સોનુ એવું જણાવી રહી છે કે, પોલીસે તેના મિત્ર મુન્ના સાથે ખોટું કર્યું છે માટે તેમને હવે તેનું પરિણામ ભોગવવું પડશે. વીડિયો બાદ સોનુ ડાંગર સામે પોલીસ શું કાર્યવાહી કરે છે તે જોવું રહ્યું પરંતુ સોનુના આ વીડિયોથી સાફ સમજી શકાય છે કે, આ લેડી ડોનને પોલીસનો કે કાયદાનો કોઈ ડર નથી રહ્યો.

### ૧૮ સ્થળોએ દરોડા પાડ્યા પણ ડોન હાથમાં ન આવી



રાજકોટની લેડી ડોન સોનુ ડાંગરની ધરપકડ માટે પોલીસે ૧૮ જેટલા સ્થળોએ છાપા માર્યા હતાં. જો કે આમ છતાં તે લેડીડોન પોલીસના હાથમાં આવી ન હતી. રાજકોટની લેડી ડોન સોનુ ડાંગર પોતાના સાગરીતો સાથે અમદાવાદના ઓઢવ વિસ્તારમાં પોલીસના હાથે દારુની મહેફીલ માણતા ઝડપાય બાદ તેની સાથે રહેલા મુન્ના વિંછીયા અને ગોતમનો અમરેલી પોલીસે કબજો મેળવ્યો હતો.






હવે, સ્વદેશ વેબસાઈટના બદલાતા ક્લેવર
નિહાળો નીત નવા રૂપરંગમાં !!
માત્ર ગરવી ગુજરાત કે મેરા ભારત મહાન જ નહિ પરંતુ સમગ્ર વિશ્વની અટારીએ સર્જાતી
અનેકવિધ ઘટનાઓનો સાક્ષાત્કાર ક્ષણેક્ષણ માણો !!
રાજકારણ, સમાજ, ધર્મ, શિક્ષણ, રમતગમત, મનોરંજનનો મહાસાગર, હોલીવુડ-બોલીવુડ,
પ્રવાસ-પર્યટન, પર્યાવરણ તથા આરોગ્ય વિષયક માહિતીના રોમાંચક ખજાનાનો આવિષ્કાર !!
www.swadesh.news
સ્વદેશમાં વિજ્ઞાપનો માટે ઈમેલ એડ્રેસ પર માહિતી મોકલો
info@swadesh.news
હવે પછી નીચે મુજબના સરનામે તમામ પોસ્ટલ વ્યવહાર કરવા વિનંતી.
23 Lyric Road, Brampton ON L6S 0B4.

## વિવિધ રોગોથી પ્રતિવર્ષ થતા મૃત્યુના કારણોમાં કેન્સરનું સ્થાન સાતમાં સ્થાનેથી ચોથા સ્થાને આવ્યું

# સમગ્ર દુનિયામાં વિકરાળ પંજો ફેલાવતું કેન્સર

**ઓફબીટ**
**ધવલ શુક્લ**

આમ તો વીતેલા ૩ દાયકામાં મેડિકલ ક્ષેત્રમાં અનેકવિધ સંશોધનો થયા છે. જેમાં કેટલાક કિસ્સાઓમાં તો કેન્સર સુદ્ધાને દૂર કરવાના દાવા પણ કરાયા છે. પરંતુ આમ છતાં કેન્સરના દર્દીઓની સંખ્યા દુનિયામાં વધતી જઈ રહી છે. તાજેતરના એક અહેવાલમાં ૨૦૧૯માં મૃત્યુના કારણોમાં કેન્સરનું સ્થાન ક્રમે રહ્યું છે. અગાઉ ફિલ્મોમાં જ્યારે કેન્સરની વાતો કરાતી હતી ત્યારે કોઈને આ કેન્સરના કેટલા પ્રકાર હોય, કિમોથેરાપી જેવી કોઈ વસ્તુ પણ હોય છે કે કેમ, એવી બધી કંઈ ખબર નહોતી. સિત્તેર એશીંના દાયકામાં હજી વિદેશો પણ આ ક્ષેત્રે સંશોધનો આગળ વધી રહ્યાં હતા. અને ભારત એટલે કે પૂર્વ દીશાના દેશોમાં તો આ રોગ તે સમયે જવલ્લે જ સાંભળવા મળતો હતો.

નેવુંના દાયકાની શરૂઆતમાં સરકાર દ્વારા જનહિતમે જારી પ્રકારની પોલિયોના વેક્સિન વગેરેની જાહેરાતો પ્રસારિત થતી હતી. શાળાના પાઠ્ય પુસ્તકોમાં બેરીબેરી કે ગોઈટર કે મલેરિયા વિષે વાતો કરાતી હતી. પણ કેન્સર બહુ દુરની બાબત ગણાતી હતી. પરંતુ છેલ્લા બે દાયકામાં આ કેન્સર નામનો કરચલો ધીરે ધીરે પૂર્વના દેશની બહુ નજીક આવી ગયો છે. ઋષિ કપૂર, સોનાલી બેન્દ્રે, મનિષા કોઈરાલા, ઈરફાન ખાન, ઈમરાન હાશમીનો નાનકડો દીકરો, મનોહર પરિકર, આયુષ્યમાન ખુરાનાની પત્ની તાહિરા, કશ્યપ ખુરાના આ બધાં જ જાણીતા નામો સાથે કેન્સરનું નામ પણ જોડાયેલું છે. વળી, આ બધા જાણીતા હોવાને કારણે તેમની બિમારીની વાત પણ રાષ્ટ્રીય સ્તરે ચર્ચાય છે. તેની વાત અખબારો અને અન્ય મિડીયામાં કરાય છે. પરંતુ શું કેન્સરે પ્રખ્યાત લોકોને જ પકડમાં લીધા છે. ના એમ બિલકુલ નથી.

આજે મિત્રવર્તુળમાં, સગાં, કુટુંબજનોથી માંડીને આસપાસનાં માહોલમાં કેન્સર શબ્દ વારંવાર સભળાતો થયો છે. આમ તો કેન્સર કોઈ ચેપી રોગ નથી. પરંતુ તેમ છતાં કેન્સરનું પ્રમાણ અચાનક જ આટલું બધુ વધ્યું છે ત્યારે તેના કારણો અને ઉપાયોની ચર્ચા કરવી પડે તેમ છે. એક રિપોર્ટમાં યુએસ નેશનલ કેન્સર ઈન્સ્ટિયૂટમાં કામ કરનારા શ્રી કૃષ્ણાએ જણાવ્યું કે, ૨૦૧૫માં થયેલા એક સરવેમાં અમેરિકામાં દર ત્રણ વ્યક્તિએ એક વ્યક્તિ કેન્સરનો ભોગ બનતી, આ આંકડાની સરખામણીએ ભારતની સ્થિતિ હજી એટલી વરવી નથી થઈ. પરંતુ નેવુંના દાયકાની સરખામણીએ વિવિધ રોગોથી થતા મૃત્યુની યાદીમાં કેન્સરનું સ્થાન સાતમાં સ્થાનેથી ૨૦૧૯માં ચોથા સ્થાને આવ્યું છે.

ભારતમાં કેન્સર થવાના સૌથી મોટા કારણમાં તમાકુનું સેવન અને ધુમ્રપાનનો સમાવેશ થાય છે. પણ ખરેખર તો કેન્સરનાં કેસ વધતાં હોવાનું મૂળ જનીનમાં રહેલું છે. આપણા શરીરમાં ખરબો કોષ છે અને તે સતત ફરીને ફરી બનતા રહે છે. કેન્સર જેનેટિકલી વેર એન્ડ ટેરનો રોગ છે એટલે કે જેમ કોઈપણ વસ્તુની વય કે વપરાશ વધે તેમ સમયાંતરે તેની મૂળ નવી નક્કોર સ્થિતિ જૂની થતી જાય. આપણા શરીરમાં કોષનું સતત વિભાજન થતું રહે છે તે આપમેળે જ પોતાના જેવા બીજા કોષ રચે છે. જે રચનામાં તે ડીએનએનાં બંધારણની પણ નકલ કરે છે. હવે જ્યારે કોઈ પ્રક્રિયા આપ મેળે સતત ચાલ્યા કરતી હોય ત્યારે તેમાં ક્યારેક કોઈ ચૂક પણ થઈ શકે છે. જેમ કે ઝડપથી ટાઈપિંગ કરતા હોઈએ તો ક્યારેક આપણે કોઈ ભૂલ કરી બેસીએ. પણ તેની પર આપણું ધ્યાન ન જાય. કારણ કે, આપણે એક સરખા રિધમમાં કામ કરી રહ્યા હોઈએ છીએ.

કોષની આ પુનઃરચનાની પ્રક્રિયામાં, ખાસ કરીને ડીએનએના બંધારણને ફરી રચવામાં જો આવી કોઈ ચૂક થઈ જાય તો ડીએનએનો પાયો જ ભૂલ ભરેલો બંધાય છે. આ ભૂલને મ્યુટેશન એટલે કે, એક પ્રકારનો ફેરફાર કહેવાય છે. હવે આમ તો આ ફેરફાર નિર્દોષ હોય છે અને અન્ય શારીરિક પ્રક્રિયાઓને પગલે તેની પર એક જાતનો પહેરો પણ રહે છે. પણ ઘણીવાર આ ફેરફારને કારણે કોષનું પુનઃ ઉત્પાદન કે નકલ ધાર્યા કરતા વધારે પ્રમાણમાં અને સતત થાય તેવું પણ બનતું હોય છે. આ પ્રકારના કોષ મરતા નથી અને આ જ કેન્સર જન્ય કોષ હોય છે. કેન્સરના કોષનું અનિયંત્રિત વિભાજન થયા કરે તે સ્વાભાવિક રીતે જ આપણા અવયવો પર બહુ મોટું જોખમ છે. તે માનવશરીરના અવયવોના સામાન્ય કાર્યમાં દખલ કરી શકે છે. તે અવયવ માટે જરૂરી તમામ સ્ત્રોતનો ઉપયોગ કરી લઈ શકે છે. અન્ય સ્વસ્થ કોષ શરીરનાં અવયવોનું હિત જુએ છે અને એ માટે પોતાની ક્ષમતા પુરી થાય તો ખતમ પણ થઈ જાય છે.

જ્યારે કેન્સરના કોષ માટે પોતાનું હોવું પોતે જીવમાં છે તેના કરતા વધારે અગત્યનું બની જાય છે. જીવન જેટલું લાંબુ હોય એટલું જિનેટિકએજિંગ થાય અને આ કારણે અમુક કોષોમાં કેન્સરજન્ય ફેરફાર થવાની શક્યતા વધી જાય છે. તેને કારણે માણસ કેન્સરનો ભોગ બને છે. ભારતમાં કેન્સર રિસર્ચ અને સારવારનાં સંશોધનમાં મોટાપાયે રોકાણ થાય તો કેન્સર નામના રોગની ચુંગાલમાંથી હજારો, લાખો દર્દીઓ છુટી જાય તેમ છે. પશ્ચિમિ દેશોમાં કેન્સર સર્વાઈવર્સની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે. કારણ કે ત્યાં કેન્સરને શરૂઆતનાં તબક્કામાં જ પકડી લઈ તેની સારવારને મામલે ઘણી પ્રગતિ થઈ ચુકી છે. જ્યારે ભારતમાં હકારાત્મક દષ્ટિકોણથી જોઈએ તો આજે લાઈફ એક્સપેક્ટન્સી વધી છે. જે ખરેખર કાબિલ-એ-તારીફ છે. વળી, શરીર પણ પહેલાં કરતાં ઘણું મોડું વૃદ્ધ થાય છે જે સારી બાબત છે. પહેલાના દાયકાઓમાં તો મોત જ વહેલું આવતું એટલે કેન્સરનાં કોષને પેલા મ્યુટેશનમાંથી બમણા થવાનો મોકો જ નહોતો મળતો.



ભારતમાં કેન્સર થવાના સૌથી મોટા કારણમાં તમાકુનું સેવન અને ધુમ્રપાનને ગણાય છે પણ ખરેખર તો તેનું મૂળ જનીનમાં રહેલું છે, નવા સંશોધનો અને કસરત તથા જાગૃતિ જેવી બાબતો દર્દીઓને રાહતરૂપ નિવડી શકે

પ્લેગ, મલેરિયા, પોલિયો, ઓરી-અછબડાં, ટીબી જેવા કેટલા બધાં અવરોધો માણસ જાતે પાર કર્યા છે. સ્વાભાવિક છે કે, એ બધાંને જેર કરવામાં માણસજાત સફળ રહી છે. વળી વૈશ્વિક સ્તરે થતાં સંશોધનોમાં એ બહાર આવ્યું છે કે, અમુક કેન્સરના કોષો ક્યારેક ચેપી માધ્યમોને લીધે પણ પેદા થતા હોય છે, જેની ઉપર નિયંત્રણ મેળવવાની કામગીરી ક્યારની ય ચાલુ થઈ ગઈ છે. વિજ્ઞાનમાં પ્રગતિ થયા જ કરશે. કેન્સરનાં જિનેટિક નિશાનને પકડી પડતા જિનોમિકર્સ શોધ પણ ચાલે છે તો નનોરોબોટ્ સકોષિયહાનિને દૂર કરીને તેની આડઅસર ખતમ કરી શકે તેવી પ્રક્રિયાઓ પર પણ કામ ચાલે છે. નવા સંશોધનની શક્યતાઓ અઢળક છે. વળી કેટલીક નાની બાબતોને લાઈફ-સ્ટાઈલમાં ઉમેરવાથી પણ કેન્સરના કોષને શરીરમાં બનતા અટકાવી શકાય છે. વગર કારણની તાણ કે સ્ટ્રેટ પણ કેન્સરનું કારણ બની શકે છે. સ્ટ્રેસને કારણે શરીરમાં કોર્ટોસોલ વધે છે. જેને કારણે મેલાટોનીન ઘટે છે, મેલાટોનીન એ સ્વસ્થ રોગ પ્રતિકારક શક્તિ માટે અનિવાર્ય છે. યોગ, સેલ્ફ હપ્રોસિઝ, મેડિટેશન જેવી મનને રિલેક્સ કરતી બાબતો દ્વારા હાર્મોન્સને બેલન્સ કરી શકાય છે. નિયમિત કસરત કે થોડી ઘણી ફોકસ્ડ શારીરિક મુવમેન્ટને કારણે પ્રતિકારક શક્તિ બહેતર બને છે. જે ટિસ્યુનાપરફયુઝનને પણ સુધારે છે. કસરતને કારણે કોષમાં રહેલું ગ્લકોલિસીસ પણ પ્રવૃત્ત રહે છે. ગ્રીન ટી પીવાથી ઓરલ કેન્સરના કોષ નાશ પામે છે તેવું શોધાયું છે. આમ હવે માનવસમુદાયે કેન્સર બાબતે કાળજી રાખવાની જરૂરિયાત ફરી ઉભી થઈ છે.

# સ્વદેશ

## પ્રખ્યાત અભિનેતા ડો. શ્રીરામ લાગુનું નિધન



મુંબઈ : મશહૂર અભિનેતા ડૉ.શ્રીરામ લાગૂનું ૯૨ વર્ષની વયે નિધન થયું. છેલ્લાં ઘણા સમયથી બીમાર લાગૂનું નિધન કાર્ડિયાક અરેસ્ટના લીધે થયું છે. તેમના દીકરા અને વહુ અમેરિકાથી આવ્યા બાદ ડૉ.લાગૂના અંતિમ સંસ્કાર કરાયું હતું. ડૉ.શ્રીરામ લાગૂના નિધન પર ફિલ્મજગતની હસ્તીઓની સાથો સાથ રાજકીય નેતાઓએ પણ દુઃખ વ્યકત કર્યુ છે. મહારાષ્ટ્રના મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરે એ શ્રીરામ લાગૂને 'નટસમ્રાટ' ગણાવતા તેમને શ્રદ્ધાંજલિ અર્પિત કરી. 'નટસમ્રાટ' એ મરાઠી નાટકનું નામ છે, જેમાં શ્રીરામ લાગૂએ અભિનય કર્યો હતો. 'નટસમ્રાટ' નાટકમાં લાગૂએ ગણપત બેલવકરની ભૂમિકા નિભાવી હતી, જેને મરાઠી થિએટર માટે મીલનો પથ્થર મનાય છે. સીએમ ઉદ્ધવ ઠાકરેએ પોતાના શોક સંદેશમાં કહ્યું, 'મરાઠી રંગમંચ' એ પોતાના પ્યારા નટસમ્રાટને ગુમાવી દીધા. રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એનસીપી)ના નેતા અજીત પવારે કહ્યું કે લાગૂના નિધનના સમાચાર દુઃખદ છે.

## અભિનેતા સલમાન ખાનના ઘરને બોમ્બથી ફૂંકી મારવાની ધમકી



મુંબઈ : 'દબંગ' સ્ટાર સલમાન ખાનના બાંદરા સ્થિત ઘરમાં બોમ્બ વિસ્ફોટ કરવાના ધમકીભર્યો ઈ-મેલ મુંબઈ પોલીસને કરનારા ૧૬ વર્ષીય કિશોરને ઉત્તર પ્રદેશથી ઝડપી લેવામાં આવ્યો છે. આરોપી કિશોરે ગત ૪ ડિસેમ્બરના મુંબઈ પોલીસના કન્ટ્રોલ રૂમમાં ઈ-મેલ મોકલ્યો હતો. 'બાંદરા મે ગેલેકસી, સલમાન ખાન કે ઘર પર અગલે દો ઘંટે મેં બ્લાસ્ટ હોગા, રોક સકતે હો તો રોક લો' એવી ઈ-મેલમાં ધમકી આપવામાં આવી હતી. બાદમાં મુંબઈ પોલીસના સિનિયર ઓફિસર, બોમ્બ ડિટેકશન એન્ડ ડિસ્પોઝલ સ્કવોડ, ડોગ સ્કવોડ અભિનેતા સલમાન ખાનના ઘરે પહોંચી ગયા હતા. તે સમયે સલમાન ખાન ઘરે નહોતો. પણ સલમાનના પિતા સલીમ, બહેન સહિત પરિવારના તમામ લોકોને ઘરની બહાર લઈ જવામાં આવ્યા હતા. ત્યાર પછી અંદાજે ચાર કલાક સુધી સલમાનનું ઘર અને સંપૂર્ણ બિલ્ડિંગની ઝીણવટભરી તપાસ કરવામાં આવી હતી. પણ બોમ્બ કે અન્ય કોઈ શંકાસ્પદ વસ્તુ મળી નહોતી. આમ ઈ-મેલ દ્વારા મળેલી ધમકી અપવા પુરવાર થઈ હતી. બીજી તરફ પોલીસને તપાસ દરમિયાન આ ગુનામાં ઉત્તર પ્રદેશના ગાઝીયાબાદનો ૧૬ વર્ષીય કિશોર સંડોવાયેલો હોવાનું માલૂમ પડયું હતું. પોલીસે તેને ઝડપી લીધો હતો.

## અનન્યાએ ઓટીપી પ્લેટફોર્મ પર કામ કરવા ઇચ્છા વ્યક્ત કરી



મુંબઈ : બોલીવુડમાં સફળ એન્ટ્રી કરનાર સ્ટાર કિડ્સ અનન્યા પાંડેએ ઓટોપી પ્લેટફોર્મ પર કરવા ઈચ્છા વ્યક્ત કરી હતી. અનન્યા પાડે બોલીવૂડમા ધીમે ધીમે પોતાનુ સ્થાન જમાવી જાય છે. છેલ્લે તે 'પતિ, પત્ની ઔર વોહ'મા જોવા મળી હતી. અનન્યા પાસે હજી ઘણી ફિલ્મો છે. છતા તેને ઓટીપી પ્લેટફોર્મ પર કામ કરવની ઈચ્છા છે. '' મને 'ઘોસ્ટ સ્ટોરીઝ' જેવી વેબ સીરીજની ઓફર મળશે તો હુ ચોક્કસ આવી વેબ સીરીજમા કામ કરવા રાજી થઈશ. મારા પિતા પણ વેબ સીરીઝમા કામ કરે છે. હુ પણમસારી તકનીરાહ જોઈ રહી છુ. મારે વગર વિચાર્યે ભૂસકો મારવો નથી,'' તેમ અનન્યાએ જણાવ્યુ હતુ. તેણે વધુમા કહ્યુ હતુ કે,જે એકટર્સો ડિજીટલ પ્લેટફોર્મ પર કામ કરી રહ્યા છે, તના પર મને ગર્વ છે. આ માધ્યમ પર પણ દર્શકોનો સારો રિસપોન્સ મળી રહ્યો છે. '' જો સૂત્રની વાત સાચી માનીએ તો, અનન્યાને ઘણા શોની ઓફર મળી ચુકી છે. અભિનેત્રી અનન્યા પાંડેએ 'સ્ટુડન્ટ ઓફ ધ યર-૨'થી બોલીવૂડમાં પદાર્પણ કર્યુ તેનાથી પહેલાથી જ સોશ્યલ મીડિયાના માધ્યમથી ખાસ્સી લોકપ્રિય હતી. ખાસ કરીને ફેશનિસ્ટા તરીકે. તેના ઈન્સ્ટાગ્રામ પરના ફોટા જોઈને લોકો ઘેલાં થઈ જતાં. સોશ્યલ મીડિયા પર તેના ચાહકોની સંખ્યા નાનીસુની નહોતી. અને ફિલ્મોમાં આવ્યા પછી તો તેની સ્ટાઈલમાં ઘરખમ વૃધ્ધિ થઈ છે. અલબત્ત, એ સ્વાભાવિક પણ છે. આમ છતાં તમને જાણીને આશ્ચર્ય થશે કે અનન્યાને તેના પિતા ચંકી પાંડેની સ્ટાઈલ વધુ ગમે છે. -અદાકારા કહે છે કે મારા પપ્પા હંમેશાં બહુ હળવા રહી શકે છે. વાસ્તવમાં તેમની સાદગી જ તેમની સ્ટાઈલ છે. તેઓ પોતાના પરિધાન અને મેકઅપમાં કાયમ કેઝ્યુઅલ જ રહે છે.



## મૌની રોય રોય હવે આગામી ફિલ્મમાં આમીર ખાન સાથે નજરે પડશે

મુંબઈ : પ્રથમ ફિલ્મ ગોલ્ડને બોક્સ ઓફિસ પર રેકોર્ડ સફળતા મળ્યા બાદ મૌની રોયની બોલબાલા સતત વધી રહી છે. તેની પાસે નવી નવી ફિલ્મો આવી રહી છે. તે હવે બોલિવુડના સૌથી મોટા સ્ટાર પૈકી એક એવા આમીર ખાનની સાથે કામ કરવા જઈ રહી છે. મોગલ નામથી આ ફિલ્મનુ નિર્માણ કરવામાં આવી રહ્યુ છે. જેમાં આમીર ખાન ગુલશન કુમારના રોલમાં દેખાશે. આવી જ રીતે ગુલશન ગ્રોવર દાઉદ ઈબ્રાહિમના રોલમાં દેખાશે. મૌની રોય ફિલ્મને લઈને ખુશ છે. ફિલ્મને વહેલી તકે રજૂ કરવાની યોજના ચાલી રહી છે. અક્ષય કુમાર પોતે પણ તેની એકિંટગ કુશળતાથી ભારે પ્રભાવિત રહ્યો છે. તે કહી ચુક્યો છે કે મૌની બોલિવુડમાં અનેક ફિલ્મોમાં ટુંકાં સમયમાં જ કામ કરી લશે. નાના પરદાની નાગિન એટલે કે મૌની રોય બોલિવુડમાં દિન પ્રતિદિન લોકપ્રિયતા મેળવી રહી છે. તેની પાસે હવે મોટી મોટી ફિલ્મો આવી રહી છે. તેની કિસ્મત હાલમાં લોકપ્રિયતાની ચરમસીમા પર છે. મૌની રોય મુળભુતરીતે મોટા પરદા પર ફિલ્મ રણ અને તુમ બિન-૨ના ગીતમાં ખાસ રીતે નજરે પડી ચુકી છે. મૌની રોય ગોલ્ડ બાદ બ્રહ્માસ્ત્ર નામની ફિલ્મમાં પણ કામ કરી રહી છે. જેમાં અમિતાભ બચ્ચન, રણબીર કપુર અને આલિયા ભટ્ટ કામ કરી રહી છે. બ્રહ્માસ્ત્ર ફિલ્મમાં તે આલિયા ભટ્ટ અને રણબીર કપુરની સાથે નજરે પડનાર છે.



## કરણ જોહરના કહેવાથી જ્હાન્વીએ સાઉથની ફિલ્મ સાઈન કરી

મુંબઈ : જાહ્નવી કપૂરે કરણજોહરના બેનરથી બોલીવૂડમાં કારકિર્દી શરૂ કરી છે. આ પછી તેને ફિલ્મોની સતત ઓફરો મળતી રહે છે. હિંદી ફિલ્મોમાં સ્થાન જમાવ્યા બાદ જાહ્નવીએ હવે તેની માતા શ્રીદેવીની માફક સાઉથની ફિલ્મોમાં કામ કરવાનો નિર્ણય લીધો છે. મીડિયાના રિપોર્ટસની વાત સાચી માનવામાં આવે તો, જાહ્નવીએ સાઉથની ફિલ્મ 'અર્જુન રેડ્ડી'ના સ્ટાર વિજય દેવકોંડાની ફિલ્મ સાઈન કરવાની છે. આ ફિલ્મમાં તે વિજય સાથે રોમાન્સ કરતી જોવા મળશે. આ ફિલ્મનું દિગ્દર્શન પુરી જગન્નાથ કરશે. કહેવાય છે કે, આ ફિલ્મ માટે જાહ્નવીના નામની ભલામણ સ્વયં કરણ જોહરે કરી હતી. કહેવાય છે કે, વિજયદેવકોંડાની આ ફિલ્મ માટે આલિયા ભટ્ટ અને અનન્યા પાંડેના નામનો પણ વિચાર કરવામાં આવ્યો હતો. પરંતુ ફિલ્મસર્જકે જાહ્નવીના નામ પર મહોર લગાડી છે. કરણ જોહરે ફિલ્મ સર્જકને ફિલ્મની અભિનેત્રીના નિર્ણય માટે મદદ કરી હતી. હવે જાહ્નવી આ ફિલ્મનો હિસ્સો બન્યા બાદ પોતાની તારીખ એડજેસ્ટ કરી રહી છે જેથી તે ફેબ્રુઆરીમાં આ ફિલ્મનું શૂટિંગ શરૂ કરી શકે. આ ફિલ્મને લઈને હજી સુધી કોઈ સત્તાવાર ઘોષણા કરવામાં આવી નથી, પરંતુ જલદી કરવામાં આવશે.

## લ્યો બોલો! કરિનાએ પ્રિયંકા-નિકના ઉંમરને લઈ વિવાદ છેડતા ટ્રોલ થઈ

ઘણીવાર બોલિવૂડમાં હીરોઈન વચ્ચે લડાઈ ઝઘડા સામે આવતા હોય છે. પરંતુ સમય સાથે તેમાં પણ બદલાવ આવતો દેખાતો હોય છે. ઘણી એવી અભિનેત્રી છે કે જે એવું બયાન આપે કે સાપ પણ મરી જાય અને લાકડી પણ ન તૂટે. હાલમાં કરિના કપૂરે પણ કંઈક એવું જ કહ્યું પ્રિયંકા અને નિકના પ્રેમ વિશે. કે જે ખુબ ચર્ચાનો વિષય બન્યો છે. જો કે આ પહેલા પણ કરણ જોહરના શોમાં કરિના અને પ્રિયંકા વચ્ચેની નારાજગી જાહેર થઈ ચૂકી છે.

કરિના અને સૈફના લગ્ન સમયે પણ ઉંમરના ગેપની ચર્ચા ખુબ થઈ હતી. પ્રિયંકા-નિકમાં પણ આ જ વાતનું પુનરાવર્તન સોશિયલ મીડિયામાં થતું જોવા મળ્યું હતું. પરંતુ એકવાર ફરી કરિનાએ પ્રિયંકા અને નિક પર નિશાન સાધ્યું છે.

ગૂડ ન્યૂઝના પ્રમોશન વખતે કરિનાને પુછવામાં આવ્યું કે હાલમાં



ફિલ્મમાં જ્યારે ૫૦ વર્ષનો હીરો હોય અને ૨૦ વર્ષની હીરોઈન હોય તો કોઈને વાંધો નથી પરંતુ ૫૦ વર્ષની અભિનેત્રી કંઈક એવા સીન કરે તો તેને શા માટે જસ્ટિફાય કરવામાં આવે છે. તો એના જવાબમાં કરિનાએ પહેલા તો પ્રિયંકા અને નિક વચ્ચેના ઉંમરના તફાવતને ટાર્ગેટ કર્યો અને પછી તરત જ પોતાનું અને સૈફનું ઉદાહરણ દઈ લીધું.

કરિનાએ જવાબ આપતાં કહ્યું કે, આવું બધું લોકોના કારણે છે. લોકો આવા વિચારો ધરાવે છે. તેમને લાગે છે કે ૫૦ ઉંમરની સ્ત્રી છે તો તલાક-શુદા હશે. હવે હું પર ઉંમરના એ પડાવ પર પહોંચી છું. પરંતુ હું ફિલ્મમાં જરૂર એ પ્રકારના સીન કરીશ અને લોકોના મનમાંથી આ વિચારશ્રેણીને બદલવાનો પ્રયાસ કરીશ. હું આશા રાખું છું કે લોકોના આવા વિચારો પર બ્રેક લાગે. કારણ કે આવું રિયલ લાઈફમાં પણ થાય છે. હવે જુઓ પ્રિંયકા અને નિકનેપઆ બન્ને અલગ અલગ જનરેશનના જ છે. છતાં બન્નેને પ્રેમ થયો છે ને!







# હોલિવુડની હલચલ

## મોડેલના બંગલામાંથી ૪૭૫ કરોડની ચોરી



લોસએન્જલસ : સામાન્ય માણસના ઘરમાં ચોરી અને લૂંટફાટ એ એક સામાન્ય ઘટના ગણવામાં આવે છે. પરંતુ જ્યારે કોઈ સુપરસ્ટાર સેલેબ્સના ઘરમાં ચોરી અને એ પણ ૪૭૫ કરોડની તો મોટો મુદ્દો બની જતો હોય છે. તેના પડઘા પણ એટલા જ પડતાં જોવા મળે છે. કંઈક એવું જ બન્યું છે લંડનમાં એક મોડેલના ઘરમાં. એક રિપોર્ટ પ્રમાણે ચોરોએ તમારા એકલેસ્ટોન નામની પ્રખ્યાત મોડેલના ઘરમાંથી માત્ર ૫૦ મિનિટમાં જ કિમતી જ્વેલરી બૂચ મારી ગયા. હાલમાં આ મોડેલ પોતાના પતિ સાથે રહે છે. તમારાનો ખુદનો એક આલિશાન બંગલો છે. આ બંગલાની કિમત્ત પણ ૬૬૫ કરોડ રૂપિયા જણાવવામાં આવી રહી છે. આ જ મોંઘાદાટ ઘરમાં ચોરી કરવામાં આવી છે. શુક્રવારની રાત્રે બનેલી ઘટનાને લઈ તમારા સહિત પુરો પરિવાર શોકમાં છે. ચોરોએ એક કલાકથી પણ ઓછા સમયમાં આ ચોરીને અંજામ આપ્યો હતો. બધી જ જ્વેલરી ૫૦ મિનિટમાં જ બૂચ મારી લીધી અને ગાયબ થઈ ગયા. ચોરીની ઘટના બની એના થોડો સમય પહેલા જ તમારા ક્રિસમસ ઉજવવા દેશમાંથી બહાર નીકળી હતી. તેમજ તમારાનું ઘર જે વિસ્તારમાં છે એ લંડનનો એક પ્રખ્યાત વિસ્તાર માનવામાં આવે છે. એટલે આવા પ્રખ્યાત વિસ્તારમાં ચોરી એ પણ એક પ્રશાનન સામે સવાલ ઉભો થાય છે. કારણ કે આ વિસ્તારમાં ૨૪ કલાક પોલીસનો બંદોબસ્ત હાજર હોય છે.

## જેનિફર લોપેઝે ૫૦ની ઉંમરે સ્ટ્રિપરની ભૂમિકા ભજવી



લોસએન્જલસ : સિંગર- એક્ટર જેનિફર લોપેઝે એની છેલ્લી રિલીઝ થયેલી ફિલ્મ હસલરમાં અભિનય કરવા માટે એક પેની ફી ન વસૂલી હોવાનો દાવો કર્યો છે. એ વાત જુદી છે કે જેનિફર જ આ ફિલ્મની નિર્માત્રી છે. ૫૦ વર્ષી અભિનેત્રીએ કહ્યું કે ૨૦૧૫ માં અમેરિકાના એક સામયિકના લેબ ૫ રથી આ ફિલ્મની કલ્પના કરવામાં આવી હતી. મેનહટ્ટનના સ્ટ્રિપરોને લાગ્યું કે એમના વોલ સ્ટ્રીટના ક્લાયન્ટોની સામે નૃત્ય કરી તેઓ માતબર નાણા કમાઈ શકશે. અને તેઓ કમાયા પણ ખરા. આ અહેવાલની તુલના અમુક લોકોએ રોબિનહૂડની કથા સાથે કરી. જેમાં રોબિનહૂડ શ્રીમંતો પાસેથી લૂંટેલા નાણા ગરીબોમાં વહેંચી દેતો હતો. ઓપનિંગ વીકમાં જ આ ફિલ્મે બોક્સ ઓફિસ પર લાખો ડોલરની કમાણી કરી હતી. જો કે લોપેઝે કહ્યું કે પૈસા તો આડપેદાશ છે અને એ બહેતર સિંગર, એક્ટર અને ડાન્સર તરીકે યાદ કરાય એમ ઈચ્છે છે.

## લેડી ગાગાએ એની મેકઅપ આર્ટિસ્ટના લગ્નમાં હાજરી આપી

લોસએન્જલસ : લેડી ગાગાનું મૂળ નામ સ્ટિફની જોન એન્જિલિના છે. આ અમેરિકન સિંગર, સોંગરાઈટર અને અભિનેત્રી બારસો- પંદરસો કરોડની આસામી છે. ટેલર કિન્ની અને ક્રિસ્ટિઅન કેરિનો સાથે એની રીલેશનશિપ હોલીવૂડમાં બહુચર્ચિત હતી. પરંતુ તાજેતરમાં લેડી ગાગાએ એવું કામ કર્યુ જેની પ્રશંસા એના દુશ્મનોએ પણ કરી. એ પોતાની લાંબા સમયની મેકઅપ આર્ટિસ્ટ સારાહ તનોના લગ્નમાં હાજર રહી અને એ પણ સક્રિય રીતે. અગાઉ યોજાયેલી બ્રાઈડલ પાર્ટી અને બેચલર પાર્ટીમાં પણ લેડી ગાગાએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ઉલ્લેખનીય છે કે ગયા મહિને યોજાયેલી બેચલર પાર્ટીમાં લેડી ગાગા હાજર રહી ત્યારે ઈજાગ્રસ્ત હતી. શૂળ ભોંકાતુ હોય એવી વેદનાથી પીડાતી હતી કારણ કે પાર્ટીની આગલી રાત્રે જ એક કાર્યક્રમમાં એ પીઠભેર પટકાણી હતી.

## રોબર્ટ પેટ્રિકે બાળકો માટે ભંડોળ ભેગું કર્યું

લોસએન્જલસ : રોબર્ટ પેટનસન ઈંગ્લિશ એક્ટર છે. ૧૫ વરસની વયે લંડનની થિએટર ક્લબમાં કામ શરૂ કર્યુ અને ૧૮ની ઉમરે હોલીવૂડમાં પ્રવેશ મેળવ્યો મૂળે રોબર્ટ વરણાગી પ્રકૃતિનો છે અને રંગીન મિજાજ માટે જાણીતો છે. ક્રિસ્ટન સ્ટુઅર્ટ, એફકેએ ટ્વિગસનો ભૂતપૂર્વ પાર્ટનર રહી ચૂક્યો છે. સ્ટેલા મેક્સવેલ અને નિક્કી રીડ સાથેના એના સંબંધો પણ ભારે ચર્ચાસ્પદ રહ્યા હતા. ૫૦૦ કરોડના આ આસામી એની છબિથી વિપરિત કામ માટે પ્રકાશમાં આવ્યો છે. એણે નિરાશ્રિત અને પ્રસ્થાપિતોના બાળકોના કલ્યાણ માટે ભંડોળ ઉભુ કર્યુ અને એમા પોતાનો માતબર કહી શકાય એટલી રકમનો ફાળો પણ આપ્યો. કેલિફોર્નિયા સ્થિત એક બિનસરકારી સંગઠન માટે રોબર્ટ મિત્રો અને ચાહકો પાસેથી લાખો ડોલર ભેગા કર્યા. આ કામમાં એની મદદ લિલી કોલિન્સે કરી હતી અને રોબર્ટે એની નોંધ પણ લીધી હતી.

## ક્રિસ બ્રાઉન એક્સ-ગર્લફ્રેન્ડ અનમિકા હેરિસ થકી પિતા બન્યો



ક્રિસ બ્રાઉન ફરી પાછો પિતા બન્યો છે. બાળકની માતા છે એક્સ-ગર્લફ્રેન્ડ અનમિકા હેરિસ. ક્રિસ ઓલરેડી પાંચ વરસની દીકરી રોયલ્ટીનો પિતા છે. રોયલ્ટીની મમ્મી પણ ક્રિસની એક્સ-ગર્લફ્રેન્ડ મિસા ગઝમેન છે. હકીકતમાં ક્રિસ અને એની ભૂતપૂર્વ ગર્લફ્રેન્ડ હેરિસે પુત્ર અવતર્યો હોવાની બાબતને ગુપ્ત રાખી હતી. પરંતુ હોલીવૂડના ખણખોદીયા પત્રકારોએ વટાણા વેરી નાખ્યા અને સમાચાર છાપ્યા કે ૧૯/૧૧/૧૯ ના રોજ ક્રિસ અને હેરિસ માતા-પિતા બન્યા છે. ત્યાર બાદ ક્રિસે અંગ્રેજીમાં લખેલી હૂડી સોશ્યલ મીડિયા પર શેર કરી હતી. હેરિસે લાંબો સમય પોતાની ગર્ભાવસ્થાના સમાચાર પણ ગુપ્ત રાખ્યા હતા. ક્રિસ અને અનામિકા હવે દંપત્તિ નથી પણ બંને વચ્ચે સંબંધ એકદમ સુમેળભર્યા છે.

# વસાહતીઓની કમાણીમાં વધારા માટે અનુભવ મહત્વનું પરિબળ

## ૨૦૧૯માં આવેલા વસાહતીઓને થોડા સમયમાં જ ઉંચા પગારે નોકળી મળી ગઈ

ઓન્ટેરિયો : કેનેડાનો કામનો અનુભવ વસાહતીઓને પ્રાથમિક તબક્કે કમાણીમાં વધારો કરવાની મોટી તક પુરી પાડે છે, તેવી વાત સ્ટેટિકસ કેનેડાના એક અભ્યાસમાં બહાર આવી છે. આ અભ્યાસમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે, જે લોકો ૨૦૧૬માં કાયમી વસાહતી તરીકે આવ્યા હતા, તેમને કેનેડાના કામને લઈને પ્રાથમિક તબક્કે પહેલી વખત ઊંચા પગારે નોકરીઓ મળી હતી.

નવા કાયમી નિવાસીઓ કે જેઓએ કેનેડામાં કામ કર્યું હોય અને અભ્યાસ કર્યો હોય, તેમને કેનેડામાં પ્રવેશ્યા બાદ એક જ વર્ષમાં ૩૯૮૦૦ ડોલરનો પગાર મળતો હતો. જે લોકો વર્ક પરમીટ લઈને આવ્યા હતા તેવા વસાહતીઓને ૩૮૧૦૦૦ ડોલર મળતો હતો. આ પગાર કેનેડાની સંપૂર્ણ વસ્તીની સરખામણીમાં વધુ હોવાનું સ્ટેટિકસ કેનેડા જણાવે છે. પહેલી વખત પ્રવેશ કરનારાઓનો વર્ષ ૨૦૧૬માં જે પગાર હતો તેના કરતા ૨૦૧૭માં પ્રવેશ કરનારાઓનો પગાર ૨૫,૯૦૦ ડોલર હતો તેમ અભ્યાસ કહે છે. વધુમાં ૧૯૮૧માં જે પગાર હતોં, તેના કરતા હાલનું પગાર ધોરણ ઘણું ઊંચું છે. આ તારણ જણાવે છે કે, વર્ષ ૨૦૧૭માં



કેનેડીયનોની સરેરાશ આવક ૩૬૧૦૦ ડોલર હતી. સ્ટેટિકસ કેનેડા જણાવે છે કે, પ્રવેશ કક્ષાએ પગારમાં જે વધારો મળતો હતો, તેનો આધાર કામ ચલાઉ નિવાસીઓ કે જેઓ પરમિટ હોલ્ડર હતા, તેમની સરખામણીમાં કેનેડિયન કામનો અનુભવ ધરાવનારાઓનો પગાર વધારે હતો. ૨૦૦૭ના પ્રવેશ વર્ષથી ૨૦૧૬ના પ્રવેશ સુધીમાં કરવેરા ભરનારા વસાહતીઓ કે જેઓ અનુભવ ધરાવતા હતા તેવા લોકોના પ્રવેશમાં ૧૬૬% વધારો થયો હતો. જયારે કામના અનુભવ વિનાના લોકોમાં ૨% નો વધારો થયો હતો. વસાહતીઓને કાયમી નિવાસી તરીકેની માન્યતા મળ્યાના વર્ષના આધારે તેમના પગારમાં વધારો કરવામાં આવે છે. એક વર્ષ પછી તેમનો પગાર ૨૦,૪૦૦ ડોલર હોય છે. ૨૦૧૭ સુધીમાં એ જ કામદારનો પગાર ૬૪%ના વધારા સાથે ૩૩૫૦૦ ડોલર પર પહોંચે છે. જેમણે ૧૦ વર્ષ કામ કર્યું હોય તથા વર્ક પરમીટ અને સ્ટડી પરમીટ ધરાવતા હોય તેમની સરેરાશ આવક સૌથી વધારે હોય છે. જે વસાહતીઓ માત્ર વર્ક પરમીટ ધરાવતા હોય તેમની સરેરાશ આવક ૩૬%ના વધારા સાથે ૪૮૧૦૦ ડોલર થઈ હતી.

કેનેડામા પ્રવેશ પહેલાનો અનુભવ પણ મહત્વનો ભાગ ભજવે છે. અભ્યાસ કહે છે કે, ઈકોનોમિક્સ ક્લાસના વસાહતીઓ કે જેમને વર્ષ ૨૦૧૨માં પ્રવેશ આપવામાં આવ્યો હતો તેના ૯૦% લોકોને ૫ વર્ષ બાદ પગારમાં વધારો આપવામાં આવ્યો હતો.

# વિકશીલ દેશોમાં કેનેડાના કન્ઝ્યુમર પ્રાઈસિસમાં ઝડપથી નોંધાતો વધારો

• **ઓકટોબર મહિનામાં ફુગાવાનો સરેરાશ દર ૨.૨ ટકા રહ્યો**

મોન્ટ્રિયલ : વિકસતા દેશોમાં હાલ કેનેડા એક એવો દેશ છે કે જ્યાં ઉપભોક્તા કિંમતોમાં ઝડપથી વધારો થઈ રહ્યો છે અને હાલમાં છેલ્લા દશ વર્ષની ઊંચી સપાટી ઉપર પહોંચ્યા છે.

સ્ટેટિકસ કેનેડાએ મહત્વના ક્ષેત્રના ફુગાવાનો સરેરાશ દર ઓક્ટોબર મહિનામાં ૨.૨.% હોવાનું જણાવ્યું હતું. જે વર્ષ ૨૦૦૯ કરતા સૌથી વધારે હોવાનું જાહેર કર્યું હતું. મહત્વના ક્ષેત્રમાં ગૂડ્સ અને સર્વિસ ટેક્સમાં ખાદ્યાન્ન અને ઉર્જા ક્ષેત્રને બાદ કરતા ઉપભોક્તા કિંમતોમાં વધારો થયો છે. જો કે, આ બે ક્ષેત્રોમાં પણ પ્રવાહી સ્થિતિ જણાય છે અને માસિક ધોરણે તેમાં વધારો થવાની શક્યતા છે.

અર્થ શાસ્ત્રીઓ કહે છે કે, મહત્વના ક્ષેત્રોમાં ફુગાવાનો દર ઉપભોક્તા ભાવો ઉપર વાસ્તવિક વલણ શું છે તે દર્શાવે છે. જે આઈટમોમાં પ્રવાહી પરિસ્થિતિ છે તેના સહીત કેનેડાના ઉપભોક્તા સૂચકાંકમાં નવેમ્બર મહિનામાં ૦.૧% જેટલો નજીવો ઘટાડો નોંધાયો હતો.

આમ છતાં તે એક વર્ષ પહેલા ૨.૨% કરતા વધારે હતો. જેમાં ગેસના ઘટતા ભાવની અસર જોવા મળી હતી. ગયા વર્ષે કેટલીક ચીજોના ભાવમાં વધારો થયો જેમાં મીટના ભાવમાં ૫.૨% અને બેકોનમાં ૯.૧%નો ભારે વધારો થયો હતો. કેનેડીયનો હાલમાં તેમની આવકનો મોટો ભાગ દેવું ચૂકવવા માટે ખર્ચી રહ્યા છે. તેમાં મોરગેજ વ્યાજનો ખર્ચ વધીને ૬.૬% થયો છે. તે મહત્વનો ભાગ ભજવે છે.

# સિનિયર ક્લબનો માસિક ક્રાયક્રમ ફિલ્મી ગીતો સાથે ડાન્સ રજૂ થયો



• **સંગીતના સથવારે શ્રીકૃષ્ણ અંગેના ભજનો ગવાયા**

બ્રામ્પ્ટન : ગુજરાતી સિનિયર કલબ બ્રામ્પ્ટનનો ડિસેમ્બર માસનો કાર્યક્રમ તા.૮મીના રોજ યોજાયો હતો. પ્રથમ સમુહમાં પ્રાર્થના થયા બાદ વૈષ્ણવ જન તો તેને રે કહીએ સામુહિક રીતે ગવાયું હતુ. જશભાઈ પટેલ તરફથી હાસ્ય અને યોગાસનો કાર્યક્રમ રજૂ થયા બાદ દિલિપભાઈ પટલે કાર્યક્રમની રૂપરેખા રજૂ કરી હતી. છોટુભાઈએ તેમનાં પ્રવચનમા ટોરન્ટોની ગુજરાતી સામાજિક સંસ્થા અને પ્રાફેશનલ કોર્ટની માહિતી આપી તેની અગત્યતા સમજાવી હતી. નગીનભાઈએ જણાવ્યું કે, ભારતમાં વધતી જતી ગુનાખોરી અને બળાત્કારની ઘટનાઓ અંગે ચિંતા વ્યક્ત કરી હતી. અરુણભાઈ ભટ્ટે હિંદીચલ ચિત્રનું ગીત નૈન મીલા કે ચેન ચુરા કે તેમના મીઠા સ્વરમાં ગાયું હતુ.

વર્ષાબેન તથા અરુણભાઈની જોડીએ તેમની વિશિષ્ટ વેશભૂષામાં હિન્દી ફિલ્મના કોમેડી ગીત મુથુ કોડીક વાડી હડાની ધુન ઉપર ડાંસ રજુ કર્યો હતો.

નગીન ભાઈએ સ્વાસ્થ્યને લગતું માહિતી સભર પ્રવચન કર્યુ હતુ. નાતાલના તહેવાર નિમિત્તે ભાગવતભાઈએ સાંતાકલોઝના ફેન્સી ડ્રેસમાં બધા સભ્યઓને મેરી ક્રિસમસ કહી, નાતાલની શુભેચ્છાઓ પાઠવી હતી. બાદમાં ડૉ. પ્રદ્યુમ્ન ભટ્ટે દેવી - દેવતાઓની મહત્તા સમજાવતી એક દ્રષ્ટાંત વાર્તા કહી હતી. ત્યારબાદ જે સભ્યઓનો જન્મ દિવસ તથા લગ્નતિથિ આવતી હતી, તેઓનો પરિચય આપી, તેમને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. વર્ષાબેન તથા અરુણભઈની જોડીએ હિન્દી ફિલ્મના ગીત સોલાજો ભડકે દિલ મેરા ધડકેની ધુન ઉપર સરસ મઝાનો ડાંસ રજુ કરીને સર્વે સભ્યોને મનોરંજન પૂરું પાડ્યું હતુ.

સુશીલાબેન પંચાલે શ્રીકૃષ્ણ ભગવાનને લગતું સરસ મઝાનું ભજન ગાઈ બધાને ભક્તિમાં તરબોળ કર્યા હતા. અંતે સંગીત ખુરશીની રમતનો કાર્યક્રમ થયો હતો. જેમાં પુરૂષવર્ગ તથા સ્ત્રીવર્ગની બે અલગ-અલગ ટુકડીઓમાં સંગીત ખુરશીની રમત રમાડાઈ હતી. નગીનભાઈએ આજના દિવસે આવેલા ડોનેશનની માહિતી આપી હતી. અંતમાં દિલિપભાઈએ આભારવિધિ કરી હતી.

# ગુજરાતી મંડળ દ્વારા નાતાલની ઉજવણી

• **'ગુજરાતીને ભાવે ભજીયા' મજાકી ગીત પર સમુહ ડાન્સે આકર્ષણ જમાવ્યું**



બ્રામ્પટન : ગુજરાતી સીનીયર ગ્રૂપ બ્રામ્પ્ટન દ્વારા નાતાલની ઉજવણી કરાઈ હતી. તા.૧૫મી ડિસેમ્બરના રોજ ગોરેઝેડોઝ કોમ્યુનીટી સેન્ટરમાં યોજાયેલા કાર્યક્રમની શરૂઆતમાં પ્રાર્થનાથી થયા બાદ દિપિકાબેન જૈઠવાએ નાતાલના ગીતો પર કસરત કરાવી હતી. પ્રમુખ દક્ષાબેન રાજાએ સર્વ સભ્યો અને મહેમાનોનું ભાવભીનું સ્વાગત કર્યા બાદ ૨૦૧૯નું વર્ષ આનંદમય વીતવા બદલ પ્રભુનો આભાર માન્યો હતો. સાથે જ ૨૦૨૦નું આગામી વર્ષ સર્વ સભ્યોને તેમના કુટુંબીજનોને લાભદાયી, સુખદાયી, સ્વાસ્થ્યદાયી નીવડે-તેવી શુભેચ્છાઓ પાઠવી હતી. નિધિષભાઈ દલાલ સાંતા બનીને આવ્યા હતા. મનુભાઈ, હર્ષદભાઈ તથા રસિકભાઈએ મંડળની વિગતો જણાવી શીલાબેન અગ્રવાલ અને ગ્રૂપે સુંદર ગીત રજૂ કર્યુ હતુ. શીલાબેન હિતેશભાઈ, નીલુબેન તથા કીચન વોલિયન્ટર્સએ 'ગુજરાતીને ભાવે ભજીયા' મજાકી ગીત પર સમુહ ડાન્સ કર્યો હતો. અતિથિ વિશેષ તરીકે નીલમબેન તથા પ્રફુલ્લભાઈ પંડીત પુત્રા રેડિયો મુસ્કાનવાલા પધાર્યા હતા. તેમજ લગ્નજયંતી ઘણી જ મસ્તીથી ઉજવવામાં આવી હતી. બધા જ સભ્યોની વર્ષગાંઠ અને લગ્નજયંતી સંગીતના તાલે ઉજવવામાં આવી હતી. રાજીવભાઈ સોનલબેન અને ગ્રૂપે સુંદર મધુરા ગીતો, જોક્સ અને ક્વીઝથી સભ્યોનું મનોરંજન કરીને દિલ જીતી લીધું હતું. રાજીવભાઈના ગ્રુપે ખુબ જ સુંદર પ્રોગ્રામ રજૂ કર્યો હતો. હર્ષદભાઈ તથા નીતુબેનના ગ્રૂપે લાપસી, પાતરા, દાળ-ભાત, શાક, સંભારનું જમણ જમાડીને બધાને ખુશ કરી દીધા હતા. ૨૦૨૦ની જાન્યુઆરીની મીટિંગ ૨૬મીના રોજ રાખવાની જાહેરાત કરી છે.

# કેનેડા કન્ઝર્વેટિવ પાર્ટીના નેતા પદેથી એન્ડ્ર્યુ શિયરના રાજીનામાની શક્યતા

• **પરિવારના સભ્યો બાદ પાર્ટીના સાંસદો સાથે શિયરે બેઠક યોજી**

ટોરન્ટો : એન્ડ્ર્યુ શિયર ગયા સપ્તાહની માધ્યમ પાર્લામેન્ટ હિલ પરથી એક દિવસ માટે પોતાના ઘરે આવ્યા હતા અને તેમના પુત્રો સાથે ચર્ચા કરી હતી. તેમણે ગુરુવારે સવારે કન્ઝર્વેટિવ પક્ષના સાંસદોની એક બેઠક બોલાવી સાંસદોને તેમના બાળકોના હિતમાં તેઓ શું કરવા માંગે છે તેની જાણ કરી હતી.

જ્યારથી ચૂંટણીમાં તેઓ બહુમતી મેળવવામાં નિષ્ફળ ગયા છે ત્યારથી તેમના માટે એવું માનવામાં આવતું હતું કે, પક્ષ તેને નેતા પદ પર રહેવા દેશે નહિ. ત્યારે તેમના પુત્રોએ તેમને સલાહ આપી હતી કે, તેમણે કન્ઝર્વેટિવ પક્ષના નેતા પદ પર ચાલુ રહેવું કે નહિ તેનો નિર્ણય લેવાનો સમય આવી ગયો છે. જે સાંસદો બેઠકમાં હાજર હતા તેમણે જણાવ્યું હતું કે, તેઓ બેઠકમાં શું ચર્ચા થઈ તે બાબતે જાહેરમાં સ્પષ્ટતા કરી શકે તેમ નથી.

ગુરુવારે તેની સત્તાવાર જાહેરાત થવાની હતી તે પણ વિલંબમાં પડી ગઈ હતી. પક્ષ તરફથી એક સપ્તાહમાં તેમના પર રાજીનામુ આપી દેવાનું દબાણ કરવામાં આવ્યું છે તેવા અહેવાલોને ફગાવી દેતા એન્ડ્ર્યુ શિયરે જણાવ્યું હતું કે, મારો પક્ષ મારો અનુગામી શોધી કાઢે કે તુરંત જ હું પોતે જ મારું રાજીનામુ આપી દેવાનો છું. પક્ષની કેબિનેટે એક તાત્કાલિક બેઠક બોલાવી હતી અને તેમાં આ નિર્ણય લેવાયો હતો. એન્ડ્ર્યુ શિયરે વધુમાં કહ્યું હતું કે, પક્ષના નેતા તરીકે કામ કરવાનું મને ગૌરવ મળ્યું હતું. તેને કારણે મને ઘણું શીખવા મળ્યું છે અને જીવનમાં આવનારા પડકારોનો સામનો કરતા હું શીખ્યો છું.


LIFE INSURANCE
MORTGAGE/LINE OF CREDIT INSURANCE

Q : Do you have MORTGAGE / Line Of Credit Insurance With BANK ?
A : Compare & Save up to 50% LOWEST RATES GUARANTEED

Monthly Premiums TERM 10 (RCC) Preferred Plus Non Smoker with Medical Test

| AGE | $ 250,000 Male & Female | | $500,000 Male & Female | | $1000,000 Male & Female | |
|---|---|---|---|---|---|---|
| 30 Yrs | $ 12.00 | $ 07.00 | $ 18.00 | $ 10.00 | $ 32.00 | $ 19.00 |
| 40 Yrs | $ 13.00 | $ 08.00 | $ 22.00 | $ 14.00 | $ 36.00 | $ 26.00 |
| 50 Yrs | $ 30.00 | $ 18.00 | $ 50.00 | $ 31.00 | $ 95.00 | $ 60.00 |
| 60 Yrs | $ 85.00 | $ 56.00 | $ 146.00 | $ 103.00 | $ 271.00 | $ 190.00 |

ALSO AVAILABLE

★ NO MEDICAL TEST LIFE INSURANCE (up to age 85)
(Even it you have DIABETES, BLOOD PREASURE, HEART ATTACK, STROKE)
CANCER OR INSURANCE declined by other companies
★ CORPORATION OWNED LIEF / CRITICAL ILLNESS INSURANCE
(Key Person INSURANCE, BUY SELL AGREEMENT, GROUP BENEFITS)
★ MONEY BACK LIFE / CRITICAL ILLNESS INSURANCE, RRSP, RESP, TFSA
Visitor To CANADA INS, TRAVEL INS, Lite ins For Refugees & Work Permits



Davinder Singh Chawla
Call For HONEST ADVICE

416.320.4614
Email : - Davindersinghfhl@gmail.com
www.financialhutltd.com,
Toll : 1866.623.0865

MONTHLY & ANNUAL PLANS
SUPER VISA INSURANCE
HARD TO BEAT OUR PREMIUMS

# ઓન્ટેરિયોમાં કાયમી રહેવાસીની સંખ્યા બમણી કરવા લક્ષ્યાંક

## વિદેશી કારીગરોની જરૂરિયાત કરતા અડધી માત્ર ૬૬૫૦ ભલામણો જ આવી, ઇમિગ્રેશન પ્રધાન વીક ફેડેલીએ પત્ર લખી રજૂઆત કરી

ઓન્ટેરિયો : હાલમાં વિદેશી કારીગરોની ૬૬૫૦ ભલામણો માંગવામાં આવી છે. જે તેની જરૂરિયાત કરતા ઘણી ઓછી છે. કેનેડાના પ્રોવિન્સિયલ નોમિની પ્રોગ્રામ અંતર્ગત કાયમી વસાહતીઓ માટે જે દરખાસ્ત માંગવામાં આવી છે. તેના કરતા ઓન્ટેરિયોની જરૂરિયાત બે-ગણી વધારે છે. રાજ્યને પ્રોવિન્સિયલ નોમિની પ્રોગ્રામ એટલે કે, પી.એન.પી. અંતર્ગત આ વર્ષે ૬૬૫૦ વસાહતીઓ ફાળવણી કરવામાં આવી છે. પરંતુ વર્ષ ૨૦૨૨ સુધીમાં રાજ્યને ૧૩૩૦૦વસાહતીઓની જરૂરત પડશે. ઓન્ટેરિયોના ઈમિગ્રેશન પ્રધાન વીક ફેડેલીએ પ્રાથમિક તબક્કે તેના સમકક્ષ વિભાગના અધિકારી માર્કો મેંડીસીનોને એક પત્ર લખી વસાહતીઓ સંખ્યા વધારવાનું જણાવ્યું છે. પી.એન. પી.નું સંચાલન કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવે છે અને તેમાં રાજ્યોને પોતાની જરૂરિયાત મુજબ માંગણી કરવાની તક આપવામાં આવે છે. દરેક રાજ્યોને પી.એન.પી. અંતર્ગત વસાહતીઓની વાર્ષિક ફાળવણી માટે એક લક્ષ્યાંક આપવામાં આવે છે. જે અંગે ઈમિગ્રેશન રેફયુજીસ એન્ડ સિટિઝનશીપ કેનેડા તરફથી નિર્ણય કરવામાં આવે છે. ઓન્ટેરિયોને આ કાર્યક્રમ અંતર્ગત સૌથી ફાળવણી કરવામાં આવી છે. જે અન્ય રાજ્યો કરતા હાલના વર્ષોમાં ફાળવવામાં આવેલી સૌથી વધુ સંખ્યા છે. પી.એન.પી. અંતર્ગત આ વર્ષે ૬૧૦૦૦ નવા કાયમી નિવાસીઓને પ્રવેશ આપવાનું લક્ષ્યાંક નક્કી કરાયું છે. ૨૦૧૮માં આ લક્ષ્યાંક ૫૫૦૦૦નો હતો. જે ૬૦૦૦ નો વધારો સૂચવે છે. પી.એન.પી. અંતર્ગત ૨૦૨૦માં ૬૭,૮૦૦ વસાહતીઓને પ્રવેશ આપવાનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો છે.

### વિદેશી કૌશલ્યના અભાવે ઉદ્યોગોને અસર થાય છે

ઓ.આઈ.એન.પી.એ મીડિયાને ઇમેઇલ પર જણાવ્યું હતું કે, રાજ્યને છેલ્લા કેટલાક વર્ષોથી કામદારોની જરૂરિયાત કરતા ઘણી ઓછી ફાળવણી કરાઈ છે, પરિણામે ઉદ્યોગપતિઓને ભારે અસંતોષ રહે છે અને વિદેશી કૌશલ્યના અભાવમાં તેમના ઉદ્યોગની સ્પર્ધાત્મક્તાને સહન કરવું પડે છે.

### વિકાસ આયોજનોમાં રાજ્યોને સામેલ કરવા જરૂરી

મેંડીસીનોને લખેલા પત્રમાં ઓ.આઈ.એન.પી. કહે છે કે, વિકાસનું આયોજન કરવામાં આવે ત્યારે રાજ્યોને તેમાં સામેલ કરવા જોઈએ અને હાલમાં અમારી જે જરૂરિયાત છે તે વર્ષ ૨૦૨૨ સુધીમાં વધારીને ૧૩૩૦૦ કરી આપવી જોઈએ. ઓ.આઈ.એન.પી.એ જણાવ્યું હતું કે અમે કેન્દ્ર સરકારના જવાબની રાહ જોઈ રહ્યા છીએ અને વસાહતીઓને અમારા રાજ્યમાં જરૂરિયાત મુજબ પ્રવેશ આપવા મુજબ અમે વધુ સ્વાયત્તતા આપવામાં આવે કે જેથી અમે રાજ્યના વિકાસને યોગ્ય વેગ આપી શકીએ. હાલની પ્રથા સંતોષકારક નથી.

# ગરવી ગુજરાત સિનિયર્સની મિટિંગ ગીતોની રમઝટ, હાસ્યની છોળો ઉડી

## વિશ્વના અલૌકિક એન્જિનિયર વિષય પર સુંદર વક્તવ્ય રજૂ થયુ, ભજનો પણ ગવાયા



બ્રામ્પ્ટન : ગરવી ગુજરાત સિનિયર પરિવારની માસિક મિટીંગ ગત શનિવારે તા.૧૪ ડિસેમ્બર ૨૦૧૯ના રોજ ભવાની શંકર મંદિર, બ્રામ્પટનના હોલમાં સુંદર રીતે યોજાઈ હતી. કાર્યક્રમનું સંપૂર્ણ સંચાલન રોહિણીબહેન વાયડાએ ખુબ સુંદર રીતે કર્યુ હતુ.

કાર્યક્રમની શરૂઆત ગણેશ વંદના તથા બંને દેશના રાષ્ટ્ર ગીતથી કરાયા બાદ ગરવી ગુજરાત સિનિયર પરિવારના પ્રેસિડેન્ટ વિક્રમ પટેલે સૌથી હૃદયપૂર્વક આવકાર આપી સ્વાગત પ્રવચન અને કાર્યક્રમની માહિતી આપી હતી.

ત્યારબાદ કાર્યક્રમના પ્રથમ ભાગમાં રોહિણીબહેન દ્વારા જૂના હિન્દી ફિલ્મી ગીતોની શાનદાર રજૂઆત કરાઈ હતી.

એમને કિબોર્ડ પર હાર્દ નાંદીએ સાથ આપ્યો હતો. હાર્દ નાંદી, ખ્યાતનામ કલાકાર પ્રમેશભાઈ નાંદીના સુપુત્ર છે. જે બાદ ઈંદિરા બહેન જાનીએ વિશ્વનો અલૌકિક એન્જિનિયર વિષય પર સુંદર વક્તવ્ય આપ્યું હતુ. ત્યારબાદ જ્યોત્સનાબહેન પટેલે ખુબ સુંદર ભજન ગાયું હતુ.

ત્યારબાદ શિલાબહેન અગ્રવાલ, કંચનબહેન, પદ્માબહેન, કલ્યાણીબહેન અને આશાબહેને ગ્રૂપ ડાન્સ કર્યો હતો. વહી ગઈ રાત, ભૂલી બધી વાત તુરેશભાઈ ગાંધીએ કરાઓકે પર ગીત ગાયું હતુ. હસમુખભાઈ મહેતા અને વિભાબહેને સરસ કોમેડી નાટક રજૂ કર્યું હતું.

અરુણભાઈ ભટ્ટ અને વર્ષાબહેને ઈના મિના ડિકા પર ડાન્સ કર્યો હતો. પદ્માબેન કંસારાએ ન્યાય નહીં સમજાય, પ્રભુજી તારો પ્રેરણાદાયી ગીત રજૂ કર્યા બાદ શીલાબેને કવિતાની રચના રજૂ કરી હતી. કાર્યક્રમને અંતે રોહિણીબેન વાયડાએ સુંદર શાયરીઓ સાથે તેની સમજણ આપી હતી.


SHIV FINANCIAL SERVICES
VISITOR TO CANADA AND NEW IMMIGRANTS INSURANCE
Full Time Service Provider
Serving Community Since 2009
Supervisa Insurance Monthly Plan Available
• Life Insurance, Critical Illness Insurance & Mortgage Insurance with Money Back Option • Health & Dental Plan • Segregated Fund • Personal Tax-file
* અમે બધી ટોપની ઈન્સ્યુરન્સ કંપનીઓનું પ્રતિનિધિત્વ કરીએ છીએ.
* New Life Insurance Advisors are recruited.
જગદીશ સેવક (Financial Advisor) Cell: 647-236-7620
::: For Free Quotation & Consultation :::
SHIV FINANCIAL SERVICES
"Proper insurance coverage is Peace of Mind"
Email: sevak_2007@hotmail.com
www.shivfinancialservices.ca
GUARANTEED LOWEST PREMIUM

SUPER VISA INSURANCE
( Monthly Plan Available)
We represent all Major Insurance Companies of CANADA
WE DEAL WITH
♦ Life Insurance ♦ Visitors to Canada Insurance
♦ Mortgage Insurance ♦ RRSP ( Retirement Plan)
♦ Disability Insurance ♦ TFSA
♦ Critical Illness Insurance ♦ RESP ( Education Plan)
Secure your children's future and enroll in RESP & get thousands of dollars in Govt. Grants
Guaranteed Cash Value Plans/ Non Medical Plans are available (CALL FOR FREE EVALUATION)
HIREN MODI Independent Life Insurance Broker
Direct: 416-897-7073
Email: hirenjmodi@yahoo.com
" We help you secure your future"

શ્રીજી (SHRIJI) CATERING AND TAKEOUT
IN BRAMPTON
Operated By : RAMABEN PATEL
71, WEST DRIVE, UNIT #34, NEAR OM GROCERY
CATERING TAKE OUT & FAST FOOD
ALL TYPE OF GUJARATI SNACKS & FOOD AVAILABLE
JAIN ITEMS ALSO AVAILABLE
100% PURE VEG
Test our special GUJARATI FOOD
Kathiyawadi Meal On SUNDAY
TRY OUR SPECIAL ITEMS
DABELI, KACHORI, PAV BHAJI, LADU & MORE
COOK NEEDED FOR INDIAN FOOD.
LOCATION
71, WEST DRIVE, UNIT # 34, NEAR OM GROCERY, IN, 36T 5E2
PLS. CONTACT FOR DETAILS
PH. 905-451-4050 - CELL : 416 -509-2120
KITCHEN HELP WANTED

# આકર્ષક બનાવતા એન્કલ સ્ટાઈલ પ્રિન્ટેડ પેન્ટ

કોઈપણ વાતાવરણ હોય દરેક મહિલા સુંદર દેખાવું પસંદ કરે છે. હવે જ્યારે શિયાળાની સીઝનની શરૂઆત થઈ છે. જો કે ઠંડી પડવા નથી લાગી, પરંતુ વાતાવરણમાં ઠંડક શરૂ ચોક્કસ થઈ ગઈ છે. વાતાવરણમાં ઠંડક સાથે જ મહિલાઓએ શર્ટસ, સ્લીવલેસ પહેરવાનું ઓછું કર્યું છે. છેલ્લા ઘણા સમયથી પેન્સિલ સ્ટાઈલ પેન્ટ, ડેનિમ, કોટન પેન્ટ, પોકેટ પેન્ટ વગેરે તો સામાન્ય રીતે ગર્લ્સ ઓફિસમાં કે કોલેજમાં પહેરતી હોય છે. તેમ છતાં દર વખતે કંઈક નવું તો ફેશન ટ્રેન્ડમાં આવતું જ હોય છે. આ વખતે પ્રિન્ટેડ પેન્ટ ફેશનમાં છે. આ વખતે વિન્ટરમાં ફંકી લુક મેળવવા, કોલેજમાં, ઓફિસવેરમાં તમે પ્રિન્ટેડ પેન્ટ પહેરી શકો છો. આ પેન્ટ તમારા દેખાવને કુલ અને ટ્રેન્ડી બનાવશે. પ્રિન્ટેડ પેન્ટમાં પણ વિવિધ સ્ટાઈલ જોવા મળે છે જે તમારા લુકને એટ્રેક્ટિવ બનાવશે.





## એન્કલ પેન્ટ

એન્કલ સ્ટાઇલ ઘણાં સમયથી બજારમાં આવી ગયા છે, એન્કલ પેન્ટ એટલે જે એન્કલ સુધી ટૂચ થાય તેવું પેન્ટ. એન્કલ સ્ટાઇલમાં પ્રિન્ટ વધારે સુંદર દેખાય છે.



## બુટ કટ પેન્ટ

બુટકટ પેન્ટ જૂની સ્ટાઈલ છે, ૮૦ના દાયકામાં આ સ્ટાઇલના પેન્ટ મહિલાઓ પહેરવા પસંદ કરતી હતી, આજે પણ આ સ્ટાઈલ મહિલાની પસંદગીની સ્ટાઈલ બની રહી છે. આ સ્ટાઈલમાં ચેક્સ, લાઇનિંગ તથા વિવિધ પ્રકારની પ્રિન્ટ સુંદર દેખાય છે.

## ફ્લોરલ પેન્ટ

...પિંકનિક પર કે કોલેજમાં પહેરી ... ઓફિસવેરમાં તમે લાઇનિંગ તથા ...ટેડ પેન્ટ પહેરી શકો છો. જો તમારે ...ટની ડિઝાઈનના જેવી જ પ્રિન્ટવાળો ... કરો. આ કોમ્બિનેશન પહેરો તો ...ંદર પ્લેન ટી-શર્ટ પહેરો. આ ...નેશન તમારા લુકને સિમ્પલ ...ને ક્લાસી બનાવશે.



## સ્કિન્ની પેન્ટ

આ પેન્ટ લોન્ગ અને સ્કિન ટાઇટ હોય છે, જેમાં હવે પ્રિન્ટેડ પેન્ટ આવવાથી તે વધારે સુંદર દેખાય છે. આ પેન્ટ તમે ઓફિસમાં પણ પહેરી શકો છો.



## વાઇડ પેન્ટ

વાઇડ લેગ પેન્ટને જોવાની સાથે તમને પ્લાઝો સ્ટાઇલ પેન્ટ યાદ આવશે. આ વાઇડ લેગ પેન્ટમાં પ્રિન્ટેડ કરતાં સિમ્પલ એટલે કે સિમ્પલ લાઇનિંગ સ્ટાઇલ વધારે સુંદર દેખાશે.

## આ ડ્રેસ સાથે કેવા પગરખાં પસંદ કરશો?

અત્યારે વાતાવરણમાં ઠંડકની હળવી શરૂઆત તો થઇ ચૂકી છે. તેથી આ સીઝનમાં તમે શુઝ પહેરશો તો તમારો લુક ડિફરન્ટ લાગશે. શુઝની પસંદગી કરતી વખતે કલરનું ખાસ ધ્યાન રાખો, એટલે કે પ્રિન્ટેડ પેન્ટ પર તમે વ્હાઇટ શુઝ અથવા કોઈપણ લાઇટ કલરના જ શુઝ પસંદ કરો. જો તમને શુઝ અનુકૂળ ન આવતા હોય તો હાઈ હિલ્સ સેન્ડલ કે મોજડી પણ પહેરી શકો છો.

## પ્રિન્ટેડ પેન્ટ પર શું પહેરી શકાય?

પ્રિન્ટેડ પેન્ટ પર ક્યારેય પ્રિન્ટેડ ટોપ કે ટી-શર્ટ ન પહેરવું, કારણ કે પ્રિન્ટેડ પેન્ટ હોવાથી બંને પ્રિન્ટેડનું કોમ્બિનેશન પ્રિન્ટેડ પેન્ટની સુંદરતામાં ઘટાડો કરશે. તેથી જ પ્રિન્ટેડ પેન્ટ પર પ્લેન શર્ટ, પ્લેન ટોપ, ક્રોપ ટોપ, વન કટ કુર્તી, સિમ્પલ પ્લેન શોર્ટ ટોપ પહેરો. આ કોમ્બિનેશન તમારા દેખાવને વધારે સુંદર બનાવે છે.

## ક્યાં પહેરી શકાય?

પ્રિન્ટેડ પેન્ટ તમે કોઈપણ જગ્યાએ પહેરી શકો છો. તેમાં ફ્લોલર સ્ટાઇલ, આર્મી સ્ટાઈલ, લાઇનિંગ અને ચેક્સ ડિઝાઈન અત્યારે મહિલાઓ પસંદ કરી રહી છે.


ARISTO PEST CONTROL
Set your mind at rest, we will get rid of the pest

✔ Mice
✔ Rat
✔ Cockroach
✔ Bedbug
✔ Animal Control
✔ Bird Control
✔ Wasps &
✔ Hive Removal



*** Same Day Service - Residential, Commercial, Industrial ***
*** No obligation inspection for commercial and residential clients ***

Written Guarantee And Discounted Rates

We speak English, Gujarati & Hindi

CPMA - ACGP

NATIONAL PEST MANAGEMENT ASSOCIATION Inc. International

SANKET TRIVEDI
Government Licensed Structural Exterminator
647-339-3926
info@aristopestcontrol.ca
www.aristopestcontrol.ca

24 Hours / 7 Days
Emergency Services
&
Animal Removal

"Let Me Make Your Dream Home Into A Reality"
Residential, Commercial & Investment in Real Estate



JAY PATEL
SALES REPRESENTATIVE
Dir : 647-241-3818
jaypatel1323@gmail.com

$649,000




Live By The Lake! This Spacious One Bedroom Plus Den W/Gorgeous Views Of The Lake, T.O. Skyline & Manicured Rooftop Gardens! Unit Features A Great Open Layout With No Wasted Space. Highlighted By Hardwood Floors, Granite Counters, Freshly Painted, New Carpet, Stainless Steel Appliances, Two Walk-Outs To Balcony, A Master W/I Closet & Breakfast Bar, Parking And Locker Included. Extras : Luxury Amenities Incl: Indoor Pool, Gym, Sauna, Party Rooms, Bbqs, Roof Lounge & More! Just Steps From Ttc, Metro, Shoppers Drug Mart, Lcbo, Humber Bay Park/Trails.

TORONTO

$649,000




Welcome To The Absolutely Show Stopper 3+1 Bedroom Link Home Attached By Garage And Chimney With Separate Living And Family Room With Fireplace, New Ceramic Tiles On Main Floor, Laminate In Living And Family, Laminate In All Bedrooms, No Carpet In The House. Newly Renovated Washrooms, Spacious Partially Finished Basement With Huge Bedroom And Washroom. Located In A Quiet Neighborhood, Close To Park, Schools, Shops, Restaurants, Grocery Shp, Hwy 410..Must See....

BRAMPTON

HOMELIFE
HOMELIFE MAPLE LEAF REALTY LTD.
Each Office Independently Owned & Operated
Office Address- 80 Eastern Avenue, Unit #3, Brampton, Ontario, L6W 1X9
Ph. No. : 905-456-9090

# શેરોમાં ફંડોની તેજીએ સેન્સેક્સ ૧૧૫ પોઈન્ટ વધી ૪૧૬૭૪ નવી ઊંચાઈએ

મુંબઈ : બજેટમાં રાહતો-પ્રોત્સાહનોની શકયતા તેમજ આઈટી ઉદ્યોગ માટે પણ રાહતોની જોગવાઈ થવાની અપેક્ષા અને વ્યક્તિગત આવક વેરા મર્યાદામાં વધારો થવાની શકયતા બતાવાઈ રહી હોઈ ફંડોએ ઈન્ડેક્સ બેઝડ વિક્રમી તેજીને આગળ વધારી હતી.

રાષ્ટ્રીય મોરચે આ પોઝિટીવ પરિબળો સામે હજુ ફુગાવાનું જોખમ યથાવત રહેવા સાથે આર્થિક વિકાસ દર સતત મંદ પડવાના જોખમ છતાં અર્થતંત્ર નવા કેલેન્ડર વર્ષ ૨૦૨૦માં બોટમ આઉટ થવાની અને ફરી રિકવરીના પંથે પડવાના નિષ્ણાતો-સમીક્ષકોના અંદાજો વચ્ચે ફંડોની આજે શેરોમાં સતત લેવાલી રહી હતી. આઈટી-સોફટવેર સર્વિસિઝ

શેરો સાથે ઓટોમોબાઈલ, પાવર-કેપિટલ ગુડઝ, ઓઈલ-ગેસ, મેટલ-માઈનીંગ શેરો તેમ જ કન્ઝયુમર ડયુરેબલ્સ શેરોમાં પસંદગીની લેવાલીએ સેન્સેક્સ ૧૧૫.૩૫ પોઈન્ટ વધીને ૪૧૬૭૩.૯૨ અને નિફટી સ્પોટ ૩૮.૦૫ પોઈન્ટ વધીને ૧૨૨૫૯.૭૦ની નવી ઐતિહાસિક ઊંચાઈએ બંધ રહ્યા હતા.

ટ્રેડીંગની શરૂઆત આજે સાધારણ મજબૂતીએ થઈ હતી. સેન્સેક્સ આગલા બંધ ૪૧૫૫૮.૫૭ સામે ૪૧૫૭૧.૮૨ મથાળે ખુલીને નરમાઈ તરફી થઈ બેંકિંગ-ફાઈનાન્સ શેરોમાં એચડીએફસી લિમિટેડ, ઈન્ડસઈન્ડ બેંક, બજાજ ફાઈનાન્સ, એચડીએફસી બેંકમાં પ્રોફિટ બુકિંગ થતાં અને સન ફાર્મા, વેદાન્તા, ટેક મહિન્દ્રા, લાર્સન, આટીસી, ઈન્ફોસીસ સહિતમાં વેચવાલીએ ઘટીને નીચામાં ૪૧૪૫૬.૪૦ સુધી આવ્યો હતો. એક સમયે ૧૬૦.૭૨ પોઈન્ટ વધીને ૪૧૭૧૯.૨૯ સુધી પહોંચી અંતે ૧૧૫.૩૫ પોઈન્ટ વધીને ૪૧૬૭૩.૯૨ની નવી વિક્રમી ઊંચાઈએ બંધ રહ્યો હતો.

# સાયરસ મિસ્ત્રી ફરી ટાટાસન્સના ચેરમેન : લૉ ટ્રિબ્યુનલનો આદેશ

**• ટાટા સન્સના બોર્ડે માહિતી લીક કરવાનો આરોપ મૂકી ૨૦૧૬માં પદેથી દૂર કર્યા હતાં**

નવી દિલ્હી : ટાટાના વર્તમાન મેનેજમેન્ટને નેશનલ કંપની લૉ એપલેટ ટ્રિબ્યુનલ (એનસીએએલટી)એ મોટો આંચકો આપ્યો છે. એનસીએએલટીએ ટાટા સન્સના ચેરમેન પદેથી સાયરસ મિસ્ત્રીને દૂર કરવાના નિર્ણયને ગેરકાયદે ગણાવ્યો છે અને તેમને ચેરમેન પદે ફરીથી લેવાનો આદેશ આપ્યો છે. જો કે ટાટા સમૂહ આ નિર્ણયની વિરુદ્ધ સુપ્રીમ કોર્ટ જઈ શકે છે.

એનસીએલએટીએ એન ચંદ્રશેખરને કાર્યકારી ચેરમેન બનાવવાના મેનેજમેન્ટના નિર્ણયને પણ ગેરકાયદે ગણાવ્યો છે. સાયરસ મિસ્ત્રી માટે આ એક મોટો વિજય છે. નેશનલ કંપની લૉ એપ્લેટ ટ્રિબ્યુનલ(એનસીએએલટી)એ બુધવારે પોતાના આદેશમાં તેમને ફરીથી ટાટા સન્સના એક્ઝિક્યૂટીવ બનાવવામાં આવ્યા છે. આ અગાઉ નેશનલ કંપની લૉ ટ્રિબ્યુનલ(એનસીએલટી)ની મુંબઈ બેન્ચે સાયરસ મિસ્ત્રીની હટાવવાની વિરુદ્ધ દાખલ કરેલી અરજીઓ ફગાવી દીધી હતી. આ અરજીઓ સાયરસ ઈનવેસ્ટમેન્ટ પ્રાઈવેટ લિમિટેડ અને સ્ટર્લિંગ ઈનવેસ્ટમેન્ટ કોર્પ દ્વારા દાખલ કરવામાં આવી હતી.

# ફોર્ચ્યુનને ઈન્ડિયાની ૫૦૦ની યાદી જાહેર કરી, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ નંબર વન કંપની

નવી દિલ્હી : ફોર્ચૂન ઈંડિયાની ૫૦૦ની યાદી તૈયાર કરવામાં આવી છે જેમાં આઈઓસીને પાછળ રાખીને રિલાયંસ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ નંબર વન કંપની બની છે. છેલ્લા દસ વર્ષથી આઈઓસી ભારતની સૌથી મોટી કંપની રહી જોકે હવે તેનું સ્થાન રિલાયંસ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડે લઈ લીધુ છે. રિટેલ અને ટેલિકોમ ક્ષેત્રે સુધારો આવતા રિલાયન્સને આ સ્થાન મળ્યું હોવાનો આ રિપોર્ટમાં દાવો કરાયો છે. ફોર્ચૂન ઈંડિયાના જણાવ્યા મૂજબ સરકારી કંપની ઓઈલ એંડ નેચરલ ગેસ કોર્પોરેશન (ઓએનજીસી) ત્રીજા સ્થાન પર છે. જ્યારે ૨૦૧૮માં પણ ઓએનજીસી ત્રીજા ક્રમે જ હતી. ત્યાર બાદ ચોથા સ્થાન પર એસબીઆઈ, પાંચમા સ્થાન પર ટાટા મોટર્સ, છઠ્ઠા સ્થાન પર ભારતીય પેટ્રોલિયમ કોર્પોરેશન છે. ૨૦૧૮થી ૨૦૧૯ દરમિયાન આ કંપનીઓની રેંકિંગમાં કોઈ બદલાવ નથી આવ્યો જ્યારે ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન પહેલા સ્થાનેથી સરકીને બીજા સ્થાને પહોંચી ગઈ છે.

# ઈન્ફોસિસ આરોપોની પતાવટ માટે આઠ લાખ ડોલર ચૂકવવા તૈયાર

**• ટેક્સ ઠગાઈ, વિદેશી કર્મચારીઓના ખોટા વર્ગીકરણના આરોપ**

નવી દિલ્હી : દેશની અગ્રણી આઈટી કંપની ઈન્ફોસિસ ટેક્સ છેતરપિંડી અને વિદેશી કર્મચારીઓનું ખોટા કલાસિફેકશનના આરોપોની પતાવટ માટે ૮,૦૦,૦૦૦ ડોલર ચૂકવવા તૈયાર થઈ ગઈ છે તેમ સત્તાવાર અધિકારીઓએ જણાવ્યું હતું.

કેલિફોર્નિયાના એટર્ની જનરલ ઝેવિયર બેસેરાએ જણાવ્યું છે કે ઈન્ફોસિસ પોતાના પરના આરોપોની પતાવટ માટે આઠ લાખ ડોલરની ચૂકવણી કરશે. આરોપોમાં જણાવવામાં આવ્યું છે કે ૨૦૦૬થી ૨૦૧૭ની વચ્ચે કંપનીના લગભગ ૫૦૦ કર્મચારીઓ એચ-૧બી વિઝાની બદલે બી-૧ વિઝા પર નોકરી કરી રહ્યાં હતાં. આ ખોટા કલાસિફિકેશનના કારણે ઈન્ફોસિસ કેલિફોર્નિયા પેરોલ ટેક્સ ચૂકવવાથી બચી ગઈ હતી. જેમાં બેકારી વીમો, વિકલાંગતા વીમો અને રોજગારી ટ્રેઈનિંગ ટેક્સનો સમાવેશ થાય છે. સત્તાવાર નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે એચ-૧ બી વિઝામાં કંપનીને વર્તમાન સ્થાનિક વેતન ચૂકવવાનું હોય છે. બેસેરાએ જણાવ્યું હતું કે કર્મચારીઓને ઓછો પગાર આપવા અને ટેક્સથી બચવા માટે તેમને અયોગ્ય વિઝા પર અમેરિકા લાવવામાં આવ્યા હતાં. જો કે ઈન્ફોસિસે આ આરોપોને ફગાવી દેતા જણાવ્યું છે તેણે કંઈ પણ ખોટું કર્યુ નથી.

# ભારતીય બેન્કિંગ સિસ્ટમમાં ધરમૂળથી સુધારા કરવાની જરૂર છે : ગીતા ગોપીનાથ

વૉશિંગ્ટન : ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ (આઈએમએફ)ના ભારતીય મૂળના ચીફ ઈકોનોમિસ્ટ ગીતા ગોપીનાથને ભારત સરકારને અર્થતંત્રની સુધારણા બેન્કિંગ સેક્ટરના સુધારાની સલાહ આપી હતી. વૉશિંગ્ટન સ્થિત ગીતા આ અઠવાડિયે ભારત આવી રહ્યા છે. એ પહેલા ભારતીય અર્થતંત્રની સ્થિતિ વિશે વાત કરતા તેમણે કહ્યુ હતુ કે બેન્કિંગ સેક્ટરમાં ધરમૂળથી પરિવર્તનની જરૂર છે. એ સાથે તેમણે રોજગારી વધારવા માટે સ્થાનિક કક્ષાએ ડિમાન્ડ વધે અને રોજગારીનું સર્જન થાય એ પ્રકારના પગલાં લેવા જણાવ્યુ હતુ. ૪૮ વર્ષના ગીતાની અર્થશાસ્ત્રી તરીકે આખા જગતમાં ખ્યાતિ છે. તેઓ ૨૦૧૮થી આઈએમએફના ચીફ ઈકોનોમિસ્ટ છે. દરમિયાન આજે ભારતીય રિઝર્વ બેન્કના ગવર્નર શશિકાંત દાસે કહ્યુ હતુ કે ભારતનું અર્થતંત્ર ધીમું પડવાનું છે, તેનો અંદાજ હતો જ.



# એનઆરસી સામે રેલી, બંધ અને આવેદનપત્રો




**મુંબઇના ઓગસ્ટ ક્રાંતિ મેદાનમાં રેલી :** મુંબઇના ઓગસ્ટ ક્રાંતિ મેદાનમાં ગુરુવારે રાજકીય પાર્ટીઓના કાર્યકરો અને વિદ્યાર્થીઓએ એકઠાં મળી નાગરિકતા કાયદાનો વિરોધ કર્યો હતો. નાગપુરમાં મુસ્લિમ સમુદાયની મહિલાઓએ સીએએના વિરોધમાં રેલીઓ કાઢી હતી.



**કોલકાતામાં મમતા અને ડાબેરીઓની વિશાળ રેલી :** પશ્ચિમ બંગાળમાં ડાબેરી મોરચા દ્વારા ટોચના નેતાઓની આગેવાનીમાં રામલીલા મેદાનથી પાર્ક સરકસ સુધી બે કિલોમીટર લાંબી રેલી સભામાં ફેરવાઇ હતી. સીએમ મમતા બેનરજી દ્વારા પણ આજે સતત પાંચમા દિવસે રેલીનું આયોજન કરાયું હતું.



## જયપુરમાં સીએએના વિરોધી અને સમર્થકો વચ્ચે ટકરાવ

જયપુર ખાતે ડાબેરી પક્ષો દ્વારા નાગરિકતા કાયદાના વિરોધમાં રેલીનું આયોજન કરાયું હતું. તે દરમિયાન કાયદાનું સમર્થન કરી રહેલા વકીલોનું એક ટોળું ધરણા સ્થળે પહોંચી જતાં કાયદાના સમર્થકો અને વિરોધીઓ વચ્ચે ટકરાવ થયો હતો.




## બિહારમાં જડબેસલાક બંધ અને સંખ્યાબંધ શહેરોમાં વિરોધ પ્રદર્શન

બિહારમાં ડાબેરી પક્ષોએ આપેલા બંધના પગલે સંખ્યાબંધ શહેરોમાં વિરોધ પ્રદર્શનો કરાયાં હતાં. સીપીએમના કાર્યકરોએ પટના, દરભંગા અને ખગડિયામાં ટ્રેનો અટકાવી દીધી હતી. નેશનલ હાઇવે ૧૦ અને ૮૩ પર ચક્કાજામ સર્જાયો હતો.



## ચંડીગઢમાં હજારો શીખ અને મુસ્લિમોનું રાજ્યપાલને આવેદન

ચંડીગઢમાં સંખ્યાબંધ મુસ્લિમ સંગઠનો દ્વારા દેખાવોનું આયોજન કરાયું હતું. આ દેખાવોમાં વિદ્યાર્થી અને શીખ સંગઠનો સામેલ થયાં હતાં. સેક્ટર ૨૦માં રેલી સ્વરૂપે દેખાવકારોએ રાજભવન નજીક પહોંચી રાજ્યપાલને આવેદન આપ્યું હતું.

DHAMMA TORANA

ONTARIO VIPASSANA CENTRE

Vipassana Meditation as taught by S.N.Goenka in the tradition of Sayagi U Ba Khin

Ontario Vipassana Centre, 6486 Simcoe County Road 56, Egbert, Ontario, L0L 1N0, Canada



Shri S.N. Goenka

CONTACT US

GENERAL +1705-434-9850 (info@torana.dhamma.org)

REGISTRATION +1705-434-9850 (registration@torana.dhamma.org)

www.torana.dhamma.org



Sayagyi U Ba Khin

CANADIAN CENTRES : Dhamma Suttama (QC), Dhamma Surabhi (BC), Dhamma Modana (BC), Dhamma Karuna (AB)

**કોણ ભાગ લઈ શકે ?**

વિપશ્યના બૌદ્ધ પરંપરામાં સુરક્ષિત રહી હોવા છતાં એમાં કોઈ સાંપ્રદાયિક તત્વ નથી. કોઈ પણ પૃષ્ઠભૂમિની વ્યક્તિ એને અપનાવી શકે છે અને એનો લાભ લઈ શકે છે. વિપશ્યનાની શિબિર એવા લોકો માટે છે કે જે ઈમાનદારીપૂર્વક આ વિધિ શીખવાની ઈચ્છા ધરાવે છે. એમાં કુળ, જાતિ, ધર્મ અથવા રાષ્ટ્રીયતા આડે આવતા નથી. હિન્દુ, મુસ્લિમ, જૈન, શીખ, પારસી, યહૂદી, બૌધ્ધ સૌ કોઈ વિપશ્યના શિબિરોમાં સહજ રીતે જોડાઈ રહેલ છે. સામાન્ય માનવી માત્રથી આ સમન્વયની ભાવના અટકતી નથી. હિન્દુ મહંતો, જૈન મુનિઓ અને સાધ્વીજીઓ, બૌધ્ધ ભિક્ષુઓ, ખ્રિસ્તી પાદરીઓ એમ દરેક પરંપરાના ધર્મ ગુરુઓ આ સાધનામાં સંમિલિત થઈ રહ્યા

**વિપશ્યના શું છે?**

વિપશ્યના ભારતની એક અત્યંત પુરાતન સાધના વિધિ છે. વિપશ્યનાનો અર્થ થાય છે કે જે જેવું છે એને ઠીક એવી રીતે જ સ્વયંમએ અનુભવવું. વિપશ્યના આત્મનિરીક્ષણ દ્વારા આત્મશુદ્ધિની અત્યંત પુરાતન સાધના વિધિ છે. જે જેવું છે, એને ઠીક એવી જ રીતે સ્વાનુભવના આધાર પર સમજવું એ વિપશ્યના છે. લગભગ ૨૫૦૦ વર્ષ પૂર્વે ભારતમાં આ પધ્ધતિ એક સાર્વજનીન રોગના સાર્વજનીન ઉપાય અર્થાત જીવન જીવવાની કળાના રૂપમાં શીખવવામાં આવતી હતી. પોતાના નૈસર્ગિક શ્વાસના નિરીક્ષણથી આરંભ કરીને, પોતાના શરીર અને ચિત્તધારા પર પળે પળ નિમિત્તક પરિવર્તનશીલ ઘટનાઓનું તટસ્થભાવે નિરીક્ષણ કરતા કરતા સાધક અનિત્ય, દુઃખ અને અનાત્મના સાર્વત્રિક સત્યો પ્રત્યક્ષ અનુભવે છે. ચિત્ત-વિશોધન અને સદગુણ-વર્ધનનો આ અભ્યાસ સાધકને કોઈ સાંપ્રદાયિક આલંબનોમાં બાંધતો નથી. આ કારણસર વિપશ્યના સાધના સર્વગ્રાહ્ય છે, કોઈ ભેદભાવ વિના બધાજ માટે સમાનરુપે કલ્યાણકારીણી છે. આ સાધના-વિધિનો ઉદ્દેશ્ય વિકારોનું સંપૂર્ણ નિર્મૂલન અને પરમ વિમુક્તિની અવસ્થા સુધી પહોંચાડવાનો છે.

**વિપશ્યનાના લાભો**

વિપશ્યનાનો નિયમિત અભ્યાસ કરનાર સાધક માનસિક વિકારો જેવાકે ક્રોધ, ડર, ચિંતા, લોભ, વ્યાકુળતા વિગેરેમાં થી કમશ : મુક્તિ મેળવે છે. તેમજ તે માનસિક તણાવો અને બેચેનીથી મુક્તિ મેળવી અને મનની વાસ્તવિક શાંતિ પ્રાપ્ત કરે છે. તે વર્તમાન પ્રત્યેની જાગૃતિ કેળવી અને મન પર નિયંત્રણ મેળવી ચારિત્રના નિમાર્ણ સાથે આત્મમંગલ કરતા સર્વ મંગલની ભાવના કેળવે છે. વિપશ્યનાનો નિયમિત અભ્યાસ કરનાર બીજાના દુઃખો પ્રતિ અધિક સંવેદનશીલ થતા હોય છે. તદુપરાંત વ્યાકુળતા વગર મૈત્રી, કરૂણા અને સમતા સભર ચિત્તથી બીજાના દુઃખોને દુર કરવા દરેક રીતે પ્રયત્નશીલ બનતા હોય છે. એમનામાં એક પવિત્ર તટસ્થતા આવતી હોય છે, કે જેથી કરીને તેઓ મનનું સંતુલન ગુમાવ્યા વગર બીજાની મદદ કરવામાં પૂર્ણરૂપે વચનબધ્ધ બની રહે છે.

**ઓન્ટેરિયો વિપશ્યના સેન્ટરમાં કઈ કઈ શિબિરોનું આયોજન થાય છે ?**

અહીં મહીલા તથા પુરુષ સાધકો માટે ૧૦ દિવસની ધ્યાન શિબિરોનું અવિરત આયોજન થતું હોય છે. ૮ થી ૧૭ વર્ષ સુધીના બાળકો માટે પણ ૧-૧ દિવસની શિબિર યોજાઈ છે. જેમણે વિપશ્યના સાધના હજુ સુધી બિલકુલ કરેલ જ નથી તેવા લોકો પણ આનાપાનની સાધના સમજે, શીખે, અને દરરોજ ઘેર જઈ સાધના કરે તેનુ માર્ગદર્શન પણ આપવામાં આવે છે.

**એગ્બર્ટમાં વિવિધ શિબિરનું આયોજન**

૨૫ ડિસે.થી ૫ જાન્યુઆરી (૧૦ દિવસ) એગ્બર્ડ ખાતે

૫ જાન્યુઆરી થી ૮ જાન્યુઆરી (૩ દિવસ) એગ્બર્ડ ખાતે

રજિસ્ટ્રેશન માટે (registration@torana.dhamma.org) પર સંપર્ક કરો

**વિપશ્યના શિબિરમાં આવનાર દરેક સાધકનો રહેવાનો, ખાવા-પીવાનો કે સાધના શીખવાનો કોઈ ચાર્જ લેવામાં આવતો નથી. વિશ્વભરની બધી વિપશ્યના શિબિરો જૂના સાધકોના સ્વેચ્છાથી અપાયેલા દાનથી ચાલતી હોય છે.**

# ગેરરીતિની ફરિયાદોમાં તથ્ય નીકળતા બિન સચિવાલય ક્લાર્કની પરીક્ષા રદ

**• એસઆઈટીએ અહેવાલ આપ્યા બાદ સિનિયર મંત્રીઓ સાથેની ચર્ચા બાદ મુખ્યમંત્રીનો નિર્ણય**

ગાંધીનગર- તાજેતરમાં ગુજરાત ગૌણ સેવા પંસદગી મંડળ દ્વારા બિન સચિવાલય ક્લાર્કની ભરતી કરવા માટે સ્પર્ધાત્મક પરીક્ષા લેવાઇ હતી. આ પરીક્ષામાં પેપર લીકેજની ગંભીર પરીક્ષા સાથે હજારો ઉમેદવારોએ સમગ્ર ભરતી પ્રક્રિયા રદ કરવાની માગણી કરી હતી તેમજ ગાંધીનગરમાં ચાર-પાંચ દિવસ સુધી ભૂખ હડતાલ કરી હતી જેને પગલે સરકારે તેની ગંભીર નોંધ લઈને પરીક્ષામાં પેપર ફુટ્યા હતા કે તેની તપાસ કરવા માટે સ્પેશિયલ ઈન્વેસ્ટીગેશન ટીમની રચના કરી હતી. એસઆઈટી દ્વારા મુખ્યમંત્રી વિજય રૂપાણી સમગ્ર ઘટનાની તપાસ કરીને રિપોર્ટ અપાયા હતો જેના મુખ્યમંત્રીએ સિનિયર મંત્રીઓ અને સનદી અધિકારી મિટિંગ કરી ચર્ચા વિચારણા કરી હતી જેમાં બિન સચિવાલય ક્લાર્કની સમગ્ર ભરતી પ્રક્રિયાને રદ કરવાનો મહત્વનો નિર્ણય લીધો હતો. આ સંદર્ભમાં ગૃહ રાજ્ય મંત્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું છે કે વિદ્યાર્થીઓએ દસ મોબાઈલ ફોન આપ્યા હતા. એસઆઈટીના અધિકારીઓએ એફએસએલના નિષ્ણાંતોને સાથે રાખીને વૈજ્ઞાનીક ઢબે તપાસ હાથ ધરી હતી જેમાં સીસીટવી ફૂટેજની ચકાસણી કરાઇ હતી તેમજ કેટલાક ઉમેદવારોએ મોબાઈલ ફોનમાંથી પેપરો લખતા હતા તેની ચકાસણી થઈ હતી ઉપરાંત પેપર લીક થયા છે તેવી ફરિયાદની પણ ઉંડી તપાસ કરી હતી. આ તમામ તપાસમાં એસઆઈટીએ રિપોર્ટ સાથે આ પરીક્ષાને રદ કરવાની ભલાણ કરી છે.

# પાંચ વર્ષમાં ૨૮ પરીક્ષા રદ થઇ, સરકારે શું કર્યુ : પરેશ ધાનાણી

અમદાવાદ- બિન સચિવાલય કલાર્કની પરીક્ષા રદ થયા બાદ વિધાનસભા વિપક્ષના નેતા પરેશ ધાનાણીએ મુખ્યમંત્રી વિજય રૂપાણીને પત્ર લખી એવી માંગ કરી છેકે,છેલ્લા પાંચ વર્ષમાં ૨૮ સ્પર્ધાત્મક પરીક્ષા ગેરરીતી, કોર્ટ મેટર સહિતના મુદ્દે રદ થઈ છે ત્યારે આ બધાય મામલે સરકારે જવાબદારો વિરૂધ્ધ શું કાર્યવાહી કરી તે અંગે રાજ્ય સરકાર શિક્ષિત યુવાઓને જવાબ આપે. છેલ્લા પાંચેક વર્ષમાં રેવન્યૂ તલાટી,ચીફ ઓફિસર,મોટર વાહન નિરિક્ષક, વડોદરા મનપા કલાર્ક, ટાટ, લોકરક્ષક દળ, એએમસી કલાર્ક, ગ્રામ સેવક, એસટી કંડકટર સહિત અનેક પરીક્ષાઓ પેપર લીક થવું,ખોટી લાયકાત,ગેરરીતી સહિતના કારણોસર રદ થઈ છે તેવો ઉલ્લેખ કરતાં વિધાનસભા વિપક્ષના નેતા પરેશ ધાનાણીએ જણાવ્યું કે, પરીક્ષાઓ રદ થતા લાખો પરીક્ષાર્થીઓના નોકરી મેળવવાના અરમાનો પર પાણી ફરી વળ્યું છે.પરીક્ષાઓમાં ગેરરીતી થતાં મહેનતુ વિદ્યાર્થીઓને તક મળતી નથી. આ ઉપરાંત ભરતીઓ રદ થતાં બેરોજગારીનુ પ્રમાણ વધ્યુ છે. ધાનાણીએ એવી માંગ કરી છેકે, સ્પર્ધાત્મક પરીક્ષાઓ ફુલપ્રૂફ હોવી જોઈએ.

# માંગરોળમાં એએસઆઇ અને કોન્સ્ટેબલ દ્વારા આત્મહત્યા

જૂનાગઢ : જૂનાગઢ જિલ્લામાં માંગરોળ મરીન પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા એક એ.એસ.આઈ અને કોન્સ્ટેબલે ઝેરી દવા પી આપઘાત કરી લેતા સમગ્ર પોલીસબેડામાં ભારે ચકચાર મચી ગઈ હતી. ખાસ કરીને એકસાથે બે પોલીસ કર્મચારીઓની રહસ્યમય સંજોગોમાં આત્મહત્યાને લઈ પોલીસતંત્રમાં ચર્ચાનો વિષય બન્યો હતો. આ બંને પોલીસ કર્મચારીઓએ અલગ-અલગ સ્થળે આપઘાત કર્યો હતો. કોન્સ્ટેબલ જયદીપ પરમાર અને એએસઆઈ સાદીક નાગોરી નામના બે પોલીસ કર્મચારીઓએ આપઘાત કરી લેતાં સમગ્ર પંથકમાં પણ ઘેરા શોકની લાગણી ફેલાઈ ગઈ હતી. જો કે, બંને પ ોલીસ કર્મચારીના આપઘાત પાછળનું કારણ અકબંધ છે. પોલીસ મોતનું સાચું કારણ જાણવા તપાસ કરી રહી છે. જયદીપ પરમાર માંગરોળના ઢેલાણા ગામના વતની છે. જ્યારે સાદીક નાગોરી જૂનાગઢમાં રહેતા હતા તેવું જાણવા મળ્યું છે. આ બંને પોલીસ કર્મચારીઓએ અલગ-અલગ સ્થળોએ આત્મહત્યા કરી લીધી હતી. તેથી હવે આ બંનેએ એકસાથે આત્મહત્યા કરવાનું નક્કી કર્યું હતું, એક જ દિવસે બંનેની આત્મહત્યાની ઘટના સામે આવી તે એક યોગાનુયોગ છે તેને લઈને પણ હવે ભારે ચર્ચા ચાલી છે.

# કેન્દ્ર સરકારના બુલેટ ટ્રેન પ્રોજેક્ટ સામે ગુજરાતના અસરગ્રસ્ત ખેડૂતો SCની શરણે

અમદાવાદઃ કેન્દ્ર સરકારના અતિ મહત્વાકાંક્ષી ગણાતા બુલેટ ટ્રેન પ્રોજેકટમાં અસરગ્રસ્ત ખેડૂતો હવે પ્રોજેક્ટમાં કપાતમાં જતી જમીનના સંપાદનના મામલે ગુજરાત હાઈ કોર્ટના ચૂકાદા સામે સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યા છે. સુરત સહિત દક્ષિણ ગુજરાતના પચાસ જેટલા અસરગ્રસ્ત ખેડૂતો દ્વારા સુપ્રીમ કોર્ટમાં પિટિશન કરવામાં આવી છે. આ ઉપરાંત પ્રોજેકટના અસરગ્રસ્ત ૭૦ જેટલા મકાનમાલિકો પણ સુપ્રીમ કોર્ટમાં પિટિશન દાખલ કરશે.

કેન્દ્ર સરકારના બુલેટ ટ્રેન પ્રોજેક્ટના જમીન સંપાદન માટે કેન્દ્ર સરકારના વર્ષ



૨૦૧૩ના કાયદા પ્રમાણે જમીન સંપાદન કરી વળતર ચુકવવાની માંગ સાથેની પિટિશન અસરગ્રસ્ત ખેડૂતો સહિત દક્ષિણ ગુજરાત ખેડૂત સમાજ દ્વારા કરવામાં આવી છે. રાજ્ય સરકાર વર્ષ ૨૦૧૬ના કાયદા પ્રમાણે ખેડૂતોને જમીન સંપાદનનું વળતર આપવાની વાત કરી રહી છે. રાજ્ય સરકારે વર્ષ ૨૦૧૩ના બદલે વર્ષ ૨૦૧૬ના કાયદામાં સુધારા કરી જમીન સંપાદનનો કાયદો લાગુ કર્યો છે. બુલેટ ટ્રેન પ્રોજેકટ મામલે સુરત સહિત દક્ષિણ ગુજરાત ખેડૂત સમાજ દ્વારા વિરોધ કરવામાં આવી રહ્યો છે. આ અગાઉ ગુજરાત હાઈ કોર્ટ દ્વારા ખેડૂતોની અરજી ગ્રાહ્ય ન રાખી ફગાવી દેવામાં આવી હતી. જોકે મહારાષ્ટ્રમાં ખેડૂતોને વધુ ભાવ આપવામાં આવે છે ત્યારે આજ પ્રોજેક્ટમાં ગુજરાતના ખેડૂતોને ઓછો ભાવ આપવામાં આવે છે.

# ગાંધીનગરમાં વિદેશ મોકલવાના બહાને લોકો સાથે ઠગાઈ : પાંચ સામે ફરિયાદ

**• દુબઈ, ન્યુઝીલેન્ડ મોકલવાના બહાને પાંચથી વધુ લોકોને છેતરી રૂપિયા પડાવ્યા**

ગાંધીનગર : હાલમાં વિદેશ મોકલવાના બહાને લોકો સાથે છેતરપીંડી કરતી ટોળકી સક્રિય છે ત્યારે સે-૧૧ અને ત્યારબાદ ૨૧માં ટુર્સ એન્ટ ટ્રાવેલ્સની ઓફીસ ખોલી દુબઈ, ન્યુઝીલેન્ડ મોકલવાના બહાને લાખો રૂપિયાની છેતરપીંડી કરનાર મુખ્ય સુત્રધાર સહિત પાંચ વ્યક્તિઓ સામે ફરીયાદ નોંધાઈ છે. અમદાવાદના વટવા ખાતે રહેતાં કુતુબરહેમાન અબ્દુલરહેમાન પઠાણે સે-૭ પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદ પ્રમાણે તેમનો સંપર્ક સિધ્ધપુર ખાતે ઈમરાનખાન મહેબુબખાન બલોચ સાથે થયો હતો અને તે વિદેશ મોકલવાનું કામ કરતાં હોવાથી તેમની સે-૧૧ ખાતેની ઓફીસ ખાતે તે અને તેમના સાળા મહોમંદ આરીફ ગુલાબ રસુલ શેખ ગયા હતા જયાં ન્યુઝીલેન્ડ ખાતે મોકલી આપવાના એક વ્યક્તિ દીઠ ત્રણ-ત્રણ લાખ રૂપિયા નક્કી થયા હતા અને જે પેટે કુતુબ રહેમાન પાસેથી ૧.૬૯ લાખ અને મહોમંદ આરીફ પાસેથી ૨.૨૦ લાખ મેળવી વિઝા નહીં અપાવી પાસપોર્ટ પણ પરત નહોતો કર્યો.

અવારનવાર ઉઘરાણી છતાં યોગ્ય જવાબ પણ આપતાં નહોતા. તો સે-૨૧ પોલીસ મથકમાં પણ રાજસ્થાનના ઝુન્ઝુનમાં રહેતા ફીરોજખાન મહંમદજી ભાટીએ પેથાપુર ખાતે રહેતાં આરીફખાન ઉર્ફે રાણા મહેબુબખાન પઠાણ અને અમદાવાદ ખાતે રહેતાં ઈમરાનખાન મહેબુબખાન બલોચ સામે દુબઈ મોકલવાની લાલચ આપી ૨.૮૦ લાખ પડાવી છેતરપીંડી કર્યા અંગેની ફરીયાદ નોંધાવી છે જેના પગલે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

# ૧,૩૦૦ કરોડની ટેક્સ ચોરીમાં ગઢેચાની ધરપકડ ગેરકાયદે : HC

અમદાવાદ : ૧૪ કરોડના ઈનપુટ ટેક્સ ક્રેડિટ ખોટી રીતે મેળવી ટેક્સ ચોરી કરવાના કેસમાં, હાઈકોર્ટે આદેશ કર્યો છે કે, જ્વેલર્સ સુરેશ ગઢેચાને છોડી મૂકવામાં આવે. હાઈકોર્ટે ટકોર કરી છે કે, સ્ટેટ જીએસટીના અધિકારીને સત્તા નથી, તો પણ તેણે આ પ્રકારનુ પગલું ભર્યું છે. આ કેસમાં જોઈન્ટ કમિશનરે સત્તા ન હોવા છતાં, કાર્યવાહી કરી છે. સુનાવણી દરમિયાન, અરજદારના વકીલની રજૂઆત હતી કે, જીએસટીના કાયદા મુજબ ધરપકડ કરવા કે જીએસટી એક્ટની સેક્શન ૬૯ મુજબ કોઈપણ વેપારીની ધરપકડ નક્કી કરવા કે તે અંગે આદેશ કરવાની લેવાની સત્તા જીએસટી વિભાગના કમિશનરને છે. જ્યારે, આ કેસમાં જોઈન્ટ કમિશનરે સમગ્ર કાર્યવાહી કરી છે. જેના લીધે, સુરેશ ગઢેચાની ધરપકડ ગેરકાયદેસર છે. બીજી તરફ, સરકારી વકીલની રજૂઆત હતી કે, જીએસટી વિભાગના અધિકારીએ જે પણ પગલા ભર્યા છે, તે યોગ્ય છે. સુરેશ ગઢેચા પર ખોટી રીતે કરોડો રૂપિયાની આઈટીસી મેળવી ટેક્સ ચોરીનો આરોપ છે. સ્ટેટ જીએસટી વિભાગે બિલિંગ કૌભાંડમાં અમદાવાદના અનમોલ જ્વેલર્સના માલિક સુરેશ ગઢેચા, વડોદરાના શણગાર જ્વેલર્સના હિતેન્દ્ર માંડવિયા અને અમિત કોપોરેશનના માલિક અમિત ચંદ્રકાંત શાહની ધરપકડ કરી હતી.

# બિલ્ડરને ધમકી આપનાર છોટા રાજનના ૩ સાગરિતનું સરેન્ડર

સુરતઃ છોટા રાજન ગેંગના ગેંગસ્ટર મનાતા અનિલ કાઠી, ધર્મેન્દ્ર પંજાબી અને તેમના સાગરીતો વેસુના બિલ્ડરની ઑફિસમાં ઘૂસીને રૂ.૧૦ લાખની ખંડણી માંગવાના તેમ જ ધમકી આપવાના ગુનામાં નાસતા ફરતા હતા. અઢી મહિના બાદ અનિલ કાઠી અને ધર્મેન્દ્ર પંજાબી અને એક સાગરીતે ઉમરા પોલીસ સ્ટેશનમાં સરન્ડર કર્યું હતું. વેસુમાં રહેતા નેહલ કાંતિલાલ નામના બિલ્ડરને આગેંગ ખંડણી માટે ધમકી આપતી હતી. ૨૫મી સપ્ટેમ્બરના રોજ તેઓ નેહલની હીરા-પન્ના ઑફિસમાં ધસી આવ્યા હતા અને તેના પર કબજો કરી, નેહલ પાસે ૧૦ લાખ રૂપિયા માંગ્યા હતા. જો રૂપિયા નહિ આપે તો જાનથી મારી નાંખવાની ધમકી પણ આપી હતી. નેહલે આ બાબતે ઉમરા પોલીસ મથકે આરોપીઓ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. અઠવાડિયા બાદ ક્રાઈમ બ્રાંચે અનિલ કાઠીના બે સાગરિતોની ધરપકડ કરી હતી, પરંતુ ક્રાઈમ બ્રાંચ અનિલ કાઠી અને ધર્મેન્દ્ર પંજાબીને પકડી શકી ન હતી. દરમિયાન અનિલ કાઠીએ નેહલને ફોન કરીને બીજી વખત પણ ધમકી આપી હતી. નેહલે આ મામલે ફરીથી બીજી વખત ઉમરા પોલીસ મથકે અનિલ કાઠી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

# ગુજરાતમાં મોટાભાગની નદીઓ પ્રદૂષિત ગંદકીને કારણે જનઆરોગ્યને મોટું જોખમ

અમદાવાદઃ ગુજરાત સરકાર દ્વારા દક્ષિણ ગુજરાતની કિમ, તાપી, મીંઢોળા, દમણ ગંગા નદી, સુરેન્દ્રનગર જિલ્લાની ભોગાવો નદી અને અમદાવાદની સાબરમતી નદી સહિતની મોટાભાગની નદીઓ પ્રદૂષિત હોવાનું માનવામાં આવ્યું છે. આ પ્રદૂષિત નદીઓમાં હાલ મોટાભાગે ગંદકી, કચરાના ઢગલાઓ, શહેરનું ગંદું પાણી જોવા મળે છે, જેની વાસ પણ એટલી જ ભયંકર હોય છે. ઉપરાંત કેટલીક પ્રદૂષિત નદીઓમાં તો લોકો શૌચ પણ કરે છે. રાજ્યના અનેક તાલુકાઓની નદીઓમાં પ્રદૂષણનું પ્રમાણ વધી રહ્યું છે ત્યારે અમદાવાદ શહેરની મધ્યમાંથી પસાર થતી સાબરમતી નદીની વાત કરીએ તો હાલ પણ નદીમાં પ્રદૂષિત પાણી છોડવામાં આવે છે. ઉપરાંત ખુલ્લેઆમ અને બેરોકટોક ગંદકી ઠલવાય છે. કેમિકેલવાળું અને ગટરનું પાણી પણ નદીમાં છોડવામાં આવે છે. જોકે



સરકાર દ્વારા નદી સાફ કરવાની વારંવાર માત્ર વાતો જ કરવામાં આવે છે. આ સિવાય સુરેન્દ્રનગર જિલ્લાની ભોગાવો નદીની વાત કરીએ તો નદીમાંથી ગેરકાયદેસર રેતીની પણ ચોરી કરવામાં આવી રહી છે.

# ગુજરાતમાં લઘુમતિ વિસ્તારોમાં સજ્જડ બંધ

અમદાવાદઃ નાગરિકતા કાયદાના વિરોધમાં અપાયેલા બંધની ગુજરાતમાં ખાસ કરીને લઘમતિ વિસ્તારોમાં અસર જોવા મળી હતી, પરંતુ બીજા વિસ્તારોમાં આ બંધની ખાસ કોઈ અસર જોવા મળી નહોતી. ઉત્તર ગુજરાતના કેટલાક જિલ્લામાં બંધની અસર જોવા મળી હતી. હિંમતનગરના સવગઢ, પાણપુરપાટિયા, મલીવાડ, ઝહીરાબાદ જેવા વિસ્તારો સજ્જડ રીતે બંધ રહ્યા હતા. જ્યારે અમદાવાદના લાલદરવાજા, ઢાલગરવાડનું કાપડ બજાર, જમાલપુર, જુહાપુરામાં સંપૂર્ણપણે બંધ પાળવામાં આવ્યો હતો તેમજ કાયદાના વિરોધમાં ઢાલગરવાડ કાપડ બજાર બંધ રહેશે તેવા બેનરો લગાવવામાં આવ્યા હતા. જમાલપુર ચકલામાં લોકો વિરોધ કરવા બેનરો સાથે રસ્તા પર ઉતર્યા હતા, જેને પગલે પોલીસ અને ક્રાઈમ બ્રાન્ચનો કાફલો ઘટના સ્થળે હાજર રહ્યો હતો. બીજી તરફ ગોધરામાં સજ્જડ બંધ પળાયોહતો તેમજ પાલનપુરમાં દેખાવો થયા હતા. આ ઉપરાંત સૌરાષ્ટ્રમાં રાજકોટ સહિત ક્યાંય પણ બંધની અસર જોવા મળી નહોતી. જૂનાગઢ, જામનગર, અમરેલી, દ્વારકા, ભાવનગર, ગીરસોમનાથ સહિતના જિલ્લામાં સવારથી જ માર્કેટ ખુલ્લી રહી હતી, જ્યારે સુરતમાં રાબેતા મુજબ લોકોએ પોતાના ધંધા રોજગાર યથાવત રાખ્યા હતા. વડોદરા શહેરના માંડવી, ફતેપુરા, યાકુતપુરા, મચ્છીપીઠ, પાણીગેટ અને રાવપુરા સહિતના વિસ્તારોમાં વેપારીઓએ સ્વૈચ્છિક બંધ પાળ્યો હતો જ્યારે ભરૂચમાં બંધની કોઈ અસર નહોતીદેખાઈ.

## અમદાવાદમાં પોલીસ પર પથ્થરમારોઃ ૨૫ જવાનો ઘાયલ



અમદાવાદ : સીએએ(સીટીઝનશીપ એમેન્ડમેન્ટ એક્ટ)ના વિરોધમાં ૩ મુફતી, ૪ મૌલાના સહિત ૧૫ મુસ્લિમ આગેવાનોના નામે આપવામાં આવેલા બંધને ગુજરાતમાં મહ્દઅંશે નિષ્ફળતા મળી હતી. અમદાવાદ સહિત રાજયના કેટલાક મુસ્લિમ વિસ્તારોમાં જ બંધની અસર જોવા મળી હતી પરંતુ અમદાવાદમાં બંધના એલાનને લઈ અને સીએએના વિરોધ દરમ્યાન અચાનક હિંસા ભડકી હતી ખાસ કરીને શહેરના મુસ્લિમ વિસ્તારો શાહઆલમ, રખિયાલ, લાલદરવાજા, મીરઝાપુર સહિતના વિસ્તારોમાં મુસ્લિમ સમુદાયના લોકોએ જાહેરમાં ખુલ્લેઆમ જોરદાર પથ્થરમારો કર્યો હતો અને પોલીસની ગાડીઓના કાચ તોડી એક તબક્કે પોલીસ પર પણ હુમલો કરવામાં આવ્યો હતો. તોફાની તત્વોના પથ્થરમારામાં એક એસીપી, ડીસીપી સહિત ૨૦થી વધુ પોલીસ કર્મચારીઓ ઘવાયા હતા. પોલીસને પરિસ્થિતિ થાળે પાડવા અને પથ્થરમારો કરતાં તોફાની તત્વોને વિખેરવા માટે ટીયરગેસના શેલ છોડવાની પણ ફરજ પડી હતી. ગોધરાકાંડના તોફાનો બાદ ૧૭ વર્ષ પછી શહેરની શાંતિ ફરી એક વખત ડહોળાઈ હતી.

### છાપીમાં મુસ્લિમ લોકોએ પોલીસવાનને ઘેરી

છાપી : સિટીઝનશિપ એમેન્ડમેન્ટ એક્ટના વિરોધમાં મુસ્લિમ સંગઠનોએ ગુરુવારે ગુજરાત બંધનું એલાન આપ્યું છે ત્યારે પાલનપુરના છાપીમાં પોલીસ જવાનો મુસ્લિમ સમુદાયના હજારો લોકોના ટોળાની ઝપટે ચઢતા માંડ-માંડ બચ્યા હતા. હજારો મુસ્લિમ લોકો વચ્ચે ફસાયેલા પોલીસ જવાનોને એક તબક્કે જીવ બચાવવાનું ભારે પડી ગયુ હતુ કારણ કે, હજારો લોકોના ટોળાએ પોલીસ વાનને ઘેરી લીધી હતી અને જબરદસ્ત હચમચાવી હતી., આ ઘટના બાદ પોલીસે સમગ્ર વિસ્તારમાં અસરકારક બંદોબસ્ત તૈનાત કરી ટોળાને વિખેરી નાંખ્યા હતા અને સમગ્ર પંથક અને રૂટ પર પોલીસ પેટ્રોલીંગ અને ફલેગમાર્ચ વધારી દેવાયા હતા. આજે વહેલી સવારથી જ છાપીના મુખ્ય રસ્તા અને હાઈવે પર સિટીઝનશીપ બિલનો વિરોધ કરનારા હજારોની સંખ્યામાં રસ્તા પર ઉતર્યા હતા અને ચક્કાજામ કર્યો હતો. પરિસ્થિતિ વણસતી જોતાં પોલીસે કેટલાક પ્રદર્શનકારીઓની અટકાયત કરી હતી પરંતુ તેના લીધે સ્થિતિ વણસી હતી.

### હુમલો કરનારા તત્વો સામે તપાસનો ધમધમાટ

સીએએના વિરોધમાં અમદાવાદમાં વર્ષો બાદ અજંપાભરી શાંતિ પથરાયેલી છે. શહેરના કોટ વિસ્તારમાં અને મુસ્લિમ વિસ્તારોમાં વાતાવરણ તંગ અને ભારેલા અગ્નિ જેવી સ્થિતિ છે ત્યારે હવે પોલીસ પર હુમલાને લઇ રાજય સરકાર અને પોલીસ તંત્ર દ્વારા તોફાની તત્વોને ઝબ્બે કરવા તપાસનો ધમધમાટ શરૂ કરાયો છે. ખાસ કરીને પોલીસે સીસીટીવી ફુટેજીસ અને સ્થાનિક લોકોની પૂછપરછના આધારે તોફાની તત્વોને આઇડેન્ટીફાઇ કરી પકડવાના ચક્રો ગતિમાન કર્યા છે. પોલીસે સમગ્ર પ્રકરણમાં ખાસ કરીને પોલીસ પર હુમલાના બનાવોને લઇ જરૂરી ફરિયાદ અને કાયદાનુસાર કાર્યવાહી હાથ ધરવાની તજવીજ પણ હાથ ધરી છે. અમદાવાદ શહેરના ઇતિહાસમાં સૌપ્રથમવાર કાશ્મીર સ્ટાઇલથી મોંઢે રૂમાલ બાંધી પોલીસને ટાર્ગેટ બનાવી જોરદાર રીતે પથ્થરમારો કર્યો હતો. એટલું જ નહી, પોલીસને ઘેરી ઘેરીને હુમલાનો ભોગ બનાવી લોહીલુહાણ કરાઇ હતી, જેના કારણે પોલીસ તંત્રમાં આક્રોશ પ્રવર્તી રહ્યો છે.

**નવી દિલ્હી**

### પોલીસ ચોકી અને ૬ બસો સળગાવી, ૨૯ લોકની ધરપકડ

જામિયા પછી પૂર્વીય દિલ્હીમાં દેખાવો કરવા ૨,૦૦૦થી વધુ લોકો અહીં એકત્ર થયા હતા દેખાવકારોએ અહીં એક પોલીસ ચોકી પણ સળગાવી દીધી. અનેક બસોમાં તોડફોડ પણ કરી હતી. હિંસક દેખાવોના પગલે આખા વિસ્તારમાં સૈન્ય ખડકી દેવાયું છે. પોલીસે જામિયા યુનિવર્સિટી અને ઉત્તર પ્રદેશના કેટલાક ભાગોમાં હિંસક દેખાવો માટે ૨૯ લોકોની ધરપકડ કરી છે. દિલ્હી ઉપરાંત કેરળ સહિત અન્ય કેટલાક વિસ્તારોમાં નવેસરથી હિંસક દેખાવો થયા હતા. દિલ્હીમાં હિંસક દેખાવોના કારણે સાત મેટ્રો સ્ટેશનો બંધ કરી દેવાયા હતા. દરમિયાન સુપ્રીમ કોર્ટે જામિયા મિલિયા અને અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીમાં હિંસક દેખાવો પર ન્યાયિક તપાસ કરવાનો ઈનકાર કરી દીધો છે.

**પશ્ચિમ બંગાળ**

### ૧૭ બસો અને ૫ ટ્રેનો ફૂંકી મરાઈ, ૬ રેલવે સ્ટેશનો પર તોડફોડ

કોલકાતા : હિંસક દેખાવોથી પશ્ચિમ બંગાળના ચાર જિલ્લા બહુ પ્રભાવિત થયા છે. વિરોધ કરી રહેલા ટોળા દ્વારા સરકારી સંપત્તિને મોટા પાયે નુકસાન પહોંચાડવામાં આવી રહ્યુ છે. ખાસ કરીને મુર્શિદાબાદ, હાવડા, માલદા અને ઉત્તર ૨૪ પરગણામાં હિંસક દેખાવો અટકવાનુ નામ નથી લઈ રહ્યા. એક જ દિવસમાં ટોળાએ ૧૭ બસો અને પાંચ ટ્રેનોને આગના હવાલે કરી દીધી હતી. આ દરમિયાન પોલીસના વાહનો અને ફાયર બ્રિગેડને પણ ટાર્ગેટ કરવામાં આવ્યા છે. ૬ રેલવે સ્ટેશનો પર તોડફોડ કરવામાં આવ્યા છે. મુર્શિદાબાદમાં તો ટોળાએ બાળકોને આગળ કરીને પોલીસ પર હુમલા કર્યા છે. મમતા બેનર્જીએ મોડે મોડે કહ્યું છે કે, કાયદો તોડનારા સામે કાર્યવાહી કરાશે.

**આસામ**

### 3,૦૦૦થી વધુ લોકોની અટકાયત કરાઈ, ૧૩૬ જેટલા કેસો નોંધાયા

પૂર્વોત્તરના રાજ્યો અને પશ્ચિમ બંગાળમાં પાંચમા દિવસે પણ દેખાવો યથાવત્ રહ્યા છે. દેખાવકારોએ મંગળવારે વિવિધ રાજ્યોના અનેક ભાગોમાં રસ્તાઓ અને રેલવે ટ્રેક પર અવરોધો ઊભા કર્યા હતા. પોલીસે છેલ્લા કેટલાક દિવસમાં હિંસક તોફાનો બદલ આસામમાં 3,૦૦૦થી વધુ લોકોની અટકાયત અને ૧૯૦થી વધુની ધરપકડ કરી હતી. આસામના ડીજીપી ભાસ્કર જ્યોતિ મહંતાએ જણાવ્યું હતું કે, પોલીસે અત્યાર સુધીમાં ૧૩૬ કેસ નોંધ્યા છે અને ૧૯૦થી વધુ દેખાવકારોની ધરપકડ કરી છે. આ લોકો માત્ર દેખાવો જ નહોતા કરતાં, તેમણે રાજ્યમાં હિંસા પણ ફેલાવી હતી. ધરપકડમાં કેટલીક સંસ્થાના મોટા નેતાઓનો પણ સમાવેશ થાય છે.

### નાગરિકતા કાયદો, NRC લાગુ નહીં જ થાય : મમતા

કોલકાતા : નાગરિકતા સંશોધન કાયદાને લઈ પશ્ચિમ બંગાળમાં છેલ્લા પાંચ દિવસથી ભારે હિંસા વ્યાપેલી છે ત્યારે આ બધા વચ્ચે રાજ્યના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ સોમવારે એક વિશાળ રેલીનું આયોજન કરી તેનો વિરોધ કર્યો હતો. તૃણમૂલ કોંગ્રેસ દ્વારા યોજવામાં આવેલી રેલીમાં હાજર રહેલા મમતા બેનર્જીએ કોમી સંવાદિતા તેમનું મુખ્ય લક્ષ્ય હોવાનું જણાવીને તેઓ પશ્ચિમ બંગાળમાં એનઆરસી લાગુ નહીં થવા દે તેમ જણાવ્યું હતું. આ ઉપરાંત તેમણે કેન્દ્રની મોદી સરકારના 'સૌનો સાથ, સૌનો વિકાસ' સૂત્ર પર પણ નિશાન સાધ્યું હતું.

### કોંગ્રેસ દરેક પાકિસ્તાનીને નાગરિકતા આપે : મોદી

નવી દિલ્હી : નાગરિકતા બિલને લઈને પીએમ મોદીએ ઝારખંડમાં એક ચૂંટણી સભામાં કોંગ્રેસ પર મોટો હુમલો કરતા કહ્યુ હતુ કે, હું આજે કોંગ્રેસ સહિતના એ તમામ વિપક્ષી દળોને પડાકર ફેંકુ છું કે, જો તેમનામાં હિંમત હોય તો ખુલ્લેઆમ જાહેરાત કરે કે, પાકિસ્તાનના તમામ નાગરિકને તેઓ ભારતની નાગરિકતા આપવા માટે તૈયાર છે. પીએમ મોદીએ કહ્યુ હતુ કે, કોંગ્રેસમાં હિંમત હોય તો જાહેરાત કરે કે , સત્તા પર આવીશું તો કાશ્મીરમાં ફરી કલમ ૩૭૦ અને ટ્રિપલ તલાકના કાયદાને પણ ફરી લાગુ કરીશું.કોંગ્રેસનો દેશવાસીઓ હિસાબ લેશે.

### ગમે તેટલો વિરોધ કરો સરકાર નહીં ઝુકે : શાહ

નાગરિક્તા સુધારા કાયદા વિરૂદ્ધ સમગ્ર દેશમાં દેખાવો ચાલી રહ્યા છે ત્યારે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે સ્પષ્ટપણે જણાવી દીધું છે કે નાગરિક્તા સુધારા કાયદા મુદ્દે ગમે તેટલો વિરોધ થાય સરકાર ઝુકશે નહીં. ત્રણ પડોશી દેશોમાંથી આવનારા લઘુમતી શરણાર્થીઓને અમારી સરકાર નાગરિક્તા જરૂર આપશે. આ મુદ્દે મોદી સરકાર અને ભાજપ અડગ છે. દિલ્હીમાં એક કાર્યક્રમ દરમિયાન કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું હતું કે પડોશી દેશોમાંથી આવેલા લઘુમતી શરણાર્થીઓને અમારી સરકાર નાગરિક્તા જરૂર આપશે.

### ભારતના મુસ્લિમોને કોઈ ખતરો નથીઃ શાહી ઈમામ

બિલ મુદ્દે દેશમાં દેખાવો થઈ રહ્યા છે ત્યારે દિલ્હીની જામા મસ્જિદના શાહી ઈમામ સૈયદ અહેમદ બુખારીએ લોકોને શાંતિ જાળવવાની અપીલ કરી છે. શાહી ઈમામ બુખારીએ કહ્યુ છે કે, પ્રદર્શન કરવો લોકોનો અધિકાર છે પણ તે વખતે લોકોએ પોતાની ભાવનાઓ પર કાબૂ રાખવો જોઈએ.તેમણે કહ્યુ હતુ કે, આ બિલથી દેશના મુસ્લિમોને કોઈ જાતનો ખતરો નથી.આ બિલ પાછળનો હેતુ અફઘાનિસ્તાન, બાંગ્લાદેશ અને પાકિસ્તાનથી ભારતમાં આવનારા મુસ્લિમોને નાગરિકતા નહી આપવાનો છે.ભારતીય મુસ્લિમોએ તેને લઈને ચિંતા કરવાની જરુર નથી.

## નાગરિક્તા કાયદામાં સુધારાની બંધારણીય માન્યતા ચકાસીશુંઃ સુપ્રીમ

નવી દિલ્હી : કેન્દ્ર સરકારે નાગરિક્તા કાયદામાં સુધારો કર્યો છે. જેને પગલે દેશભરમાં હાલ ઉગ્ર વિરોધ પ્રદર્શન ચાલી રહ્યા છે. આ સ્થિતિ વચ્ચે સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે સરકારે જે સુધારા કર્યા છે તે બંધારણીય રીતે કેટલો માન્ય છે તેની ચકાસણી કરવામાં આવશે. જોકે સાથે આ કાયદાનો અમલ કરવા પર હાલ સ્ટે મુકવાની પણ સુપ્રીમ કોર્ટે ના પાડી દીધી હતી. આ મામલે હવે ૨૦૨૦માં ૨૨મી જાન્યુઆરીએ સુપ્રીમ કોર્ટ દ્વારા વધુ સુનાવણી હાથ ધરવામાં આવશે. સરકાર દ્વારા જે સુધારા કરવામાં આવ્યા તે મૂજબ હવેથી પાકિસ્તાન, અફઘાનિસ્તાન, બાંગ્લાદેશના હિંદુ, શીખ, પારસી, ખ્રીસ્તી કે જેઓએ ભારતમાં ૨૦૧૪ પહેલા શરણ લીધી હોય તેમને ભારતની નાગરિક્તા આપવામાં આવશે. જોકે તેમાં મુસ્લિમોનો સમાવેશ નથી કરાયો આ ઉપરાંત શ્રીલંકામાં વસતા તામિલોનો પણ સમાવેશ નથી. આ સુધારા બાદ આસામ અને પૂર્વોત્તર રાજ્યોમાં અતી હિંસક દેખાવો શરૂ થયા જે બાદમાં દેશભરમાં ફેલાયા. આ મામલે હવે સુપ્રીમ કોર્ટમાં આશરે ૫૯ જેટલી જુદી જુદી અરજીઓ થઈ છે અને આ કાયદાને રદ કરવાની માગણી કરવામાં આવી છે. જોકે સુપ્રીમે તમામ અરજી નકારી કાઢી છે.

# ભાજપના નેતા કુલદીપ સેંગર દુષ્કર્મ માટે ગુનેગાર

**• સીબીઆઈએ ચાર્જશીટ દાખલ કરવામાં મોડું કેમ કર્યું? : વારંવાર પીડિતાને પૂછપરછ માટે બોલાવવા અંગે કોર્ટે સીબીઆઈની ઝાટકણી કાઢી**



નવી દિલ્હી : ઉન્નાવમાં કિશોરી ઉપર ૨૦૧૭માં ગોંધી રાખીને રેપ કરનારો ભાજપનો પૂર્વ ધારાસભ્ય કુલદીપ સિંહ સેંગર દોષિત ઠર્યો છે. હવે ૧૮મી ડિસેમ્બરે સજા મુદ્દે સુનાવણી થશે. બળાત્કાર વખતે પીડિતા સગીરવયની હતી એટલે પોક્સો હેઠળ કુલદીપ સિંહ સેંગર દોષિત હોવાથી તેને આજીવન કેદ ફટકારવાની માગણી કરવામાં આવી છે. આ મામલે સેંગરને દોષીત જાહેર કરવામાં આવ્યા હતા જોકે તેને હજુસુધી સજા સંભળાવવામાં નથી આવી. આ સ્થિતિ વચ્ચે શુક્રવારે સજાનું એલાન કરવામાં આવશે તેવી કોર્ટે સ્પષ્ટતા કરી હતી.

૨૦૧૭માં કુલદીપ સિંહ સેંગરે ઉત્તર પ્રદેશના ઉન્નાવમાં સગીરા પર બળાત્કાર કર્યો હતો. અપહરણ કરીને કિશોરી ઉપર બળાત્કાર થયો તે પછી સીબીઆઈ તપાસ પણ શરૂ થઈ હતી. સીબીઆઈએ વારંવાર પીડિતાને પૂછપરછ માટે બોલાવી તે બાબતે પણ દિલ્હીની કોર્ટે નારાજગી વ્યક્ત કરીને સીબીઆઈની ઝાટકણી કાઢી હતી. કોર્ટે સીબીઆઈને સવાલ કર્યો હતો કે સમયસર ચાર્જશીટ દાખલ કરવામાં કેમ આવી ન હતી? એક વર્ષ સુધી આરોપનામું દાખલ કેમ ન કરાયું તેનો ખુલાસો કરવાનું કોર્ટે સીબીઆઈને કહ્યું હતું. અગાઉ લખનઉમાં કેસ ચાલતો હતો, પરંતુ ગત ઓગસ્ટ માસમાં સુપ્રીમ કોર્ટના આદેશ પછી દરરોજ સુનાવણી હાથ ધરવામાં આવી હતી અને ૪૫ દિવસમાં સુનાવણી કરી દેવાનો આદેશ પછી નિર્ભયા કાંડના બરાબર સાત વર્ષ થયા એ જ દિવસે કોર્ટે ભાજપના પૂર્વ ધારાસભ્યને દોષિત ઠેરવીને આગામી સુનાવણી ૧૮મી ડિસેમ્બરે કરવાનું જણાવ્યું છે. દિલ્હીની તીસ હજારી કોર્ટે અન્ય એક મહિલા આરોપી શશી સિંહનો બધા જ આરોપોમાંથી મુક્ત કરવાનો આદેશ કર્યો હતો.

## બિહાર ફરી શર્મસાર: વધુ એક 'નિર્ભયા' સળગી, દુષ્કર્મનો વિરોધ કરતાં મોત મળ્યું

મુઝફ્ફરપુર/બિહાર : બિહારના મુઝફ્ફરપુરમાં એક ૨૦ વર્ષીય યુવતી પર તેના જ પાડોશી યુવકે દુષ્કર્મનો પ્રયાસ કર્યો. પરંતુ જ્યારે યુવતીએ તેનો વિરોધ કર્યો ત્યારે આ યુવકે યુવતીને જીવતી સળગાવી દીધી. યુવતીને સારવાર માટે પટનાની અપોલો બર્ન હોસ્પિટલમાં લાવવામાં આવી પરંતુ સોમવારે તેનું મોત નિપજ્યું. હોસ્પિટલના ડોકટર્સે જણાવ્યું કે યુવતીનું શરીર ૮૫ ટકા જેટલું દાઝી ગયું હતુ. જેથી તેની હાલત ગંભીર હતી. યુવતીને સળગાવી દેવાની ઘટના સાત ડિસેમ્બરની રાત્રે બની હતી. પરંતુ આ ઘટના ત્યારે સામે આવી કે જ્યારે યુવતીને સારવાર માટે પટનાની હોસ્પિટલમાં લાવવામાં આવી હતી. પોલીસે કેસ નોંધીને આરોપી યુવકને ઝડપી પાડ્યો છે.

## ભારત નેટબંધીની રાજધાની : પાંચ વર્ષમાં ૨૧૩ અબજનું નુકસાન

નવી દિલ્હી : ભારતમાં સરકારને ઈન્ટરનેટ કનેક્શન બંધ કરવામાં ફાવટ આવી ગઈ છે. કોઈ પ્રકારની ગરબડ થાય, ટોળું એકઠું થાય કે પછી પરિસ્થિતિ કાબુ બહાર જતી જણાય એટલે તુરંત જે-તે વિસ્તારમાં નેટ બંધ કરી દેવાય છે. ૨૦૧૪થી ૨૦૧૯ની ૧૫મી ડિસેમ્બર સુધીમાં દેશમાં વિવિધ સ્થળોએ, વિવિધ તબક્કે ૩૫૭ વખત નેટ બંધ કરવામાં આવ્યું હતું. ઈન્ટરનેટ બંધ કરવામાં ભારતે નામના મેળવી છે. સાંપ્રદાયિક માથાકૂટ રોકવા માટે મોટેભાગે નેટ બંધ કરવામાં આવે છે. અત્યારે દેશના અનેક ભાગોમાં સિટિઝન એમેન્ડમેન્ટ એક્ટનો વિરોધ કરી રહેલા લોકોને કાબુમાં લેવા નેટ બંધ કરાયું છે. ભારત ડિજિટલ ક્રાંતિ તરફ આગળ વધતો દેશ છે. સરકાર બધા જ પ્રકારના પેમેન્ટ ઓનલાઈન થાય એવા પ્રયાસો કરે છે. યુવા પેઢી તો અનેક કામો નેટ દ્વારા જ કરે છે. એવી સ્થિતિ વચ્ચે નેટ બંધ રહેવાથી ભારતને તોતિંગ આર્થિક નુકસાન થયું છે. ઈન્ડિયન કાઉન્સિલ ફોર રિસર્ચ ઓન ઈન્ટરનેશનલ ઈકોનોમિક રિલેશન્સ (આઈસીઆરઆઈઈઆર)ના કહેવા પ્રમાણે કુલ મળીને ૧૬,૦૦૦ કલાક નેટ બંધ રહ્યું છે. આ કલાકો દરમિયાન જે કામ થવું જોઈએ એ ન થયું એટલે અર્થતંત્રને ૩ અબજ ડૉલર (૨૧૩ અબજ રૂપિયા)નું નુકસાન થયું છે.

## ૨૦૦૮ના જયપુર શ્રેણીબદ્ધ વિસ્ફોટ કેસમાં ચાર આરોપીઓ દોષિત, ૧ નિર્દોષ જાહેર

**• ૧૩ મે, ૨૦૦૮ના રોજ જયપુરના વિવિધ વિસ્તારોમાં થયેલા વિસ્ફોટમાં ૭૦નાં મોત અને ૧૮૫ ઘાયલ થયા હતા**



જયપુર : જયપુરમાં વર્ષ ૨૦૦૮માં થયેલા શ્રેણીબદ્ધ બૉંબ વિસ્ફોટ કેસમાં ચાર આરોપીઓને દોષિત ઠેરવ્યા છે અને એકને નિર્દોષ જાહેર કર્યો છે. ૧૧ વર્ષ પહેલા થયેલા આ વિસ્ફોટમાં ૭૦ લોકોનાં મોત થયા હતાં અને ૧૮૫ લોકો ઘાયલ થયા હતાં. ચાર આરોપીઓને હત્યા, ગુનાહિત કાવતરુ, દેશદ્રોહ સહિતના આરોપો હેઠળ દોષિત ઠેરવવામાં આવ્યા છે. આવતીકાલથી દોષિતોની સજા અંગે સુનાવણી શરૂ કરવામાં આવશે. દોષિતોને મહત્તમ ફાંસીની સજા થઈ શકે છે. સ્પેશિયલ જજ અજયકુમાર શર્માએ મોહંમદ સૈફ, મોહંમદ સરવર આઝમી, મોહંમદ સલમાન અને સૈફુરરહેમાનને દોષિત ઠેરવ્યા છે તેમ સરકારી વકીલ શ્રીચંદે જણાવ્યું છે. જજે શાહબાઝ હુસેનને શંકાનો લાભ આપીને નિર્દોષ જાહેર કર્યો છે. કડક સુરક્ષા વ્યવસ્થા વચ્ચે આ ચુકાદો આપવામાં આવ્યો હતો. ચુકાદાના સમયે તમામ આરોપીઓ કોર્ટ રૂમમાં હાજર હતાં.

## ઉત્તરાખંડમાં ૮ હજાર કરોડની જીએસટી ચોરીનો પર્દાફાશ : ૭૦ જગ્યાએ દરોડા

**• ૭૦ કંપનીએ ૩૪ બેનામી કંપનીઓ બનાવી હતી : કેન્દ્ર અને રાજય સરકારે બે મહિના સુધી વોચ ગોઠવી હતી**



દેહરાદૂન : ઉત્તરાખંડમાં જીએસટીની મોટાપાયે ચોરી થઇ હોવાનો મોટો ઘટસ્ફોટ થયો હતો. નાણા સચિવ અમીત નેગીના આદેશથી જીએસટી દેહરાદૂનની ૫૫ ટીમોએ ૭૦ વેપારી સ્થળોએ એક સામટા દરોડા પાડયા હતા જેમાં તેમને રૂપિયા ૮૦૦૦ કરોડની જીએસટીની ચોરી થઇ હોવાની માહિતી મળી હતી. બોગસ બિલો બનાવીને વેપારીઓએ આ મહાકૌભાંડ આચર્યું હતું. ઉપરાંત એવો પણ ખુલાસો કરાયો હતો કે ઉત્તરાખંડ રાજ્યમાં કેટલાક લોકો દ્વારા બોગસ બિલો બનાવીને કરોડો રૂપિયાના ઈ વે બિલ મારફતે ધંધો કરાતો હતો.જો કે આ કેસમાં અત્યાર સુધી સત્તાવાળાઓએ કોઈની ધરપકડ કરી નથી. આ મહાકૌભાંડને પકડવા માટે કેન્દ્ર અને રાજ્યની સંયુક્ત ટીમે સતત બે મહિના સુધી અભિયાના ચલાવ્યું હતું. આ અભિયાન પછી જીએસટી ચોરીના જે આંકડા સામે આવ્યા છે તે ખુબજ ચોંકાવનારા હતા. આયકર વિભાગના અધિકારીઓનું માનીએ તો રાજ્યમાં મોટા પાયે જીએસટી અને આવક વેરાની ચોરીનું કૌભાંડ ચાલે છે.

તપાસ દરમિયાન આ ટીમોને જાણવા મળ્યું હતું કે રાજ્યમાં કેટલાક લોકો અધિકારીઓની મીલીભગતથી જીએસટીની ચોરી કરે છે. ટીમે આવી ૭૦ બોગસ કંપનીઓનો કર ચોરીનો ભાંડો ફોડયો હતો.

## ઝારખંડ ચૂંટણીનો ચોથો તબક્કો: ૫૬.૫૮ ટકા મતદાન નોંધાયું

રાંચી : ઝારખંડ વિધાનસભાના ચોથા તબક્કાની પંદર બેઠકોની આજે યોજાયેલી ચૂંટણીમાં આશરે ૫૬.૫૮ ટકા મતદાના થયું હતું . મોટા ભાગે શાંતિપૂર્ણ મતદાન થયું હોવાનું અધિકારીઓએ કહ્યું હતું. કુલ મતદાનના આંકડામાં થોડો ફેરફાર થવાની તેમણે શક્યતા દર્શાવી હતી. સવારે સાત વાગે ગીરીઢ,દેવઘર,ધનબાદ અને બોકારોમાં શરૂ થયેલા મતદાન દરમિયાન કોઈ જ હિંસા થઈ નહતી અને મોટા ભાગે શાંતિપૂર્ણ મતદાન થયું હતું, એમ અધિકારીઓએ કહ્યું હતું. જમુઆ,બગોદર, ગીરીઢ,ડુમરી અને તુંડીમાં સાંજે ત્રણ વાગે મતદાન પુરૂ કરાયું હતું જ્યારે બાકીની બેઠકો પર સાંજના પાંચ વાગ્યા સુધી લોકોએ મત આપ્યા હતા. આજની ચૂંટણીમાં શ્રમ મંત્રી રાજ પાલીવાલ (માધોપુર) અને જમીન તેમજ મહેસુલ મંત્રી અમર કુમાર બુઆરી (ચંદનકિયારી)મુખ્ય ઉમેદવારો હતો. ઝારખંડના મુખ્ય ચૂંટણી અધિકારી એ કહ્યું હતું કે ૬૧૦૬ મતદાના મથકો પૈકી ૫૮૭ને કટોકટી ભર્યા અને ૪૦૫ને સંવેદનશિલ ગણવામાં આવ્યા હતા. ડાબેરી વિચારસરણી ધરાવતા આ વિસ્તારોમાં મતદાન ખૂબ જોખમી મનાય છે. આજના મતદાનમાં ૨૩ મહિલાઓ સહિત કુલ ૨૨૧ ઉમેદવારો માટે ૨૨૪૪૧૩૪ મહિલાઓ અને ત્રીજી જાતીના ૮૧ મતદારો સહિત કુલ ૪૭૮૫૦૦૯ મતદારોએ પોતાના મતનો ઉપયોગ કર્યો હતો.

**અનુસંધાન પેજ નંબર 04**

### સેંગરને સજા : ન્યાય....

નોંધાયેલા છે. રાજ્યવાર સ્થિતિ જોઈએ તો ૧૬ ધારાસભ્યો અને સાંસદો સાથે પશ્ચિમ બંગાળ પહેલા સ્થાને છે. એ પછી ઓડિશા અને મહારાષ્ટ્રના ૧૨-૧૨ જનપ્રતિનિધિઓ સામે આવા કેસ ચાલી રહ્યાં છે. ચિંતાની બાબત એ છે કે, મહિલાઓ વિરુદ્ધ અપરાધ કરતા જનપ્રતિનિધિઓની સંખ્યામાં વર્ષોવર્ષ વધારો થઇ રહ્યો છે. ૨૦૦૯થી ૨૦૧૯ દરમિયાન લોકસભામાં મહિલાઓ વિરુદ્ધ અપરાધ કરનારા સાંસદોની સંખ્યા બેથી વધીને ૧૮ થઇ ગઇ છે. મહિલાઓ વિરુદ્ધ અપરાધ કરનારા નેતાઓ ચૂંટણીમાં ચૂંટાઇને દેશના રાજ્યોની વિધાનસભાઓમાં અને દેશની સંસદમાં પહોંચી જાય એ કરુણતા છે.

જોકે ચૂંટણી જીતનારા કરતા ચૂંટણી હારી જનારા ઉમેદવારોની સંખ્યા ક્યાંય વધારે છે. જોવા જેવી વાત એ છે કે આમાંના ૪૧૦ ઉમેદવારો તો એવા હતાં જેમને કોઈને કોઈ રાજકીય પક્ષે ટિકિટ આપી હતી. હવે આવા જ લોકોને રાજકીય પાર્ટી ટીકીટ આપતી હોય તો દેશની જનતાનો શું વાંક, કારણ કે જનતાએ તો કોઈને કોઈને પસંદ કરી મતદાન કરવું પડતું હોય છે. જેને કારણે આવા આરોપીઓ પણ સંસદમાં આને ધારાસભામાં પહોંચી જાય છે.

### ક્રોસવર્ડનો ઉકેલ

**આડી ચાવી :** (૧) જમાનાજૂનું (૪) કરવાલ (૭) મઠ (૮) ભાર (૯) ચામ (૧૦) તલાક (૧૨) રગડો (૧૩) ઓસ (૧૪) તાયફો (૧૫) સંતાપ (૧૭) નાલાયક (૧૯) દલ્લો (૨૦) તરું (૨૨) દરેક (૨૪) વકીલ (૨૫) શશી (૨૭) મહા (૨૮) આવક (૨૯) ગાડીત (૩૧) રળતર (૩૨) બાઘા (૩૩) અમાસ. **ઊભી ચાવી :** (૧) જરત (૨) નામક (૩) જૂઠ (૪) કરડો (૫) વાચા (૬) લમણાફોડ (૮) ભાગ (૧૧) લાપતા (૧૨) રસના (૧૪) તાકત (૧૫) સંવાદ (૧૬) પદક (૧૮) લાયકી (૨૧) રુશવત (૨૩) રેતડી (૨૪) વહાર (૨૬) શીકર (૨૮) આળસ (૨૯) ગાળ (૩૦) તબા (૩૧) રમા


**સીટીઝનશીપ, PR કાર્ડ અને ઇમિગ્રેશન સર્વિસ**

તમારા બધા પી.આર. કાર્ડ નવીનકરણ માટે ખોવાયેલ અથવા ચોરાયેલા, સિટીઝનશિપ એપ્લીકેશન્સ એક્સપ્રેસ એન્ટ્રી, વિઝિટર વિઝાને સુપર વિઝા એપ્લીકેશન,ઇન્વીટેશન, લેટર્સ, સ્ટુડન્ટ, સ્પાઉસલ સ્પોન્સરશીપ, પેરેંટલ સ્પોન્સરશિપ, વર્ક પરમિટ એપ્લીકેશન્સ.

એક પ્રોફેસનલ કેર અને યોગ્યતા દ્વારા પ્રોફેશનલ ઇમિગ્રેશન કન્સલ્ટિંગ ફર્મ.

ઘરબેઠા સેવા આપવામાં આવશે.

ખૂબ સ્પર્ધાત્મક અને આકર્ષક દરો.

ACCESS2CANADA

Since 20 Years
Easy Access Consultant Inc.

અમે અંગ્રેજી, ગુજરાતી, પંજાબી અને અરેબીક બોલીએ છીએ.

સંપર્ક કરો અલી : 437-225-1070
Email : alidaredia@hotmail.com

HEAD OFFICE : 214 - 1945 Dundas Street East, Mississauga, ON L4X2T8, Canada.
BRANCH : 1500 Meyerside Drive, Mississauga-Ontario, L5T 1V4; Canada

# ડોનાલ્ડ ટ્રમ્પ સામેના મહાભિયોગ પર હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવની મહોર

વોશિંગ્ટન : અમેરિકી સંસદના નીચલા ગૃહ પ્રતિનિધિ સભા (હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ)એ બુધવારે સાંજે યુક્રેન સાથેની સોદાબાજીમાં સત્તાના દુરુપયોગ અને અમેરિકી સંસદમાં વિઘ્ન ઊભા કરવા માટે પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સામે મહાભિયોગની કાર્યવાહીને મંજૂરી આપી દીધી હતી. બુધવારે સાંજે અમેરિકી સંસદના નીચલા ગૃહમાં હાથ ધરાયેલા ઐતિહાસિક મતદાનમાં તુલસી ગેબાર્ડ સિવાય લગભગ તમામ ડેમોક્રેટ સાંસદોએ ટ્રમ્પ સામે મહાભિયોગની કાર્યવાહીને સમર્થન આપ્યું હતું. જોકે, ગૃહના તમામ રિપબ્લિકન સાંસદોએ



મહાભિયોગના પ્રસ્તાવની વિરુદ્ધ મતદાન કર્યું હતું. મહાભિયોગ પર લગભગ ૧૦ કલાક લાંબી મેરેથોન ચર્ચા પછી પ્રતિનિધિ સભાએ મહાભિયોગના પહેલા આરોપ પર ૨૩૦ વિરુદ્ધ ૧૯૭ મતે મહોર મારી દીધી હતી. મહાભિયોગનો બીજો આરોપ ૨૨૯ વિરુદ્ધ ૧૯૮ મતે મંજૂર કરાયો હતો. હવે આગામી વર્ષના પ્રારંભે અમેરિકી સંસદના ઉપલા ગૃહ સેનેટમાં અમેરિકી પ્રમુખ સામે મુકાયેલા મહાભિયોગના આરોપો પર મતદાન યોજાશે.

મહાભિયોગના આરોપો પર ચર્ચાનો પ્રારંભ કરાવતા સ્પીકર નેન્સી પેલોસીએ ટ્રમ્પને રાષ્ટ્રીય સુરક્ષા માટે ધમકીરૂપ ગણાવ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, જો આપણે અત્યારે પગલાં નહીં લઈએ તો આપણી ફરજચૂક ગણાશે.

# એપલ, માઈક્રોસોફ્ટ, આલ્ફાબેટ, ટેસ્લા, ડેલ સામે બાળમજૂરીનો કેસ

ન્યૂયોર્ક : દુનિયાભરમાં મશહૂર એવી અમેરિકાની પાંચ ટેકનોલોજી કંપનીઓ એપલ, માઈક્રોસોફ્ટ, ટેસ્લા, ગૂગલની પેરન્ટ કંપની આલ્ફાબેટ અને ડેલ સામે વોશિંગ્ટનની ફેડરલ કોર્ટમાં બાળકો માટે કામ કરતી એક માનવાધિકાર સંગઠને બાળ મજૂરીના વિરોધમાં કેસ કર્યો છે અને આરોપ લગાવ્યો છે કે, આ કંપનીઓ આફ્રિકાના દેશ કોંગોમાં કોબાલ્ટની ખાણોમાં કામ કરતા બાળ મજૂરોના જીવના જોખમે અબજો ડોલરનો નફો રળે છે.

ખાણોમાં કામ કરતા બાળ મજૂરો પથ્થરયુગ જેવી પરિસ્થિતિમાં કામ કરે છે અને આ કામ એટલું જોખમી છે કે, એમાં ક્યારેક બાળકોને જીવ ગુમાવવો પડે છે. અનેક બાળકો શરીરના અંગો ગુમાવી ચૂક્યાં છે જ્યારે કેટલાંકને પક્ષઘાત થયો છે.

આજે ટેકનોલોજી એટલી આગળ વધી છે કે લિથિયમ બેટરી પર કાર દોડે છે. મોબાઈલોમાં પણ આ બેટરી આવી ચૂકી છે, પણ આ બેટરી બનાવવા માટે કોબાલ્ટની જરૂર પડે છે અને એ કોંગોની ખાણોમાં મળી આવે છે. આ બેટરી સ્માર્ટફોન, ઈલેક્ટ્રિક વાહનો અને બીજી ડિવાઈસમાં વપરાય છે. આ ખાણોમાં નાના બાળકો દિવસના એક કે બે ડોલર જેવી મામૂલી રકમની મજૂરી પર કામ કરે છે.

# કેલિફોર્નિયામાં ભારતીય વિદ્યાર્થીની હત્યા : આરોપી સરેન્ડર થઈ ગયો

- થેંક્સગિવિંગ ડે પર મૂળ મૈસુરનો ૨૫ વર્ષનો રહેવાસી સુધેશને ગોળી મારી

કેલિફોર્નિયા : અમેરિકાના કેલિફોર્નિયામાં આવેલા સૈન બર્નાડિનો શહેરમાં એક ભારતીય વિદ્યાર્થીની હત્યા થઈ છે. થેંક્સગિવિંગ ડેના દિવસે ૨૫ વર્ષના સુધેશ અભિષેક ભટની લાશ મળી હતી. જેની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. હત્યાના આરોપી હવે પોલીસ સમક્ષ સરેન્ડર કર્યું છે. પોલીસે તેની ધરપકડ કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

મૂળ ભારતના મૈસુરનો રહેવાસી સુધેશ અભિષેક ભટ કેલિફોર્નિયા યુનિવર્સિટી સૈન બર્નાડિનોમાં કમ્પ્યુટર સાઈન્સમાં માસ્ટર ડિગ્રી કરતો હતો. જેને એક મોટેલની બહાર ગોળી મારી દેવામાં આવી હતી. ત્યારબાદ પોલીસે તેને મૃત જાહેર કર્યો હતો.

આ હત્યાના ગુનામાં જે વ્યક્તિએ સરેન્ડર કર્યું છે તે ૪૨ વર્ષનો છે, જેનું નામ એરિક ટર્નર છે. જેણે સૈન બર્નાડિનો પોલીસ સક્ષમ પોતાના ગુનાની કબુલાત કરીને આત્મ સમર્પણ કર્યું છે. જો કે હજુ સુધી હત્યાનું કારણ જાણવા મળ્યું નથી.

# ઓસ્ટ્રેલિયામાં ઈમરજન્સી, આખું સિડની શહેર વિકરાળ આગની ચપેટમાં આવ્યું

ઓસ્ટ્રેલિયામાં જંગલી આગે હાહાકાર મચાવી રાખ્યો છે. દિનપ્રતિદિન આગ વધુને વધુ વિકરાળ બની રહી છે. ગુરુવારે આગ સિડની શહેર સુધી ફેલાઈ જતા બીજીવાર ઈમરજન્સી જાહેર કરવાનો વખત આવ્યો છે. હાલના સમયે સિડનીની ચારે બાજુએ ૧૦૦ જગ્યાએ જંગલની આગ ફેલાઈ રહી છે તેમાં તો ત્રણ મોટી આગ સિડનના દરવાજા પર લાગી છે. બોયડ નેશનલ પાર્કમાંથી કાંગારુઓ અને બીજા પ્રાણીઓ જીવ લઈને નાસી રહ્યાં છે. સિડનીની ચારે બાજુએ આવેલાં જંગલોમાં લાગેલી આગને કારણે આખુ શહેર ધુમાડાથી ઢંકાઈ ગયું છે. તેને કારણે શહેરમાં વિઝિબિલિટી ઓછી થઈ છે. સમગ્ર દેશભરમાં તાપમાન ૪૫ ડિગ્રીને પાર પહોંચતા લોકો ત્રાહિમામ બન્યા હતા. એક બાજુ ન્યુ સાઉથ વેલ્સ સ્ટેટમાં લાગેલી આગ બુઝાવાનું નામ લેતી નથી તો બીજી બાજુ ભીષણ ગરમીએ ઓસ્ટ્રેલિયન લોકોની હાલત કફોડી કરી નાખી છે. દક્ષિણ ઓસ્ટ્રેલિયાના મોટાભાગના વિસ્તારો પર ભારે અસર પડી છે. એડિલેડમાં ૪૧, મેલબોર્ન, વિક્ટોરિયામાં ૪૨ ડિગ્રીએ પારો પહોંચી ગયો છે. આ પહેલા ૨૦૧૩માં આટલી રેકોર્ડબ્રેક ગરમી પડી હતી. ન્યૂ સાઉથ વેલ્સમાં ફાયર ફાઈટર વિભાગના કર્મચારીઓએ દુકાનો, સરકારી ઓફિસો, સ્કૂલ, બજાર સહિતનું બીજું બધું બંધ કરાવી દીધું છે. લોકોને સુરક્ષિત જગ્યાએ જવાનું જણાવી દેવામાં આવ્યું છે. સિડનીથી ૧૯૦ કિલોમીટર દૂર સોહલહેવન નામના દરિયા કિનારાના શહેરને ખાલી કરાવી દેવામાં આવ્યું કારણ કે ત્યાં પણ ધુમાડાની અસર પ હોંચી છે. ત્યાંના મેયરે અમાંડા ફિંડલેએ જણાવ્યું કે અમે લોકોને સુરક્ષિત ઠેકાણે મોકલી આપ્યાં છે.

# જુગાર - એક શેતાની કાર્ય વિષે મનાઈ હુકમ



**ઈસ્લામની આરસી**

**કાસિમ અબ્બાસ**

જગત જીવનમાં મનુષ્ય પોતાના પેટનો ખાડો પુરવા માટે તનતોડ મહેનત કરે છે અને જુદા જુદા પ્રકારના વ્યવસાયો પણ અપનાવે છે. આ સર્વે કાર્યો, જેમાં સમય તથા સખત મહેનતની પણ જરૂરત પડે છે અને તેના થકી જ મનુષ્ય કાયદેસરની આજીવિકા (રોઝી) પ્રાપ્ત કરે છે. તે પ્રાપ્ત કરેલી આજીવિકા(રોઝી) તે પોતાના તથા પોતાના કુટુંબીજનો ઉપર ખર્ચ કરે છે. પરંતુ આ જગતમાં એવા પણ અસંખ્ય મનુષ્યો અસ્તિત્વ ધરાવે છે જેઓ આવી કાયદેસરની આજીવિકા (રોઝી) પ્રાપ્ત કરવાના સાધનોના બદલે ગેરકાયદેસરની આજીવિકા(રોઝી) પ્રાપ્ત કરવા માટેનાં કાર્યો તથા સાધનોનો ઉપયોગ કરે છે. આ કાર્યોમાં ચોરી, લુંટફાટ, હત્યા, કાળાબજાર, લાંચ રૂશ્વત, ભેળસેળ, સંગ્રહખોરી વગેરેનો સમાવેશ થાય છે. આ સર્વે કાર્યોમાં મહેનત ઓછી કરવી પડે છે પરંતુ લાભ વધારે થાય છે, અને દેશના કાયદા કાનુનો હેઠળ આ સર્વે કાર્યો ગેરકાયદેસર અને ગુનાહ તરીકે ગણવામાં આવે છે.

ઉપર આપેલા કાર્યો ઉપરાંત એક ગેરકાયદેસરનું કાર્ય જુગાર પણ છે જેને પણ ઓછી મહેનતમાં અને ઓછા સમયમાં ગેરકાયદેસર રીતે સંપત્તિ પ્રાપ્ત કરવાનું સાધન માનવામાં આવે છે. જુગાર રમનાર તો એમ જ માને છે કે તેને બહુ જ ઓછા સમયમાં અને ઓછી મહેનતમાં સંપત્તિ પ્રાપ્ત થઈ જશે, પરંતુ પ્રત્યેક જુગારી માટે આ વાત સત્ય નથી. ગુજરાતી ભાષાની એક કહેવત છે કે "હાર્યો જુગારી બમણુ રમે" અને તે કહેવત અનુસાર આ પ્રકારના જુગારીઓ બહુ જ ઓછા સમયમાં તથા ઓછી મહેનતમાં સંપત્તિ પ્રાપ્ત કરવાના બદલે પોતાની પરસેવાની કમાણી જુગારમાં હોમી દે છે.

એ તો સત્ય જ છે કે જુગાર જેવી લતને સમાજમાં એક દુષણ તરીકે જ ઓળખવામાં આવે છે. તેમ છતાં અત્યારે જગતના ઘણા દેશોમાં આ દુષણ એટલે કે જુગારને સરકારના આશિર્વાદ સાથે કાનુની સ્વરુપ આપવામાં આવેલ છે અને જુદા જુદા પ્રકારની રમતો તરીકે તેને પ્રોત્સાહન આપવામાં આવેલ છે એને આ જુગારના કાર્યોને સરકાર માટે આવકના એક સાધન તરીકે ગણવામાં આવે છે.

મુસ્લિમ ધર્મશાસ્ત્ર કુરાન મજીદમાં જુગારને એક ગંદા શેતાની કાર્ય તરીકે કહેવામાં આવેલ છે. ઈસ્લામ ધર્મના આરંભના સમયમાં કુરાન મજીદમાં એક આદેશ દ્વારા જુગાર માટે એમ કહેવામાં આવેલ હતું કે તેમાં થોડા ફાયદાઓ છે પરંતુ તેમના નુકસાન તથા પાપ (ગુનાહ) ફાયદાઓ કરતા ઘણા જ વધારે છે. ત પછી એક બીજા આદેશ દ્વારા જુગારને એક ગંદા શેતાની કાર્ય તરીકે કહેવામાં આવેલ છે. આ વિષેના કુરાન મજીદના બે બોધવચનો આ પ્રમાણે છે :-

"(હે પયગંબર), આ લોકો તમને પુછે છે કે મદિરાપાન (દારૂ-શરાબનું સેવન) તથા જુગાર વિષે શું આદેશ છે. તમે તેમને કહો કે આ બંને વસ્તુઓમાં મોટું નુકસાન છે. જો કે આમાં લોકો માટે થોડા ફાયદાઓ છે પરંતુ તેમનું પાપ (ગુનાહ) તેમના ફાયદાઓ કરતા ઘણું જ વધારે છે." (પ્રકરણ ૨, શ્લોક ૨૧૯)

"હે શ્રધ્ધાળુઓ (મોમીનો-ઈમાનવાળાઓ), ખરેખર આ મદિરા પાન (દારૂ-શરાબનું સેવન) તથા જુગાર તથા વેદીઓ તથા પાસાઓ, આ સર્વે ગંદા શેતાની કાર્યો છે તેથી તેનાથી સદાયે દુર રહો, જેથી તમે તમારા જીવનમાં સફળતા પ્રાપ્ત કરો. ખરેખર શેતાન તો એમ જ ચાહે છે કે મદિરા પાન (દારૂ-શરાબનું સેવન) તથા જુગાર દ્વારા તમારી અંદર માંહે માંહે શત્રુતા (દુશ્મનાવટ) અને દ્વેષ નાખી દે અને તમને અલ્લાહના સ્મરણ (ઝીક્ર) અને સ્તુતિ (બંદગી-નમાઝ)થી રોકે. પછી શું તમે આ વસ્તુઓથી દુર રહેશો ? (પ્રકરણ ૫, શ્લોક ૯૦ અને ૯૧)

ઉપરના બંને બોધવચનો અનુસાર એ સત્ય જાણવા મળે છે કે જુગારની રમતમાં એકંદરે મોટું નુકસાન જ સમાયેલ છે, જો કે તેમાં અલ્પજીવી થોડાક ફાયદાઓ છે. પરંતુ લાંબે ગાળે તો જુગાર રમનારાઓ માટે નુકસાન જ છે. માટે આ પ્રકારના શેતાની કાર્યથી હંમેશા દુર જ રહેવું જોઈએ જેથી જીવનમાં સફળતા પ્રાપ્ત કરી શકાય.

સમાજમાં રહેતા આપણને એ પણ જાણવા મળે છે કે જુગારની લતે ચઢેલા ઘણા લોકો "હાર્યો જુગારી બમણુ રમે" કહેવત અનુસાર પોતાની સર્વે સંપત્તિ ગુમાવીને કંગાળ થઈ ચુક્યા છે. કારણ કે કુદરતનો પણ એક કાનુન છે કે વગર મહેનતે મનુષ્યને આવક કે સંપત્તિ પ્રાપ્ત નથી થતી, અને જો થાય છે તો તે અલ્પજીવી જ હોય છે. તે માટે મનુષ્યને આ વાત હંમેશા યાદ રાખવી જોઈએ કે તેણે હંમેશા પ્રયત્નો કરવા જોઈએ કે આવક કે આજીવિકા (રીઝક) કાયદેસરની જ હોય. અને તે માટે જુગાર કે એવા બીજા શેતાની કાર્યોથી હંમેશા દુર રહેવું જોઈએ જેથી મનુષ્ય પોતાના બંને જીવનમાં સફળતા પ્રાપ્ત કરી શકે.



# સાપ્તાહિક રાશિ ભવિષ્ય

**તા.૨૦-૧૨-૨૦૧૯ થી તા. ૨૬-૧૨-૨૦૧૯**

ડૉ. મહેશભાઈ દશોરા ( જયોતિષાચાર્ય )
ડી-૬૧૯, ૬ઠ્ઠા માળે, ઈન્ટરનેશનલ ટ્રેડ સેન્ટર (ITC),
મજુરાગેટ ચાર રસ્તા, સુરત-૨, ગુજરાત. ફોન : (૦૨૬૧) ૨૪૭૭૮૮૦
E-Mail :- mddashora@yahoo.co.in



### મેષ (અ,લ,ઈ)

એકંદરે આપનું આ સપ્તાહ ઉત્સાહ અને ઉમંગમાં પસાર થશે. ધારેલા કામકાજ પરિપૂર્ણ કરી શકશો. દામ્પત્યજીવનમાં સ્નેહનું વાતાવરણ જાવા મળે. પરોપકારના કાર્યો અર્થે મનોબળ મજબૂત બનશે. સ્નેહ મિત્રોની સંખ્યામાં અનેક ગણો વધારો થાય. નેતાગીરીના ક્ષેત્રે પછડાટ ખાવી પડે. વ્યાપારમાં મહત્વની સિદ્ધિ મળે. આરોગ્ય વિષયક ચિંતા હળવી થાય. કલા અને ચતુરાઈથી અનેક પર પ્રભાવ પાડી શકશો. ઘરમાં શુભ માંગલિક પ્રસંગોનું આયોજન સરળતાથી ઉકેલી શકશો.



### વૃષભ (બ,વ,ઉ)

સપ્તાહ દરમ્યાન વ્યવસાયમાં વિસ્તરણની ચાલ ખુલ્લ થાય અને ધારેલી સફળતા મળે. આર્થિક પ્રગતિ વેગવાન બને. મસ્તકની પીડામાં ઘટાડો થાય. વિદેશ સ્થિત મિત્રોથી લાભ થાય. માનસિક ચિંતામાંથી માર્ગ શોધવાનું સરળ નહી રહે. કાર્યક્ષેત્રે ધાર્યુ પરિણામ મેળવી શકશો. આરોગ્ય જળવાય. જીવનસાથીના વ્યવહારમાં સાનુકૂળતા રહે. આયોજનપૂર્વક કાર્યો કરવામાં સફળતા મળે. પારાવારિક સમસ્યાઓનો ઉકેલ આવે. મોસાળ પક્ષથી લાભ થાય. નોકરીયાત વર્ગને બઢતીની તક મળે.



### મિથુન (ક,છ,ઘ)

સપ્તાહ દરમ્યાન આરોહ-અવરોહની સ્થિતિમાંથી બહાર આવી શકશો. નેતાગીરીના ક્ષેત્રે મહત્વની તક મળે. ઘરમાં શુભ માંગલિક પ્રસંગો ઉજવાતા ખર્ચનું પ્રમાણ વધુ રહેશે. આધ્યાત્મિક કાર્યોમાં રૂચી વધે. ચતુરાઈપૂર્વક કાર્યોનો શ્રેષ્ઠ વિકાસ સાધી શકશો. ભાગ્યોદયની નવી નવી તક ઝડપી શકશો. યાત્રા પ્રવાસ ફળદાયી નિવડે. સ્થાવર મિલ્કતના કારણે પિતરાઈઓ સાથે નાની નાની બાબતમાં ઉતાર ચડાવનું વાતાવરણ જાવા મળે. આર્થિક બાબતોમાં ઈચ્છિત પ્રકારના આયોજનો કરી શકશો. આરોગ્ય નરમગરમ રહેશે.



### કર્ક (ડ,હ)

સપ્તાહ દરમ્યાન નવી યોજનાઓ ઘડી શકશો. હરિફો, પ્રતિસ્પર્ધીઓ ઉપર વિજય મેળવી શકશો. સરકારી કાર્યોમાં સફળતા મળે. પણ લાગણીશીલ સ્વભાવ અને ઉતાવળીયા નિર્ણયોના કારણે બનતાં કામ બગડી ન જાય તેની તકેદારી રાખવી. યાત્રા પ્રવાસ દરમ્યાન અશ્વવરોધ સહન કરવા પડે. લાગણીના સંબંધોમાં મનદુ:ખ ન થાય તે બાબતે કાળજી રાખવી. સંતાનની પ્રગતિ જાઈ મન પ્રસન્ન રહેશે. મન પરનો બોજા હળવો થતાં હળવાશ અનુભવાય. દામ્પત્ય જીવનમાં ફુલગુલાબી વાતાવરણ જાઈ શકશો.



### સિંહ (મ,ટ)

સપ્તાહ દરમ્યાન આવક કરતાં જાવકનું પ્રમાણ વધી ન જાય તે બાબતે સ્પષ્ટ રહેવું. ભાગ્યોદયમાં હજી અવરોધ આવતા જણાય. પરિવારમાં વાતાવરણ તંગ બનતું જણાય. પ્રાકૃતિક સૈદંર્ય અને કલા પ્રત્યે રૂચી વધશે. ધંધાકીય આયોજન અર્થે ટૂંકી મુસાફરી થાય. મહત્વના સરકારી કોર્ટ કચેરીના કાર્યોમાં સફળતા મળે. જીવનસાથીની મુંઝવણ દૂર થાય. શત્રુઓના હાથ હેઢ્ઠા પડે. ધાર્મિક કાર્યોમાં રૂચી વધે. અધૂરા રહેલા કામકાજ આ સપ્તાહમાં પરિપૂર્ણ કરી શકશો. મન વધુ ચંચળ બનશો.



### કન્યા (પ,ઠ,ણ)

સપ્તાહ દરમ્યાન સ્વબળે પ્રગતિ કરવાની મુરાદ બર નહીં આવે. મિત્રો સ્નેહીઓ સમક્ષ સ્વમાન જાખમમાં મૂકાય. ભૂતકાળની ભૂલની યાદ તાજી થાય. ધારણાથી ઉલ્ટા પરિણામો જાઈને મન વધુ વ્યાકુળ બની જશે. દામ્પત્યજીવનમાં ત્રીજી વ્યકિતના કારણે ઉતાર ચડાવની સ્થિતિ રહી શકે. મહત્વની કામગીરીમાં જીવનસાથીની કુનેહનો લાભ મળે. લોકોપયોગી કાર્યોમાં સફળતાનું પ્રમાણ નહીંવત જાવા મળે. આકસ્મિક લાભની તક ઝડપી શકશો. સંશોધનાત્મક અભિગમ વધશે. આશાઓ ફળીભૂત થાય.



### તુલા (ર,ત)

સપ્તાહ દરમ્યાન ઉત્તેજનાની પળોમાં સ્વસ્થતા જાળવી શકશો. દક્ષિણ દિશામાંથી શુભ સમાચાર મળે. મનોબળ મજબૂત બનશે. કાયદાકીય બાબતમાં નિષ્ણાંત બનશો. સ્થાવર મિલ્કતના સોદામાં નુકશાની, અપકીર્તિ પ્રાપ્ત થાય. સહકાર્યકર્તાઓ સાથે મતભેદ ટાળવા. આર્થિક લેવડ દેવડમાં સ્પષ્ટ રહેવું. ઉતાવળિયા નિર્ણયોથી અને ખોટા સાહસથી અવરોધ, હાનિ સહન કરવી પડે. નોકરીયાત વર્ગને પ્રમોશનની તક મળે. વિદ્યાર્થીઓને અભ્યાસમાં શ્રેષ્ઠ પ્રગતિની તક મળે.



### વૃશ્ચિક (ન,ય)

સપ્તાહ દરમ્યાન અનેક ચિંતામાંથી આપમેળે બહાર આવી શકશો. જાહેર જીવનમાં માન-સન્માન મળે. બૈદ્ધિક તેમજ સર્જનાત્મક ક્ષેત્રે મહત્વની સિદ્ધિ હાસંલ કરી શકશો. પરિવારમાં સુમેળભર્યું વાતાવરણ જાવા મળે. જીવનજરૂરિયાત ચીજવસ્તુઓની ખરીદી કરી શકશો. આવેશાત્મક પગલાઓથી દૂર રહેવું. કોઈના જામીન થવુ નહી. પડવા વાગવાથી હાથ પગ સંબંધી ફરિયાદ રહી શકે. વેપાર વ્યવસાયમાં પ્રગતિ જળવાઈ રહેશે. આર્થિક લાભ મળે અને નવા કાર્યોનો વિકાસ થાય.



### ધન (ધ,ભ,ફ,ઢ)

સપ્તાહ દરમ્યાન સ્વજનોને મળવાથી પરિવારમાં ખુશાલીમાં વધારો થાય. નોકરીયાત વર્ગને ઉપરી અધિકારી વર્ગનો સહકાર મળી રહેશે. નાની બાબતમાં સ્વભાવમાં ઉગ્રતા ન આવે તેની તકેદારી રાખવી. કરવેરાની મુંઝવણ દૂર થાય. આર્થિક પ્રગતિમાં નુકશાન થાય. માનસિક શાંતિ જળવાઈ રહેશે. સિદ્ધિ અને સમૃદ્ધિમાં અનેક ગણો વધારો થાય. ફસાયેલી ઉઘરાણી પરત મેળવી શકશો. વાયદાના વેપારમાં પડવુ નહી. સ્નેહી મિત્રની આકસ્મિક મુલાકાત પ્રગતિમાં વધારો કરનારી બને.



### મકર (ખ,જ)

સપ્તાહ દરમ્યાન અનેક આવનારી મુશ્કેલીઓનો સામનો કરવો પડે. પરિવારમાં માનસિક તંગદીલીભરી શાંતિનું વાતાવરણ જાવા નહીં મળે. ઈચ્છિત કાર્યોના વિકાસ અર્થે બહારગામ જવાનું થાય. ભૂતકાળમાં કરેલા મૂડી રોકાણ બાબતે ચિંતીત રહેશો. ઘરને આધુનિક બનાવવા માટે વધુ ખર્ચ કરવો પડે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં વધુ મહેનત કરવી પડશે. જમીન-મકાનને લગતા કામકાજ ઉકેલવામાં આવરોધ આવે. દામ્પત્યજીવનમાં સર્જાયેલા મતભેદને નિવારવા માટે વધુ પ્રયત્નશીલ રહેવુ પડશે.



### કુંભ (ગ,સ,શ,ષ)

સપ્તાહ દરમ્યાન માનસિક શાંતિમાં રાહત જણાય. ઉપરી અધિકારી સાથે બગડેલા સંબંધો મધુર બને. જાહેર સામાજિક ક્ષેત્રે માન-સન્માનમાં વધારો થાય. પરિવારના સભ્યો સાથે યાત્રા પ્રવાસનું આયોજન સરળ રીતે પાર પડે. સંશોધનાત્મક અભિગમના કારણે સારી સફળતા મેળવી શકશો. વિદ્યાર્થીઓને અભ્યાસમાં ધ્યાન રાખી વાંચન કરવુ જરુરી બની રહેશે. યાર્ન અને ટેક્ષટાઇલના વ્યવસાયમાં ચડતી-પડતીનું પ્રમાણ જાવા મળે. દામ્પત્યજીવનમાં ફુલગુલાબી વાતાવરણ જાવા મળે.



### મીન (દ,ચ,ઝ,થ)

સપ્તાહમાં ધારવા કરતાં પણ સારી સફળતા મેળવી શકશો. સર્વાંગી પ્રગતિનું આ સપ્તાહ એકંદરે મિશ્રફળદાયી બની રહેશે. પૂર્વ દિશામાંથી શુભ સમાચાર મળે. લોકોપયોગી કાર્યો કરવાથી યશ-ખ્યાતિમાં વધારો થાય. સ્વભાવે ધીર-ગંભીર અને ઉદાર બનશો. ઉદાર સ્વભાવના કારણે કોઇ તમને ગેરમાર્ગે ન દોરવી જાય તે બાબતે કાળજી રાખવી. આ સપ્તાહમાં જીવનજરુરીયાત ચીજ વસ્તુઓની ખરીદી કરી શકશો. પરિવારમાં ચકમક ઝરે. બૌદ્ધિક ક્ષેત્રે સારી સફળતા મેળવી શકશો.

# સામુદ્રિક શાસ્ત્ર મુજબ દાંત ઉપરથી જાણો વ્યક્તિનો સ્વભાવ કેવો હોય છે



સામુદ્રિક શાસ્ત્ર જ્યોતિષ શાસ્ત્રનો જ એક ભાગ છે, આ શાસ્ત્ર અનુસાર મનુષ્યના શરીરના વિભિન્ન અંગોને જોઈને, તે વ્યક્તિના સ્વભાવ વિશે અનુમાન લગાવવામાં આવે છે. જે રીતે જ્યોતિષ શાસ્ત્રમાં હાથની રેખાઓના આધારે વ્યક્તિના ભવિષ્ય વિશે કહેવામાં આવે છે. તે જ રીતે સામુદ્રિક શાસ્ત્ર મુજબ વ્યક્તિના સ્વભાવ અને ચરિત્રના આધારે અનુમાન લગાવવામાં આવે છે. વ્યક્તિ માટે તેની સુંદરતામાં દાંત મહત્વની ભૂમિકા ભજવે છે, સામુદ્રિક શાસ્ત્ર મુજબ જોઈએ કેવા દાંત ધરાવતી વ્યક્તિનો સ્વભાવ કેવો હોય છે

## બહાર દેખાતા દાંત

જે મહિલાઓના દાંત થોડા બહાર નીકળતા હોય છે, તે ખૂબ જ બોલકી હોય છે, અને પોતાની વાત મનાવવાની આવડત સારી ધરાવે છે. તેથી પરિવારના સભ્યો સાથે તેમને ઓછું બને છે. આવા વ્યક્તિઓ ક્યારેક હસમુખ અને ક્યારેક ગુસ્સે થઈ જાય છે.

## સીધા દાંત

જે વ્યક્તિના દાંત સીધા અને સપાટ હોય છે, તે ધનવાન હોય છે. આ વ્યક્તિ કયારેય કોઈની નોકરી નથી કરતી અને પરિવારના સભ્યો તથા સંબંધીઓ માટે તેઓનો સ્વભાવ ખૂબ જ સારો હોય છે.

## સફેદ દાંત

સફેદ દાંતવાળી વ્યક્તિ નસીબદાર હોય છે. આ વ્યક્તિ દરેક સાથે સરળતાથી હળી મળી જાય છે. ઝડપથી કોઈની પર પણ ભરોસો કરી લેતા હોય છે, તેના કારણે તેઓની સાથે દગો થાય છે.

## છુટા દાંત

જે વ્યક્તિઓના દાંત વચ્ચે જગ્યા હોય છે, તે બીજાના પૈસા પર એશ કરતા હોય છે, આ લોકોને પૈતૃક સંપત્તિ મળી શકે છે, અને આવા વ્યક્તિઓ જીવન ભર તેની પર નિર્ભર રહે છે.

## થોડા કાળા દાંત

જે લોકોના કાળા દાંત હોય છે, તે લોકો બીજી વ્યક્તિઓ પાસેથી પોતાનું કામ કઢાવી લેવાનું ખૂબ સારી રીતે જાણે છે, તે ઝઘડો કરાવનારા સ્વભાવના હોય છે. જોવાથી તેઓ જેન્ટલમેન લાગે છે, પરંતુ હકીકતમાં તેઓ સ્વાર્થી હોય છે.

## પીળા કે લાલ દાંત

જે વ્યક્તિઓના લાલ કે પીળા દાંત હોય છે, તેઓ ખુશમિજાજના હોય છે. તેઓ પર ભરોસો કરી શકાય. આ વ્યક્તિને લોકોને મળવું , હસવું અને હસાવવા ખૂબ જ ગમે છે. આ વ્યક્તિ નિખાલસ હોય છે.

## આડા અવળા દાંત :

આડા અવળા દાંત ધરાવતી વ્યક્તિ પહેલાં પોતાના વિશે વિચારે છે, પોતાના મતલબ માટે કોઈની સાથે પણ દોસ્તી કરવા તૈયાર થાય છે, મતલબ પૂર્ણ થતા દોસ્તી છોડી પણ દે છે. આ વ્યક્તિ મતલબી અને લાલચું સ્વભાવના હોય છે.

# ફેંગશુઈની આ વસ્તુઓ બદલી નાંખશે તમારું ભાગ્ય, આજે જ અજમાવી જુઓ

• આપણે અવારનવાર એવો શબ્દ પ્રયોજીએ છીએ કે હમણાં હવા પાણી સારા છે કે સારા નથી. જો આ ખુબ પ્રચલિત શબ્દ ચીનમાં પણ અતિ પ્રસિદ્ધ છે. એટલું જ નહિં આ અંગેનું એક આખું શાસ્ત્ર છે. ફેગશુઈ. તમને જાણીને નવાઈ લાગશે કે ફેંગ અટેલ વાયું અને શુઈ એટલે પાણી. ફેંગશુઈ અન્ય દેશોમાં પણ અતિ જાણીતો શબ્દ છે. ફેગશુઈ પ્રમાણે આજે અમે તમને એવી ૧૧ ટિપ્સ વિશે જણાવીશું કે જે તમારું ભાગ્ય જ બદલી નાંખવા શક્તિમાન છે. જાણી લો આ સરળ ફેગશુઈ વાસ્તુ ટિપ્સ..

## ફેંગશુઈ વાસ્તુ ટિપ્સ

૧. ઘરને નકારાત્મક ઉર્જાથી મુક્ત રાખવા માટે પૂર્વ દિશામાં માટીના વાસણમાં મીઠું ભરીને રાખવું અને દર ૨૪ કલાકે મીઠું બદલતા રહેવું.

૨. ઘરના પૂર્વોત્તર ખૂણામાં તળાવ કે ફુવારો શુભ હોય છે . ફેંગશુઈ અનુસાર તેના પાણીનું વહેણ ઘરની દિશામાં હોવું જોઈએ, ઘરની બહારની દિશામાં નહીં.

૩. ફેંગશુઈમાં વાંસને સુખ-સમૃદ્ધિના પ્રતીક માનવામાં આવે છે. તેનાથી પરિવારના સભ્યોનું સ્વાસ્થ્ય સારું રહેશે. બેઠકઘરમાં જ્યાં સાધારણ રીતે બધાં ભેગા થતાં હોય, ત્યાં વાંસ ઉગાડવો જોઈએ. પૂર્વ ખૂણામાં રાખવો.



૪. જો તમારા ઑફિસમાં કૉન્ફરન્સ હૉલ છે કો ત્યાં ધાતુની સુંદર મૂર્તિ રાખવી શુભ હોય છે.

૫. ઘરમાં ઝરણાં, નદી વગેરે જેવા ચિત્રો ઉત્તર દિશામાં લગાવવા જોઈએ. ઘરમાં હિંસક ચિત્રો ક્યારેય ન મૂકવાથી ઘરમાં નકારાત્મક ઊર્જા આવી શકે છે.

૬. ઘરમાં સમૃદ્ધિ રહે, તે માટે ત્રણ લીલાં છોડ માટીના વાસણમાં ઘરની અંદર પૂર્વ દિશામાં મૂકવું જોઈએ. ધ્યાનમાં રાખવું કે ફેંગશુઈમાં બોનસાઈ અને કેક્ટ્સને હાનિકારક માનવામાં આવે છે.

૭. ફેંગશુઈ અનુસાર, ચી ઉર્જા જેને કૉસ્મિક બ્રેથ અથવા લાઈફ ફોર્સ પણ કહી શકાય છે, તે પ્રત્યેક ઘરના મુખ્ય દ્વારમાંથી પ્રવેશે છે. તેથી ઘરના મુખ્ય બારણે કે તેની આગળ કે આજુબાજુ કોઈ વસ્તુઓ ન હોવી જોઈએ.

૮. લવ બર્ડ, મેંડારિન ડક જેવા પક્ષી પ્રેમના પ્રતીક છે. તેની સજોડે હોય તેવી મૂર્તિ બેડરૂમમાં મૂકવી. તેના થકી દાંપત્યજીવન સુખી રહેશે.

૯. ભારતના બજારોમાં વિંડ ચાઈમ (હવાથી ચાલતી ઘંટી) ઉપલબ્ધ છે. પવન લાગવાથી જ્યારે આ અથડાય છે અને તે મધુર ધ્વનિ ઉત્પન્ન કરે છે, જેનાથી ઘરમાં પોઝિટિવ એનર્જી ફેલાય છે.

૧૦. ફેંગશુઈ અનુસાર, ઘરની બહાર કાળા રંગનો કાચબો, લાલ પક્ષી, સફેદ વાઘ કે લીલું ડ્રેગન હોય તો ઘરમાં નકારાત્મક ઊર્જા પ્રવેશ કરી શકતી નથી. કાળા રંગનો કાચબો ઉત્તર દિશાનું, લાલ પક્ષી દક્ષિણ દિશાનું, સફેદ વાઘ પશ્ચિમ દિશાનું તથા ડ્રેગન પૂર્વ દિશાનું પ્રતિનિધિત્વ કરે છે.

૧૧. ફેંગશુઈ અનુસાર, ડ્રેગન ઘરની રક્ષા કરે છે. એટલે ઘરમાં ડ્રેગનની મૂર્તિ કે ચિત્ર મૂકવું જોઈએ.

## વુમન વર્લ્ડ

### મૂળ ઓસ્ટ્રેલિયાના પર્થની મહિલાએ સતત ૧૦૦ કલાક હુલા હૂપ ફેરવવાનો રેકોર્ડ કર્યો



મૂળ ઓસ્ટ્રેલિયાના પર્થની વતનું પરંતુ હાલમાં અમેરિકાના શિકાગો સહેરના વિકર પાર્ક એરિયામાં રહેતી જેની ઓઆન નામની મહિલાએ સતત ૧૦૦ કલાક સુધી હુલા હૂપ ફેરવવાનો વલર્ડ રેકોર્ડ બનાવ્યો છે. આ પહેલાનો રેકોર્ડ ૭૫ કલાક અને ૫૪ મિનિટનો હતો. જેની પૂરી તૈયારી સાથે આ રેકોર્ડ તોડવા માટે વર્ષોથી મહેનત કરી રહી હતી. તેણે પબ્લિક મોલમાં મેરેથોન હુલો હૂપિંગ શરૂ કર્યું હતું. તેણે પૂરા ૧૦૦ કલાક હુલા હૂપ ફેરવ્યું હતું. જો કે આટલી મહેનત થયા પછી પણ એને ગિનેસ વર્લ્ડ રેકોડ્સ દ્વારા માન્ય મળશે કે કેમ એ મોટો સવાલ છે. તે જ્યારે હુલા હૂપ ફેરવી રહી હતી ત્યારે ૫૮મો કલાક ચાલી રહ્યો હતો ત્યારે એકવાર તેનાથી હૂપ પડી ગયું અને એણે કારણે બની શકે કે ગિનેસના નિયમો મુજબ તેને માન્યતા ન મળે. જો કે એ પછી તેણે એકવારની ભૂલને સરભર કરવા માટે દર કલાકે મળતી પાંચ મિનિટના રેસ્ટની છૂટને જતી કરી હતી.

### ૨૦ મિનિટમાં ૩૫૦ ટાઈલ્સ તોડી અને ૧૦૨ ઓરિગામી મોડલ બનાવી નોંધાવ્યો રેકોર્ડ



હૈદરાબાદમાં રહેતી આઠ વર્ષની પીડીવી સહરુદા નામની કન્યાએ શનિવારે બે નોંધનીય રેકોર્ડ બનાવ્યા હતા. સહરુદા કલામાં પણ માહેર છે અને માર્શલ આર્ટસના કરતબ બતાવવામાંુ ણ એટલી જ કુશળ છે. તેણે વીસ મિનિટમાં ૧૦૨ ઓરિગામી મોડલ્સ બનાવ્યા હતા. ઓરિગામીમાં કાગળમાંથી કળાત્મક નમૂના બનાવવામાં આવે છે. કલાની સાથે તેણે કરતબ પણ બતાવ્યું હતું. વીસ મિનિટના ગાળામાં તેણે ૩૫૦ ટાઈલ્સ માત્ર હાથેથી તોડી બતાવી હતી. આ પહેલા આ રેકોર્ડ નોર્થ કોરિયાની એક મહિલા ખેલાડીના નામે હતો જેણે વીસ મિનિટમાં ૨૬૨ ટાઈલ્સ તોડી હતી. સહરુદા હજી આઠ જ વર્ષની છે પણ રેકોર્ડ તોડવાની તેની ધગશ જબરી છે તે એક વર્થી કરાટે શીખી રહી છે અને ગ્રીન બેલ્ટ હોલ્ડર છે.

### છ વર્ષની બાળકીએ આંખ પર પટ્ટી બાંધી રુબિક ક્યુબ સોલ્વ કરી નોંધાવ્યો રેકોર્ડ




તામિલનાડુની એક બાળકીએ એવું કારનામું કર્યું જે જોઈ બધા ચકિત થઈ ગયા છે. છ વર્ષની સારા નામની આ છોકરીને તમિલનાડુ ક્યુબ એસોસિયેશને દુનિયાની સૌતી નાની જીનિયસના ખિતાબથી નવાજી છે. સારાએ આંખો પર પટ્ટી બાંધી માત્ર બે મિનિટ અને સાત સેકન્ડમાં રૂબિક્સ ક્યુબ સોલ્વ કરવાનો રેકોર્ડ નોંધાવ્યો છે. સારાએ બહુ નાની ઉંમરતી જ એપ્ટીટ્યૂડ સવાલો ઉકેલવાની શરૂઆત કરી દીધી હતી. સારા હવે ગિનેશ વર્લ્ડ રેકોર્ડ બનાવવાની કોશિશ કરે છે.

## ફાટેલા હોઠ માટે સૂતા પહેલા અપનાવો આ ઉપચાર

શિયાળામાં ત્વચા અને હોઠ ફાટી જવા કે ડ્રાય થવા સામાન્ય વાત છે. જોકે, કેટલાક લોકો આ સમસ્યા ગરમીમાં પણ થઈ જાય છે. જો ડ્રાય લિપ્સની સાથે બેદરકારી રાખવામાં આવે તો તેમા ઉંડા ઘા થઈ જાય છે અને લોહી નીકળવા લાગે છે. જેથી જરૂરી છે કે હોઠની યોગ્ય રીતે કાળજી અને નિયમિત સાચવણી કરવી જોઈએ.

### દૂધ અને હળદરનું મિશ્રણ બનાવો

દૂધ અને હળદર પણ લિપ્સની ડ્રાયનેસને દૂર કરવામાં મદદગાર માનવામાં આવે છે. એક ચપટી હળદરમાં ૧-૨ ટીંપા દૂધ મિક્સ કરીને હોઠ પર લગાવી શકો છો. થોડાક



અઠવાડિયામાં તમને ફરક જોવા મળશે.

### રૂ, મધ, ખાંડનો સ્ક્રબ

જે રીતે ચહેરાની ડેડ સ્કિન નીકાળવાની જરૂરત હોય છે તે રીતે હોઠની ડ્રાય સ્કિન રિમૂવ કરવી પણ જરૂરી હોય છે. તેના માટે મધ અને ખાંડનો સ્ક્રબ ઉપયોગ કરો. અડધી ચમચી ખાંડમાં ૩-૪ ટીંપ મધ મિક્સ કરીને એક બ્રશની મદદથી હોઠ પર લગાવો અને હળવા હાથથી રગડી લો. તે બાદ પાણીથ ધોઈ લો. અઠવાડિયામાં એક દિવસ આવું કરો.

### રાતે લગાવો દેશી ઘી

હોઠને નિયમિત મોઈશ્ચરાઈઝર કરો. લિપ બામ કે લિપ ગ્લોસ લગાવો, પરંતુ તે ના હોય તો તમે રાતે સૂતા સમય હોઠ પર દેશી ઘી લગાવી શકો છો. આ ઉપાયથી તમારા હોઠ સોફ્ટ થઈ જશે.

### બદામનું તેલ

બદામનું તેલ ન માત્ર વાળને મજબૂત બનાવે પરંતુ તે સોફ્ટ અને સ્મૂથ લિપ્સ માટે પણ ફાયદાકારક છે. ફાટેલા કે સૂકા હોઠ માટે રોજ બદામના તેલથી માલિશ કરવાથી ફાયદો થશે.

## કોથમીર બટાકાનો સૂપ



**સામગ્રી :** ૨ કપ પાણી, ૨ મધ્યમ કદનાં બટાકાં, ૧ કપ બાફેલી પાલક ભાજી, ૧/૪ કપ વાટેલી કોથમીર, ૨ લીલી ડુંગળી, ૧ ચમચો લીંબુનો રસ, ૧ ચમચી મીઠું, ૧/૨ ચમચી મરી, ૧ ચમચો માખણ.

**સામગ્રી :** બટાકાં બાફીને માવો બનાવો. પાલકની ભાજીને બાફીને વાટો. લીલી કોથમીર, બટાકાં અને પાલકને પાણી નાખી ભેળવીને મિક્સરમાં ખૂબ જ એકરસ કરો. એક ચમચો માખણ ગરમ કરીને તેમાં લીલી ડુંગળી ઝીણી સમારીને નાખો. આછો ગુલાબી રંગ થાય ત્યાં સુધી તેને સાંતળો પછી તેમાં વાટેલા શાકભાજીનું મિશ્રણ નાખીને પાંચ મિનિટ ઊકાળો. તેમાં મીઠું, મરી અને લીંબુનો રસ નાખીને પીરસો.

## સ્વીટ કોર્ન સૂપ



**સામગ્રી :** મકાઈના કૂણાં દાણા ૧/૪ કપ, મલાઈ વગરનું દૂધ ૪ ટી.સ્પૂન, શુગર ફ્રી (કૃત્રિમ ગળપણ લાવતી ગોળી) ૧, સ્વાદ જેટલું મીઠું અને દોઢ કપ પાણી.

**રીત :** પ્રેશર કૂકરમાં મકાઈના દાણા બાફો પછી તેમાં પાણી અને દૂધ નાખીને ઉકાળો. શુગર ફ્રી ગોળીનો ભૂકો કરી તેમાં નાખો. મીઠું નાખી ગરમ હોય ત્યારે જ ઉપયોગ કરો કે પિરસો. આ સૂપમાં ૭૦ કેલરી મળે છે. વળી આનાથી તત્કાળ પેટ ભરાતું હોવાથી આહાર પર નિયંત્રણ આવે છે. આ સૂપની વિશિષ્ટતા એ છે કે, મકાઈ અને દૂધમાંથી બનતા પ્રોટિન તત્વો શરીરને થાક વગરનું રાખવામાં ભારે મદદ કરે છે.

## ક્રોસવર્ડ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | | ■ | ૪ | | ૫ | ૬ |
| | ■ | ૭ | | ■ | ૮ | | ■ | ૯ | |
| ૧૦ | ૧૧ | | ■ | ૧૨ | | | ■ | ■ | |
| ■ | | ■ | ૧૩ | | ■ | ■ | ૧૪ | | |
| ૧૫ | | ૧૬ | ■ | ૧૭ | ૧૮ | | | ■ | |
| | ■ | ૧૯ | | ■ | | ■ | ૨૦ | ૨૧ | ■ |
| ૨૨ | ૨૩ | | ■ | ૨૪ | | | ■ | ૨૫ | ૨૬ |
| ■ | | ■ | ૨૭ | | ■ | ■ | ૨૮ | | |
| ૨૯ | | ૩૦ | ■ | | ■ | ૩૧ | | | |
| | ■ | ૩૨ | | ■ | ૩૩ | | | ■ | ■ |

**આડી ચાવી :**

(૧) જમાનાઓથી ચાલતું આવેલું, પ્રાચીન (૫)
(૪) ખડગ, તલવાર (૪)
(૭) એક કઠોળ (૨)
(૮) ચોવીસ મણનું વજન (૨)
(૯) ચામડી, ચામડું (૨)
(૧૦) ફારગતી, છૂટાછેડા (૩)
(૧૨) જાડો પ્રવાહી પદાર્થ (૩)
(૧૩) મૃગજળ, ઝાકળ (૨)
(૧૪) ટોળી, મંડળ, સમૂહ (૩)
(૧૫) કલેશ, દુ:ખ (૩)
(૧૭) અપાત્ર, અયોગ્ય (૪)
(૧૯) થાપણ, પૂંજી (૨)
(૨૦) ઝાડ, વૃક્ષ (૨)
(૨૨) પ્રત્યેક, હરેક (૩)
(૨૪) સનદી કાયદાશાસ્ત્રી (૩)
(૨૫) ચંદ્ર (૨)
(૨૭) વિ.સં.નો ચોથો માસ (૨)
(૨૮) ઉત્પન્ન કમાણી (૩)
(૨૯) ગાડી હાંકનાર (૩)
(૩૧) કમાણી, રળવું તે (૪)
(૩૨) ફાંફાં, બાલાં (૨)
(૩૩) અંધારિયાનો છેલ્લો દિવસ (૩)

**ઊભી ચાવી :**

(૧) ઘરડું, વૃદ્ધ (૩)
(૨) નામનું, નામવાળું (૩)
(૩) જૂઠાણું (૨)
(૪) સોનીનું એક ઓજાર (૩)
(૫) વાણી, બોલી (૨)
(૬) માથાફોડ (૫)
(૮) અંશ, હિસ્સો (૨)
(૧૧) પત્તા વગરનું, ગુમ (૩)
(૧૨) જિહ્વા, જીભ (૩)
(૧૪) શક્તિ, સામર્થ્ય (૩)
(૧૫) ચર્ચા, વાતચીત (૩)
(૧૬) ચાંદ, સિક્કો (૩)
(૧૮) પાત્રતા, યોગ્યતા (૩)
(૨૧) રિશ્વત, લાંચ (૪)
(૨૩) નાની કાનસ (૩)
(૨૪) મદદ, સહાયતા (૩)
(૨૬) પાણીની છાંઢ, ફરફર (૩)
(૨૮) એદીપણું, સુસ્તી (૩)
(૨૯) અપશબ્દ (૨)
(૩૦) પાયમાલ, બરબાદ (૨)
(૩૧) લક્ષ્મી, સુંદર સ્ત્રી (૨)

ઉકેલ માટે જુઓ પેજ નં.૧૫

# મારું મન એ બારીમાંથી હટવાની ના પાડતું હતું

પહાડી ઈલાકા ઉપર છવાયેલી સવાર ખુશનુમા હતી. પેલી દૂર દૂરની ઊંચી ટેકરીઓ પાછળ સંતાયેલ સૂરજ હજુ બહાર આવ્યો નહોતો. બલ્કે એના ઉજાસથી એ ટેકરીઓનાં મોં સોનાવરણાં થઈ જાણે કે હસી રહ્યાં હતાં.

પહાડ ઉપરના ડાકબંગલાની બારીમાંથી મેં નીચે નજર કરી તો તળેટીમાં વસેલું ગામ પણ સૂર્યોદય પૂર્વેની કેસરી ઓઢણીના પાલવમાં મોં સંતાડીને હળવું સ્મિત વેરી રહ્યું હતું.

'સાબ ! ગાડી તૈયાર હૈ.' ડ્રાઈવરે બૂમ મારી.

પ્રકૃતિમાં પરોવાઈ ગયેલું મન એ બારીમાંથી હટવાની ના પાડતું હતું.

શહેરની એ યંત્રવત્ જિંદગી ઘડિયાળના કાંટે દોડતું જીવન – ચારેકોર બેશુમાર ગિર્દી – ફાઈલોના ઢગલા, મુલાકાતીઓની પજવણી, ટેલિફોનના રણકારો અને વાહનોના ઘોંઘાટથી ધક્ ધક્ થતું મારું મગજ આજે ખૂબ શાંતિ અનુભવી રહ્યું હતું. વર્ષો પહેલાં મેં ગામ છોડ્યું હતું, ઘર છોડ્યું હતું, કુટુંબીઓને છોડ્યા હતા.

હું ભાગી છૂટ્યો હતો. નસીબે મને યારી આપી અને દુનિયાના તમામ સુખચેન મને પ્રાપ્ત થયાં. પણ આજે પહેલી જ વાર મને એ ભલુંભોળું જીવન અને લોકો યાદ આવ્યાં... જાણે કે મારા દોસ્તો સાથે હું ગિલ્લી-દંડા રમી રહ્યો છું. તળાવની પાળ પર આંબલી-પીપળી રમી રહ્યો છું અને પીપળાના એ ઝાડ પર ચઢી સીધો જ તળાવમાં ધુબાકા ખાઈ રહ્યો છું... તેથી જ મને ડાકબંગલાની બારીમાંથી દેખાતાં તળેટીની વસ્તીનાં એ ધુમ્મસઘેર્યાં ઝૂંપડાં ગમ્યાં.

'સાબ, સબ સામાન અંદર રખ દિયા... ગાડી તૈયાર હૈ.' ડ્રાઈવરે ફરીથી બૂમ મારી.

અંગ્રેજોના શાસન દરમિયાન બંધાયેલા એ બ્રિટિશ ઢબના તોતિંગ ડાકબંગલાની નકશીદાર બારી બંધ કરી હું બહાર નીકળ્યો. ચોકીદારને દસ રૂપિયા આપતાં મેં કહ્યું, 'અગલી સાલ મેં ફિર આઉંગા... પહેલે સે ખત લિખ કે...

અચ્છા...!'

અમારી મોટર લીલીછમ ઝાડીથી ઢંકાયેલા એ વાંકાચૂંકા ડામરના રોડ પર થઈ સડસડાટ નીચે ઊતરવા માંડી.

'સમાલ કે ઈસ્માઈલ, સમાલ કે.' સ્ટિયરિંગ સાથે ગેલમાં આવીને રમત કરી રહેલા ડ્રાઈવરને મેં હસતાં હસતાં કહ્યું અને આંખોમાંથી પાણી નિતારી દેતા ઠંડા પવનથી બચવા મેં ગોગલ્સ ચડાવ્યાં, ત્યારે સૂરજ પણ ઊંચાં ઊંચાં ઝાડની પાછળ રહી સંતાકૂકડી રમતો મારી સાથે દોડી રહ્યો હતો.

ડાકબંગલો ઘણો પાછળ રહી ગયો હતો. હવે તો અમે ઘણા નીચે ઊતરી આવ્યા હતા.

'કાફી ખૂબસૂરત જગહ નીકલી ક્યોં ઈસ્માઈલ !' સિગારેટ સળગાવવા થોડીક વાર માટે સાઈડ ગ્લાસ બંધ કરતાં મેં પૂછ્યું.

'જી, બહુત અચ્છી જગહ હૈ... લેકિન સા'બ, પહાડી પર બસ્તી નહીં હૈ ઈસલિયે થોડા અકેલા અકેલા લગતા હૈ.' ડ્રાઈવરે સહેજ અચકાતાં અચકાતાં કહ્યું.

'અરે ! અરે...! દેખો...' મારાથી બૂમ પડાઈ ગઈ. દૂર કશીક ચમકતી વસ્તુમાંથી પરાવર્તિત થઈ આવેલાં સૂર્યનાં કિરણોથી પહેલાં મારી આંખો અંજાઈ ગઈ અને પછી ડ્રાઈવરની.

થોડીકવાર મોટર ખાડા-ટેકરાઓ પર પછડાતી રસ્તાની બાજુના એક ખાડામાં જઈ અટકી ગઈ. ઘડીકમાં શું બની ગયું તે સમજાયું નહીં. હું બારણું ખોલી બહાર આવ્યો. અચાનક મારી નજર પાછળ ગઈ, તો એક દસેક વર્ષની નાનકડી ગ્રામ્યકન્યા મોટરની ટક્કરથી મૂર્છિત થઈ રસ્તા પર જ પડી હતી.

હું એની તરફ દોડી ગયો. એના કપાળમાં લોહી વહેતું હતું. તરત જ મેં ખિસ્સામાંથી રૂમાલ કાઢી એના કપાળે વીંટાળી દીધો. દરમિયાન તળેટીના આઠ-દસ માણસોનું ટોળું આજુબાજુ એકત્ર થઈ ગયું હતું. મેં ઊંચે નજર કરી તો બધા બિહામણી અને ગુસ્સાભરી નજરે મારી સામે જોઈ રહ્યા હતા. એમની એ દૃષ્ટિથી હું ગભરાયો.

મેં દયામણી નજરે એમની સામે જોઈ કહ્યું : 'જે કંઈ બની ગયું તે બદલ હું દિલગીર છું. બેબીને ખાસ વાગ્યું નથી, પણ ગભરાટને લીધે એ બેભાન થઈ ગઈ છે. ચાલો એને દવાખાને લઈ જઈએ.'

'ખડે હો જાવ... ગુજરાતી લગતે હો...! છોડ દો લડકી કો.' એક સશક્ત આદમીએ મને હુકમ કર્યો.

ચૂપચાપ હળવેથી એ છોકરીનું માથું નીચે મૂકતાં હું ઊભો થઈ ગયો અને અચાનક સડસડાટ મારા મોં ઉપર લોખંડી તમાચા ઝીંકાયા. મારી બંધ આંખોમાં વીજળીના ચમકારા થતા હોય એવું લાગ્યું... ધીમેધીમે મને અંધારાં આવતાં જણાયાં અને...

હળવે હળવે મારી પાંપણો ખૂલે છે. થોડુંક ઝાંખું ઝાંખું વર્તાય છે. ફરી આંખો બંધ કરી દઉં છું. મારા મગજને લોખંડી સાંકળોથી જકડી રાખવામાં આવ્યું હોય એવું લાગે છે. મગજમાં થતા એ લોહીના ધબકારા હથોડા પડતા હોય એવું દુઃખે છે. હાથ-પગ ફાટે છે અને ફરી મારી આંખ મીંચાઈ જાય છે.

એક રંગીન સ્વપ્નની દુનિયામાં હું પહોંચી જાઉં છું. ભવ્ય રંગમહેલમાં ભાતભાતના ફુવારા ઊડે છે. હું ઊંચે નજર કરું છું... 'ઓહ ! ચમકતા એ ઝુમ્મરનું શું રૂપ છે ?' એનાં અંગોપાંગો પર મીણબત્તીઓ હસી રહી છે. એમાંથી નીકળતાં અનેકરંગી કિરણોનું જાણે કે મેઘધનુષ રચાયું છે. એ મેઘધનુષ પરથી લપસતી લપસતી ઝગમગાટભર્યાં શ્વેત વસ્ત્રો ધારણ કરીને એક અપ્સરા નીચે ઊતરીને સીધી જ મારા ચરણોમાં ઢળી પડે છે. હું એને પકડીને બેઠી કરું છું અને જાણે કે મહેલના ખૂણેખૂણેથી હજારો સિતારો ઝણઝણી ઊઠે છે. ન સમજાય એવું દૈવી સંગીત રેલાઈ રહે છે, પણ એ અપ્રતિમ સૌંદર્ય ધરાવતી અપ્સરા નતમસ્તકે મારી સામે ખડી છે. હું એની હડપચીને સ્પર્શી એનું મોં ઊંચું કરું છું. પણ એ એની આંખો બંધ કરી દે છે. હું ફરી પ્રયત્ન કરું છું. તો કહે છે કે : 'ના... ના... મને અડકશો નહીં. ભૂલેચૂકેય અડકશો નહીં. હું પાપિણી છું... મને દેવોનો શ્રાપ મળ્યો છે... મને સ્વર્ગમાંથી દૂર કરવામાં આવી છે...' એની આંખોમાંથી બે મોતીબિન્દુ સરી પડે છે. હું એની આંખો લૂછું છું અને હું બોલી ઊઠું છું : 'ચિંતા નહીં... હું તને સ્વીકારવા તૈયાર છું. હા, પણ હું દેવ નથી, માનવી છું.

દેવોની જેમ તારા જેવી સ્વપ્નસુંદરીઓને માત્ર મનોરંજન માટે ગુલામીમાં જકડી રાખવામાં હું માનતો નથી. ચાહે તેં કોઈપણ ભૂલ કરી હોય... વાટ ભૂલેલાઓને ઉગારવાની તાકાત માત્ર માનવીમાં છે, દેવોમાં નહીં... આવ નજીક આવ... તું એકવાર માનવીને પોતાનો બનાવી જો, તને પાછા સ્વર્ગમાં જવાનું ગમશે નહીં. તારા દેવો માત્ર ભોગી છે અને અમે ત્યાગી પણ છીએ અને એ ત્યાગના પુનિત અગ્નિથી હું તારું પાપ ધોઈશ.' માનવીય રુદન અનુભવતી એ અપ્સરા મને વળગી પડે. મેં એને છાતીસરસી ચાંપી દીધી અને ચારેકોર પ્રસરી રહેલા રંગબેરંગી પ્રકાશના પુંજ હોલવાતા ગયા. પહેલી જ વાર એક સ્ત્રીના ખોળામાં માથું મૂકી હું સૂઈ રહ્યો. હળવે હળવે એ દૈવી અલબત્ત હવે માનવીય હાથ મારા કપાળ ઉપર, મારા માથા ઉપર ફરવા લાગ્યા, જાણે કે હું નિદ્રાધીન થતો ગયો.

મારું મગજ એકદમ હલકુંફૂલ થઈ ગયું હતું. મારા કપાળ ઉપર ખરેખર કોઈ મુલાયમ હાથ ફરી રહ્યો. મારી બાજુમાં બેઠેલી એક સ્ત્રીનો હાથ મારા હાથમાં હતો. મારા કપાળ ઉપર પાટો બાંધેલો હતો. મને યાદ આવ્યું. પહાડ પરથી ઊતરતાં પેલી બાળકીના અકસ્માત બાદ વસ્તીના લોકોએ મને માર માર્યો હતો. એનું જ આ પરિણામ હશે. મેં વિચારી લીધું.

'હવે કેમ છે ? ભગવાનનો પાડ માનો કે બચી ગયા.' મારા હાથમાંથી હાથ છોડાવતાં એ સ્ત્રીએ પૂછ્યું.

'અરે, આ દક્ષિણની પહાડી વસ્તીમાં એક ગુજરાતી ભાષી સ્ત્રી ?' મને વિસ્મય થયું.

'પાડ તો તમારો કે તમે મારી સંભાળ લીધી... પણ એક સવાલ પૂછું ?

તમે અને આ વસ્તી...!!' મેં પૂછી જ નાખ્યું.

'ઓહ ! ભગવાનને ખાતર મને કશું જ ન પૂછશો... હું એક દુઃખિયારી ફેંકી દેવાયેલી સ્ત્રી છું.' પોતાના બંને હાથ મોં ઉપર ઢાંકી દેતાં તે બોલી રહી.

'તો હું તને માનભેર સ્વીકારીશ... હું તને પ્રાર્થના કરું છું... મારા કાર્યમાં સાથ દે... ના પાડીશ નહીં.' એના મોં ઉપરથી હાથ હટાવતાં મેં બેઠા થઈ વિનવણી કરી.

'...ના ના... તમે મને ઓળખતા નથી... મારા જીવતર પર ડાઘ

લાગેલો છે. તમારી મોટર સાથે અથડાઈ હતી એ મારી છોકરી છે... મારું પાપ છે.'

'તો એ બાળકીના સમ છે... મારે એ બાળકીના પિતા બનવું છે. ક્યાં છે એ ?' મેં પરાણે એને નજીક લેતાં પૂછ્યું.

જવાબમાં તે સાવ મૌન રહી. મેં કહ્યું : 'હું તને તારા ભૂતકાળ વિશે કંઈ જ પૂછવા માગતો નથી. જો હમણાં થોડીવાર પહેલાં જ મને એક સપનું આવ્યું હતું. મારું એ સપનું સાચું પડી રહ્યું છે.'

'શાનું સપનું ? મને પણ એક સપનું આવ્યું હતું. ગઈ રાત્રે...' એ એકદમ બોલી ઊઠી.

'તનેય સપનું આવ્યું ? શાનું સપનું ?' હું વિચારમાં પડી ગયો.

'એ સપનું આવ્યા પછી જ જાણે કે મને તમારા...' એ એકદમ અટકી ગઈ.

હું હસી પડ્યો. મેં ધીમેથી ખાટલામાં ફરી લંબાવ્યું.

ધડ કરતું ઝૂંપડીનું દ્વાર ખૂલી ગયું.

'ચલો સાબ, ગાડી તૈયાર હૈ...' ઈસ્માઈલે અંદર પ્રવેશતાં કહ્યું.

'અરે ઈસ્માઈલ તુમ ! કહાં ચલે ગયે થે ?' મેં પૂછી નાખ્યું.

'ઍક્સિડન્ટ કે બાદ મૈં તો કારમેં હી છીપ ગયા થા. બસ્તીવાલોંને આપસે બહોત ખરાબ સલુક કિયા... અગર યે બહેનજી ન હોતી તો શાયદ આપ...?

ઔર વો લડકી ભી તો ઈનકી હૈ.' ઈસ્માઈલ બોલી ઊઠ્યો.

એટલામાં જ એક બાળકી ઝૂંપડીમાં પ્રવેશી. તે બોલી ઊઠી, 'મા, મોટર બહોત અચ્છી હૈ.'

એની કાલીકાલી જબાન મને ખૂબ ગમી. મેં એને પાસે બોલાવી : 'દેખો

બેટા ! યે ગાડી અબ તુમ્હારી હૈ. હમારે સાથ આયેગી ન તૂ ?'

જવાબમાં એણે માથું હલાવ્યું અને મેં એના ગાલ ધીમેથી ચૂમી લીધા.




હું ભાગી છૂટ્યો હતો. નસીબે મને યારી આપી અને દુનિયાના તમામ સુખચેન મને પ્રાપ્ત થયાં. પણ આજે પહેલી જ વાર મને એ ભલુંભોળું જીવન અને લોકો યાદ આવ્યાં... જાણે કે મારા દોસ્તો સાથે હું ગિલ્લી-દંડા રમી રહ્યો છું. તળાવની પાળ પર આંબલી-પીપળી રમી રહ્યો છું અને પીપળાના એ ઝાડ પર ચઢી સીધો જ તળાવમાં ધુબાકા ખાઈ રહ્યો છું... તેથી જ મને ડાકબંગલાની બારીમાંથી દેખાતાં તળેટીની વસ્તીનાં એ ધુમ્મસઘેર્યાં ઝૂંપડાં ગમ્યાં.

**દેવેન્દ્ર પટેલ**
સંપર્ક
+91 98792 07102

## જાણવા જેવું

### આપણી આંગળીમાં સાંધા અને ટચાકા

ખૂબ કામ કરીને થાકી ગયા બાદ હાથપગની આંગળી ખેંચવાથી કે સાંધા પર દબાણ આપવાથી ટચાકા જેવો અવાજ થાય છે. અને હળવાશ અનુભવાય છે. થાક ઉતારવા માટે ઘણા લોકો આ ઉપાય અજમાવે છે. હાથની આંગળીમાં નાના ત્રણ હાડકા હોય છે તેને વેઢા પણ કહે છે. આ હાડકા મિજાગરા જેવા એક તરફ વળી શકે તેવા સાંધાથી જોડાયેલા હોય છે. હાથ વડે આપણે અનેક કામ કરીએ છીએ. આ સાંધાના કારણે આપણે મૂઠ્ઠી વાળવા ઉપરાંત ઘણી ચીજો પકડવા લેવા મૂકવા ઉપયોગી થાય છે. આ સાંધાને સૌથી વધુ ઘસારો લાગે છે. આ સાંધાના રક્ષણ માટે તેમાં તૈલી પદાર્થ હોય છે. અને તેની આસપાસ વાયુ પણ હોય છે. સાંધામાં રહેલા વાયુમાં વધઘટ થતી રહે છે. આંગળી ખેંચવાથી કે દબાણ આપવાથી આ વાયુ છુટો પડી ટચાકા જેવો અવાજ કરે છે. અને સાંધામાં હળવાશ થાય છે.

### પાણીમાં પત્થર થઈ જતી જાદૂઇ રેતીઃ હાઈડ્રોલિક સેન્ડ

સિમેન્ટમાં પાણી ભળે એટલે તે જામીને પત્થર જેવો થઇ જાય એટલે જ બાંધકામમાં વપરાય છે. જો કે સિમેન્ટને મજબૂત કરવા માટે વારંવાર પાણી છાંટવું પડે અને સખત થતાં સમય લાગે વિજ્ઞાનીઓએ એવી રેતી વિકસાવી છે કે ચપટી ભરીને પાણી ભરેલા ગ્લાસમાં નાખો તો તરત જ તળિયે બેસી સખત પત્થર બની જાય. દરિયામાં ઓઈલ ઢોળાયું હોય તે આ રેતી છાંટવાથી તે ઓઈલને સાથે લઈ પત્થર બનીને તળિયે બેસી જાય. આમ પાણીનું પ્રદૂષણ ઘટાડવા તેનો ઉપયોગ થાય છે. આ જાદૂઈ રેતીને હાઈડ્રોલિક સેન્ડ, સ્પેસ સેન્ડ કે એકબા સેન્ડ પણ કહે છે. આ રેતી રંગબેરંગી હોય છે. માછલી ઘરમાં ચપટી નાખીને તળિયે સુંદર પત્થરો ગોઠવાઈ જાય છે. પરંતુ આ રેતીની શોધ પાણીનુ પ્રદૂષણ દૂર કરવા થઈ હતી. દરિયા કિનારાની રેતી, શુધ્ધ સિલિકા, ટાઈમિથાઈલ સિલાનોલ રસાયણનો ઉપયોગ કરીને આ રેતી બને છે.

# પાકિસ્તાનના પૂર્વ સરમુખત્યાર પરવેઝ મુશર્રફને દેશદ્રોહના કેસમાં ફાંસીની સજા

- સારવાર અર્થે ૨૦૧૬થી દુબઈ ગયા પછી મુશર્રફ પાક. પરત ફર્યા નથી
- મુશર્રફ પર ત્રણ નવેમ્બર, ૨૦૦૭ના રોજ બંધારણનો ભંગ કરી ઈમરજન્સી લાગુ કરવાનો આરોપ



ઈસ્લામાબાદ : પાકિસ્તાનના પૂર્વ સરમુખત્યાર પરવેઝ મુશર્રફને દેશદ્રોહના કેસમાં આજે ફાંસીની સજા સંભળાવવામાં આવી છે. પાકિસ્તાનના ઈતિહાસમાં પ્રથમ વખત કોઈ સૈન્ય શાસકને દેહાંત દંડની સજા ફટકારવામાં આવી છે. પેશાવર હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ વકાર અહેમદ શેઠના નેતૃત્ત્વવાળી ત્રણ સભ્યોની બનેલી વિશેષ કોર્ટની ખંડપીઠે ૭૬ વર્ષીય પૂર્વ સેના વડા મુશર્રફને દેશદ્રોહના કેસમાં દોષિત ઠેરવ્યા છે. પાકિસ્તાનના ઈતિહાસમાં આ પ્રથમ ઘટના છે સેનાના વડાને દેશદ્રોહના કેસમાં દોષિત ઠેરવી ફાંસીની સજા સંભળાવવામાં આવી છે. મુશર્રફે ૧૯૯૯માં સૈન્ય બળવો કરીને તત્કાલીન વડાપ્રધાન નવાઝ શરીફ પાસેથી સત્તા આંચકી લીધી હતી. તેઓ ૨૦૦૧થી ૨૦૦૮ સુધી પાકિસ્તાનના પ્રમુખ રહ્યાં હતાં. મુશર્રફ પર ત્રણ નવેમ્બર, ૨૦૦૭ના રોજ બંધારણનો ભંગ કરી ઈમરજન્સી લાગુ કરવાનો આરોપ મૂક્યો છે.

# ૧૩૦૦ કરોડનુ ડ્રગ્સ પકડાયું, 5 ભારતીયો સહિત નવની ધરપકડ

- પાંચ ભારતીય, એક અમેરિકી, બે નાઈજિરિયન અને એક ઈન્ડોનેશિયન નાગરિકનો સમાવેશ થાય છે
- ૧૨૦૦ કરોડનું ઓસ્ટ્રેલિયાનું ૧૦૦ કરોડનું ભારતનું હતું

સિડની : ભારતના કેન્દ્રીય નાર્કોટિક્સ કન્ટ્રોલ બ્યૂરોએ ૧૩૦૦ કરોડ રૂપિયાના હેરોઈનને લગતા એક આંતરરાષ્ટ્રીય ડ્રગ કૌભાંડની વિગતો જાહેર કરી હતી જેમાં ૧૦૦ કરોડનું હેરોઈન ભારતમાં અને ૧૨૦૦ કરોડનું ઓસ્ટ્રેલિયામાં પકડાયું હતું. આ પાર્સલ સંબંધે નવ ભારતીયોની ધરપકડ પણ થઈ હતી. નાર્કોટિક્સ કન્ટ્રોલ બ્યૂરો અને અન્ય સિક્યોરિટી દળોના સહિયારા પ્રયાસોથી આ કૌભાંડ પકડાયું હતું. નાર્કોટિક્સ કન્ટ્રોલ બ્યૂરોના એક પ્રવક્તાએ કહ્યુ ંહતું કે આ કૌભાંડના તાર ભારતનાં નવી દિલ્હી, પંજાબ, મહારાષ્ટ્ર અને ઉત્તરાખંડ ઉપરાંત કેનેડા, ઓસ્ટ્રેલિયા, ઈન્ડોનેશિયા, શ્રીલંકા અને કોલબિયા સુધી લંબાયેલા છે. હાલ એની વિગતવાર તપાસ ચાલી રહી હોવાથી વધુ માહિતી જાહેર કરી શકાય એમ નથી. ધરપકડ કરાયેલા નવ જણમાં પાંચ ભારતીય, એક અમેરિકી, બે નાઈજિરિયન અને એક ઈન્ડોનેશિયન નાગરિકનો સમાવેશ થાય છે.

# જોન્સન કેબિનેટમાં ત્રણ ભારતવંશી, પ્રીતિ પટેલને ગૃહમંત્રાલયનો કાર્યભાર

લંડન : બ્રિટનના વડા પ્રધાન બોરિસ જોન્સને ગૃહમંત્રી પ્રીતિ પટેલ સહિત ભારતીય મૂળના ૩ મંત્રીઓને તેમની કેબિનેટમાં જાળવી રાખ્યાં છે. નવનિયુક્ત સાંસદ અને મંત્રીઓ મંગળવારે હાઉસ ઓફ કોમન્સમાં પરત આવ્યાં હતાં. બ્રિટનના કેબિનેટ મંત્રી આલોક શર્મા અને ટ્રેઝરીના મુખ્ય સચિવ ઋષિ સુનાકે મંગળવારે નવા હાઉસ ઓફ કોમન્સમાં સાંસદ તરીકે ગીતા પર હાથ રાખીને શપથ લીધા હતા. આગરામાં જન્મેલા ૫૨ વર્ષીય આલોક શર્મા ચોથી વાર રીડિંગ વેસ્ટમાંથી સાંસદ તરીકે ચૂંટાયા છે જ્યારે ૩૯ વર્ષીય ઋષિ સુનાક ત્રીજી વાર યોર્કશાયરના રિચમંડમાંથી સાંસદ પદે ચૂંટાયા છે. ઋષિ સુનાક ઈન્ફોસિસના સંસ્થાપક એનઆર નારાયણમૂર્તિના જમાઈ છે. આ બંનેએ બ્રિટનની સંસદમાં ભગવદ્ ગીતા પર હાથ રાખીને સાંસદ તરીકે શપથ લીધા હતા. ગીતાની એક નકલ હાથમાં પકડીને આલોક શર્માએ કહ્યું કે હું સર્વશક્તિમાન ઈશ્વરની કસમ ખાઈને કહું છું કે હું મહામહિમ રાણી એલિઝાબેથ, તેમના ઉત્તરાધિકારીઓ પરત્વે કાયદા અનુસાર સાચી નિષ્ઠા રાખીશ. તેથી ભગવાન મારી મદદ કરે. પ્રીતિ પટેલે પણ ગૃહમંત્રી તરીકે કાર્યકાળ સંભાળ્યો હતો.

# ભારતીય અને જમૈકાની ટોની એન સિંહ મિસ વર્લ્ડ ૨૦૧૯ સ્પર્ધામાં વિજેતા બની

- ભારતીય મૂળની ટોની મનોવિજ્ઞાનની વિદ્યાર્થીની છે ભારતની સુમન રાવ થર્ડ રનર અપ રહી




લંડન : જમૈકાની રહેવાસી અને ભારતીય મૂળ ધરાવતી ટોની એન સિંહ મિસ વર્લ્ડ ૨૦૧૯ તરીકે પસંદગી પામી છે. લંડન ખાતે યોજાયેલા કાર્યક્રમમાં ૨૦૧૮ની મિસ વર્લ્ડ વનેસા પોંસે ટોનીને તાજ પહેરાવ્યો હતો. મેક્સિકોની રહેવાસી એવી ૨૦૧૮ની મિસ વર્લ્ડ વનેસા પોંસે મિસ વર્લ્ડ ૨૦૧૯ પ્રતિયોગિતાની વિજેતા જમૈકાની રહેવાસી ટોની એન સિંહનું તાજ પહેરાવીને સન્માન કર્યું હતું. ચાલુ વર્ષ દરમિયાન અશ્વેત સુંદરીઓ મિસ વર્લ્ડ અને મિસ યુનિવર્સની વિજેતા બની છે. ગત આઠ ડિસેમ્બરના રોજ સાઉથ આફ્રિકાની રહેવાસી જોજિબિની ટુંઝી(૨૬ વર્ષ) મિસ યુનિવર્સ ૨૦૧૯ તરીકે જાહેર થઈ હતી. આ વર્ષે સૌંદર્ય જગતમાં ભારતની સુમન રાવે પણ દેશનું નામ રોશન કર્યું છે. સુમન રાવ મિસ વર્લ્ડ પ્રતિયોગિતામાં ત્રીજા નંબરે આવી છે. જ્યારે મિસ ફ્રાંસ ઓપેલી મેજિનો સેકન્ડ રનર અપ બની છે. સુમને મિસ વર્લ્ડ એશિયા ૨૦૧૯નો તાજ પણ પોતાના નામે કરેલો છે.

# સ્થૂળકાય શરીરની સેક્સ લાઈફ ઉપર થતી અસરો




ગતાંકથી શરૂ...

- વળી દૈહિક સ્થૂળતા તથા કામેચ્છાનેય આડકતરો સંબંધ છે. ઓબેસીટી સાથે ટેસ્ટોસ્ટેરોન મેટાબોલીઝમ બગડવાથી કામેચ્છા અતિમંદ થઈ જઈ શકે છે.

- ઉપરાંત પુરુષની પોતાની બોડી ઈમેજ પણ મનોમન ડિસ્ટર્બ્ડ થતી હોય છે. મેદસ્વી પુરુષો પોતાને અનાકર્ષક, અનિચ્છનીય માને તો તે તેમની સેક્સ અપીલ તથા સેક્સ્યુઅલ ડીઝાયર બંને ઉપર અવળી અસરો જન્માવે છે. આથી જ ઘણા અતિમહાકાય પુરુષો સેક્સની બાબતમાં નિષ્ક્રિય, રસહીન બની જતાં જોવા મળે છે.

- વળી કોલસ્ટેરોલ, લાઈપોપ્રોટીન્સ તથા લીપીડસના સાથે થાઈરોઈડ, ડાયાબીટીસ, બ્લડપ્રેશર વગેરેના વરવા સહઅસ્તિત્વો પણ ઘણા પુરુષોમાં હોય છે. જે બધા સાથે મળીને કામેચ્છાને મંદ પાડી શકે છે.

- મંદ કામેચ્છા, અપૂરતો ફોરપ્લે, કોન્સટ્રેશનનો અભાવ તથા સ્થૂળતાને લીધે જન્મતી ચિંતાઓ વગેરે ભેગા થવાથી શિશ્નના ઉત્થાનમાં ય ઉણપ આવી શકે છે. આમ ઓબેસીટીની સાથે ઈરેક્ટાઈલ ડીસ્ફંકશન પણ ઉમેરાય છે. જે કપલની મુશ્કેલીમાં ઓર ઉમેરો કરે છે.

- સ્થૂળતાથી પુરુષના ક્લાઈમેક્સ યા ઓર્ગેઝિમક પ્લેઝરમાં કેટલો ઘટાડો થાય છે તેના કોઈ વિશેષ પરીક્ષણો નથી થયા પણ રીસ્ટ્રીકેટેડે પેલ્વીક મૂવમેન્ટસ, અપૂરતું શિશ્નોત્થાન, મંદ કામેચ્છા વગેરે સાથે મળીને પરાકાષ્ટાનો આનંદ પણ ઘટાડતો હોય એમ ધારી શકાય છે.

- સૌથી મહત્ત્વની બાબત એ છે કે, સ્થૂળતા, મેદસ્વીતાથી માણસ ખરેખર બેડોળ, અનાકર્ષણ બને છે. જેથી શૈયાશંગીનિ કામક્રીડા પ્રત્યે અરૂચિ, ઉદાસીનતા દાખવતી થઈ જઈ શકે છે. ક્યારેક સ્ત્રી મહાકાય પતિ સાથે સંપૂર્ણ અનિચ્છાએ, પરાણે જ કામપ્રસંગમાં જોતરાતી હોય એવી બની શકે છે. જો ઓબેસીટીને લીધે પાર્ટનર ઉદાસીન બને તો ફોરપ્લે આપમેળે મર્યાદિત બની જાય છે. સરવાળે કામક્રીડાના તમામ તબક્કાઓ ખોરંભે પડી શકે છે.

- એક સ્થૂળકાય પુરુષની વાત જોકે તદ્દન અલગ અને નિરાળી છે. તેની કામક્રીડા તદ્દન નોર્મલ અને રસપ્રચૂર હતી. તેનું કહેવું હતું કે, તરુણાવસ્તથાથી જ ઓબેઝ છે. આથી તેમને તેમની મેદસ્વીતાનું કોઈ માનસિક વજન નથી અનુભવાતું.

(ક્રમશઃ આવતા અંકે)

**(ડો. મુકુલ ચોક્સી સાઇક્રિયાટ્રિસ્ટ છે અને સેક્સ થેરાપિસ્ટ છે. તેમના ઔપચારિક તારણો છે. જાતિય સમસ્યાઓના સચોટ નિદાન માટે નિષ્ણાંત તબીબની સલાહ લેવી.)**

**E-mail : mukulchoksi@yahoo.co.in**




**પ્રશ્ન : મારાં લગ્નને બે વર્ષ થઇ ગયાં છે. મારી સમસ્યા એ છે કે લગ્નના પહેલા વર્ષે અમે સેક્સનો ભરપૂર આનંદ માણતાં, ઘણીવાર એક જ રાત્રીમાં બે વાર સેક્સ થઇ જતું. ઘણીવાર દિવસમાં અમે ત્રણવાર પણ સેક્સ કરતા. હમણાંથી મારી પત્નીને સેક્સમાં ખૂબ તકલીફ થાય છે, તેને પીડા થતી હોવાથી હું મારી ઇચ્છાને દબાવી દઉં છું. તેને દુખાવો પહેલાં નહોતો થતો, હવે શા માટે થાય છે તે વિશે મને નથી ખબર પડતી. તેને આવી પીડા ન થાય તે માટે કોઈ ઉપાય જણાવશો.**

જવાબ : લગ્નના પહેલા વર્ષે કામોત્તેજના વધારે હોય તે સ્વાભાવિક છે. જરૂરી નથી કે પહેલા વર્ષે જેટલી ઉત્તેજના થતી હોય એટલી જ ઉત્તેજના હંમેશાં રહે. તેમાં ઘટાડો પણ થાય અને વધારો પણ થતો રહેતો હોય. વળી દિવસમાં ત્રણવાર કે એક રાત્રિમાં બે વાર સેક્સ પીડાદાયક થઈ જ જતું હોય છે. આ પ્રકારના સેક્સમાં ફોરપ્લે વધારે સમય સુધી પુરુષ નથી કરતો હોતો. સ્ત્રીને ઉત્તેજિત કરવા માટે ફોરપ્લેમાં સમય વધારે પસાર કરવો પડતો હોય છે. ખાસ કરીને લગ્નના અમુક સમય બાદ સ્ત્રી જ્યારે આખા ઘરનું કામ કરીને થાકી હોય, તેની ઉપર સામાજિક અને ઘરની બંને જવાબદારી હોય ત્યારે તેના મનમાં એકસાથે અનેક વિચારો ચાલતા હોય છે. એવે સમયે તેના મનમાંથી આ વિચારો દૂર કરી તેને ઉત્તેજિત કરવા ફોરપ્લેમાં થોડો વધારે સમય પસાર કરવો પડે છે. સ્ત્રી સરખી ઉત્તેજિત ન હોય તે જ અવસ્થામાં સેક્સ કરવામાં આવે તો તેના માટે તે સેક્સ આનંદના બદલે પીડાદાયક બની જતું હોય છે. સ્ત્રીની સરખામણીમાં પુરુષને ઉત્તેજિત થતાં વાર નથી લાગતી. તમારી પત્નીને પીડા ન થાય તે માટે સેક્સ પહેલાં લાંબો સમય ફોરપ્લેમાં પસાર કરો, તેને ગમતી વાતો કરો, તેનાં વખાણ કરો, તેની સાથે થોડી મસ્તી કરો, તેને માનસિક રીતે તૈયાર કરો, તે ઉત્તેજિત થાય તેવી જગ્યાએ ટચ કરો ને પછી સેક્સ કરો. આમ કરશો તો પીડા નહીં થાય.

**પ્રશ્નઃ નમસ્તે સર, મારી ઉંમર ૨૬ વર્ષ છે. મારાં લગ્નને ત્રણ વર્ષ થઇ ચૂક્યાં છે. હવે અમારે બાળક રાખવું છે પણ રહેતું નથી, અમે ડોક્ટરનેપણ બતાવ્યું પણ તેનાથી કોઇ ફરક પડતો નથી. આ અંગે અમારે આગળ શું કરવું જોઇએ?**

જવાબ : બહેન, તમે જણાવ્યું નથી કે તમે કેટલા સમયથી બાળક રાખવાનો પ્રયત્ન કરી રહ્યા છો. ઘણાં લોકોને બાળક રાખવા માટેના પ્રયત્ન શરૂ કર્યા બાદ સાત આઠ મહિના સરળતાથી નીકળી જતા હોય છે. તો ઘણાં લોકોને તરત રહી જતું હોય છે. વળી તમારું માસિક પણ અનિયમિત છે, તેથી તમારે સૌપ્રથમ માસિક નિયમિત થાય તેની દવા કરાવડાવવાની જરૂર છે. તે એકવાર નિયમિત થઈ જશે પછી બાળક રહેવામાં પ્રશ્ન નહીં નડે. અને તે નિયમિત થયા પછી પણ પ્રશ્ન નડે તો તમે બંને ડોક્ટરી ચેકઅપ કરાવડાવી લો. હવે તો ટેસ્ટટ્યૂબ બેબી પણ સંભવ છે, તો તમે તેનો ઉપયોગ પણ કરી શકો છો.

**પ્રશ્ન : મારી ઉંમર ૨૬ વર્ષ છે. મારી મંગેતરની ઉંમર ૨૪ વર્ષ છે. અમારી સગાઇ પછી અમે ત્રણવાર સહવાસ માણ્યો છે. તેમાં છેલ્લી વાર તો અમે સમાગમ પણ કર્યો હતો. આ સમયે મારી મંગેતરને બ્લીડિંગ થયું હતું અને દુખાવો પણ ખૂબ થયો હતો. તે પછી તેણે સહવાસની સ્પષ્ટ ના કહી હતી. તેને બધું ગમે છે પણ તેને દુખાવાનો ડર લાગે છે. હવે આવો દુખાવો ન થાય તે માટેનો કોઇ ઉપાય જણાવશો.**

જવાબ : છોકરીઓને સમાગમ સમયે પહેલીવાર જ્યારે કૌમાર્યભંગ થાય ત્યારે લોહી નીકળતું હોય છે, અને સાથેસાથે અતિશય દુખાવો પણ થતો હોય છે. પણ આ કોઈ ગભરાવાની વાત નથી. તે સમયે તમારી મંગેતરને જેટલો દુખાવો થયો હતો અને બ્લીડિંગ નીકળ્યું હતું તે હવે નહીં નીકળે. લગ્ન બાદ જ્યારે પણ તમે સમાગમ કરો ત્યારે પહેલાં વધારે સમય ફોરપ્લેમાં વિતાવજો. ફોરપ્લેમાં સમય પસાર કરવાથી યોનિમાં સરખું પ્રવાહી નીકળશે અને તમારી પત્ની સરખી ઉત્તેજિત થાય તે પછી સમાગમ કરવાથી દુખાવો નહીં થાય.




પેટ કમિન્સ IPLના ઇતિહાસનો સૌથી મોંઘો વિદેશી ખેલાડી

# IPL : પાંચ કલાક સુધી ચાલેલી હરાજીમાં ૬૨ ખેલાડીઓ માટે ૧૪૦ કરોડ ખર્ચાયા

કોલકાતા : આઈપીએલની ૧૩મી સિઝન માટે ગુરુવારે કોલકાતામાં હરાજી યોજાઈ હતી અને તેમાં ઘણી ઉથલપાથલ પણ જોવા મળી હતી. કેટલાક સ્ટાર ખેલાડીઓ અનસોલ્ડ રહ્યા હતા અને કેટલાકને તેમના ધાર્યા કરતાં વધારે રકમ પણ મળી હતી. કેટલાક ખેલાડીઓ ત્રીજા સ્લોટમાં વેચાયા હતા અને કેટલાક બોલર્સને ફ્રેન્ચાઈઝીઓએ નેટ્સના બોલર તરીકે બેઝ પ્રાઈસ ઉપર જ ખરીદ્યા હતા. મોટા ભાગની ટીમો પાસે વિદેશી ખેલાડીઓનો સ્લોટ પૂરો થઈ ગયો છે. ૨૦૨૦માં રમાનારી બીસીસીઆઈની ટી૨૦ લીગ માટે યોજાયેલી હરાજીમાં ઓસ્ટ્રેલિયાના ૧૨ ખેલાડીઓ માટે ફ્રેન્ચાઈઝી ટીમોએ ૪૧.૭૫ કરોડ રૂપિયા ખર્ચી નાખ્યા હતા. પ્રત્યેક ઓસ્ટ્રેલિયન ખેલાડી પાસે સરેરાશ ૩.૪૮ કરોડ રૂપિયા ખર્ચાયા છે. બીજી તરફ ભારતના ૩૪ કેપ્ડ અને અનકેપ્ડ ખેલાડીઓ માટે ૪૮.૨ કરોડ રૂપિયા એટલે કે પ્રત્યેક ખેલાડી માટે સરેરાશ ૧.૪૨ કરોડ રૂ. ખર્ચાયા છે. ૨૦૨૦ની હરાજીમાં સ્ટાર ખેલાડીઓને મોટી કિંમત મળશે તે નક્કી હતું પરંતુ રાજસ્થાનના

પેસ બોલર રવિ બિશ્નોઈનું નામ આશ્ચર્યજનક રીતે સપાટી ઉપર આવ્યું હતું. તેના નામની કોઈ મોટી ચર્ચા થતી નહીં હોવા છતાં ૨૦ લાખની બેઝ પ્રાઈસવાળા આ ખેલાડીને કિંગ્સ ઈલેવન પંજાબે બે કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો. અંડર-૧૯ ટીમના સુકાની પ્રિયમ ગર્ગને ૧.૯ કરોડમાં સનરાઈઝર્સ હૈદરાબાદે, ૧૭ વર્ષીય યશસ્વી જયસ્વાલને રાજસ્થાન રોયલ્સે ૨.૪ કરોડમાં તથા ઓલરાઉન્ડર વરુણ ચક્રવર્તીને ૪ કરોડમાં ખરીદવામાં આવ્યા હતા. ઝારખંડના બેટ્સમેન વિરાટસિંહને પણ ૧.૯ કરોડ રૂ.માં હૈદરાબાદે ખરીદ્યો હતો.

## ટેસ્ટ રેન્કિંગ : વિરાટ કોહલી નંબર-૧ ક્રમે યથાવત્, બોલિંગમાં બુમરાહની પીછેહઠ

દુબઈ : ભારતીય સુકાની વિરાટ કોહલી આઈસીસીની નવી ટેસ્ટ રેન્કિંગમાં ટોચના સ્થાને જળવાઈ રહ્યો છે પરંતુ પેસ બોલર જસપ્રીત બુમરાહ છઠ્ઠા ક્રમે સરકી ગયો છે. કોહલી (૯૨૮) ઓસ્ટ્રેલિયાના ભૂતપૂર્વ સુકાની સ્ટિવ સ્મિથ કરતાં ૧૭ પોઈન્ટ આગળ છે. સ્મિથે ન્યૂઝીલેન્ડ સામે પર્થ ખાતે રમાયેલી ડે-નાઈટ ટેસ્ટમાં ૪૩ અને ૧૬ રન બનાવ્યા હતા. બેટ્સમેનોની યાદીમાં ચેતેશ્વર પૂજારા (૭૯૧) તથા અજિંક્ય રહાણે (૭૫૯) અનુક્રમે ચોથા તથા છઠ્ઠા ક્રમે જળવાઈ રહ્યા છે. ઓસ્ટ્રેલિયન બેટ્સમેન માર્કસ લાબુશેનનું રેન્કિંગમાં આગેકૂચ કરવાનું જારી છે. તેણે પર્થ ટેસ્ટમાં ૧૪૩ તથા ૫૦ રનની ઈનિંગ્સ રમી હતી. તે ત્રણ સ્થાનના સુધારા સાથે પાંચમા ક્રમે પહોંચી ગયો છે. તેણે સાથી ઓપનર ડેવિડ વોર્નરને પાછળ રાખી દીધો છે અને સ્મિથ બાદ તે બીજો સર્વશ્રોષ્ઠ ઓસ્ટ્રેલિયન બેટ્સમેન છે. શ્રીલંકા સામેની પ્રથમ ટેસ્ટમાં અણનમ ૧૦૨ રનની ઈનિંગ્સ રમનાર બાબર આઝમ પ્રથમ વખત ટોપ-૧૦માં પ્રવેશ્યો છે. આઈસીસી વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપમાં ભારતીય ટીમ ૩૬૦ પોઈન્ટ સાથે નં-૧ સ્થાને છે. ત્યારબાદ ઓસ્ટ્રેલિયા (૨૧૬), શ્રીલંકા (૮૦), ન્યૂઝીલેન્ડ (૬૦) અને ઈંગ્લેન્ડ (૫૬) ની ટીમો છે.

## કોહલી ક્રિકેટનો રોનાલ્ડો છે : લારા

વિશાખાપટ્ટનમ : વેસ્ટ ઈન્ડિઝના મહાન બેટ્સમેન બ્રાયન લારાનું માનવું છે કે વિરાટ કોહલી રમત પ્રત્યેના પોતાના સમર્પણના મામલે ફૂટબોલ સુપર સ્ટાર ક્રિસ્ટિયાનો રોનાલ્ડો જેવો છે અને લોકેશ રાહુલ પ્રતિભાના મામલે ભારતીય સુકાનીની સમકક્ષ છે. લારાએ જણાવ્યું હતું કે બેટિંગને અકલ્પનીય સ્તરે લઈ જવાની પ્રતિભાનો ખૂબીથી ઉપયોગ કરનાર કોહલીનો હું મોટો સમર્થક છું. આ કોહલીની ક્રિકેટ પ્રત્યેની તૈયારી ઉપરાંત ક્રિકેટ પ્રત્યેના તેના સમર્પણની બાબત છે. તે લોકેશ રાહુલ કે રોહિત શર્મા કરતાં વધારે પ્રતિભાશાળી હોય તેમ મને લાગતું નથી, પરંતુ તેની તૈયારીઓ બધા કરતાં તેને અલગ પાડે છે. કોહલી ક્રિકેટનો ક્રિસ્ટિયાનો રોનાલ્ડો છે.



લારાએ જણાવ્યું હતું કે તેની ફિટનેસનું સ્તર તથા માનસિક દ્રઢતા અકલ્પનીય છે. તેની બેટિંગની કુશળતા શાનદાર છે અને તેને કોઈ પણ તબક્કાની ટીમમાંથી બહાર રાખી શકાય તેમ નથી. ક્લાઈવ લોઈડની ૭૦ના દશકામાં અપરાજિત રહેનાર ટીમ હોય કે સર ડોન બ્રેડમેનની ૧૯૪૮ની વર્લ્ડ કપ વિજેતા ટીમ હોય, કોહલી કોઈ પણ યુગની ટીમમાં આપોઆપ સ્થાન મેળવી શકે છે.

## બીજી વન-ડે : ભારતે વિન્ડીઝને ૧૦૭ રનથી હરાવ્યું

# ભારત ૫/૩૮૭, વિન્ડીઝ ૨૮૦

### શ્રોણી ૧-૧થી સરભર, અંતિમ મેચ નિર્ણાયક : મેન ઓફ ધ મેચ રોહિત શર્મા ૧૫૯, લોકેશ રાહુલ ૧૦૨, કુલદીપની હેટ્રિક સહિત ૫૨ રનમાં ત્રણ વિકેટ




વિશાખાપટ્ટનમ : ઓપનર રોહિત શર્મા અને લોકેશ રાહુલની સદી તથા તેમણે પ્રથમ વિકેટ માટે નોંધાવેલી બેવડી સદીની ભાગીદારી બાદ કુલદીપ યાદવે નોંધાવેલી હેટ્રિકની મદદથી ભારતે અહીં રમાયેલી બીજી વન-ડેમાં વેસ્ટ ઈન્ડિઝને ૧૦૭ રનથી પરાજય આપીને ત્રણ મેચની શ્રોણીને ૧-૧થી સરભર કરી દીધી હતી. બંને ટીમો વચ્ચે હવે ૨૨મી ડિસેમ્બરે રવિવારે કટક ખાતે ત્રીજી અને નિર્ણાયક મેચ રમાશે. ભારતે વિશાખાપટ્ટનમ ખાતે વિન્ડીઝને આઠ વર્ષ બાદ પરાજય આપ્યો છે. ભારતે છેલ્લે ૨૦૧૧માં કેરેબિયન ટીમને પાંચ વિકેટે હરાવ્યું હતું. બંને ટીમો વચ્ચે ૨૦૧૮માં રમાયેલી મેચ ટાઈ થઈ હતી. ભારત પાંચ વિકેટે ૩૮૭ રનના સ્કોર સામે ટોસ જીતીને પ્રથમ ફિલ્ડિંગ કરનાર વિન્ડીઝ ટીમ ૪૩.૩ ઓવરમાં ૨૮૦ રનના સ્કોરે ઓલઆઉટ થઈ ગયું હતું. રોહિત શર્માને મેન ઓફ ધ મેચ જાહેર કરાયો હતો. રનચેઝ કરનાર વિન્ડીઝ ટીમ માટે શાઈ હોપે ૭૮, નિકોલસ પૂરને ૭૫ તથા કિમો પોલે ૪૬ રનનું યોગદાન આપ્યું હતું. ભારત માટે શમીએ ૩૯ રનમાં ત્રણ, કુલદીપે ૫૨રનમાં ત્રણ તથા જાડેજાએ ૭૪ રનમાં બે વિકેટ ઝડપી હતી. ભારતની ઈનિંગ્સમાં રોહિતે ૧૩૮ બોલમાં ૧૫૯ રન તથા રાહુલે ૧૦૪ બોલમાં ૧૦૨ રન બનાવ્યા હતા. આ ઉપરાંત રિષભ પંતે ૧૬ બોલમાં ૩૯ તથા શ્રોયર ઐયરે ૩૨ રનમાં ૫૩ રન બનાવ્યા હતા.

### વન-ડેમાં રોહિતે ૨૮મી તથા રાહુલે ત્રીજી સદી નોંધાવી

ભારતીય વન-ડે ટીમના ઉપસુકાની રોહિત શર્માએ વેસ્ટ ઇન્ડિઝ સામેની બીજી મેચમાં શાનદાર સદી ફટકારી હતી. રોહિતે ૧૦૭ બોલમાં પોતાની વન-ડે કારકિર્દીની ૨૮મી સદી નોંધાવી હતી. એક જ કેલેન્ડર વર્ષમાં સર્વાધિક સદી નોંધાવનાર ભારતીય બેટ્સમેનોની યાદીમાં તે બીજા ક્રમે છે. લોકેશ રાહુલે પણ વન-ડેમાં ત્રીજી સદી ફટકારી હતી. રાહુલ ૧૦૨ રન બનાવીને જોસેફની બોલિંગમાં આઉટ થયો હતો.

### વન-ડેમાં બે હેટ્રિક ઝડપનાર કુલદીપ ભારતનો પ્રથમ બોલર

ચાઇનામેન બોલર કુલદીપ યાદવે બુધવારે ઇતિહાસ રચ્યો હતો. તે ભારત તરફથી વન-ડેમાં બે હેટ્રિક ઝડપનાર પ્રથમ બોલર બન્યો છે. તેણે વિન્ડીઝ સામેની બીજી વન-ડેમાં આ સિદ્ધિ હાંસલ કરી હતી. કુલદીપે ૩૩મી ઓવરના ચોથા બોલે શાઇ હોપને, પાંચમા બોલરે જેસન હોલ્ડરને તથા છઠ્ઠા બોલે અલઝારી જોસેફને આઉટ કરીને હેટ્રિક નોંધાવી હતી. કુલદીપે પોતાની પ્રથમ હેટ્રિક ઓસ્ટ્રેલિયા સામે ૨૦૧૭માં કોલકાતાના ઇડન ગાર્ડન્સ ખાતે હાંસલ કરી હતી.

### ૪૦૦ ઇન્ટરનેશનલ મેચ રમનાર કોહલી આઠમો ખેલાડી

વિશાખાપટ્ટનમ । ભારતીય સુકાની વિરાટ કોહલી ૪૦૦ ઇન્ટરનેશનલ ક્રિકેટ મેચ રમનાર ભારતનો આઠમો તથા વિશ્વનો ૩૩મો ક્રિકેટર બની ગયો છે. ૨૦૦૮માં શ્રીલંકા સામે વન-ડે ડેબ્યૂ કરનાર કોહલી કારકિર્દીમાં અત્યાર સુધી ૨૪૨ વન-ડે, ૮૪ ટેસ્ટ તથા ૭૫ ટી૨૦ મેચો રમી ચૂક્યો છે.

## ડી'વિલિયર્સને પાછો લાવવા ડુ પ્લેસિસના ચક્રો ગતિમાન

જોહાનિસબર્ગ : સાઉથ આફ્રિકન ટીમના નવા મુખ્ય કોચ માર્ક બાઉચરે જણાવ્યું હતું કે તે એબી ડી'વિલિયર્સને નિવૃત્તિમાંથી બહાર આવવા માટે વાત કરશે. બીજી તરફ ટીમના સુકાની ફાફ ડુ પ્લેસિસે પણ આ બાબતે ડી'વિલિયર્સ સાથે છેલ્લા કેટલાક મહિનાથી સતત વાટાઘાટ કરી છે. ડુપ્લેસિસે જણાવ્યું હતું કે ડી'વિલિયર્સ ટીમમાં પાછો ફરે તેવું તમામ ઈચ્છી રહ્યા છે અને હું પણ આ ઈચ્છા રાખું છું. પ્લેસિસે જણાવ્યું હતું કે ડી'વિલિયર્સ ફરીથી ઈન્ટરનેશનલ ક્રિકેટ રમવાનું શરૂ કરે તેવું તમામ ઈચ્છી રહ્યા છે અને હું પણ તેમાંથી બાકાત નથી. આ પ્રકારની ચર્ચા છેલ્લા બેથી ત્રણ મહિનાથી થઈ રહી છે.

## બંને ટીમોને ગ્રૂપ-એમાં સ્થાન મળ્યું, ૨૫મી જુલાઈએ બંને ટીમ અભિયાન શરૂ કરશે

ટોક્યો : ભારતીય મેન્સ હોકી ટીમ ૨૦૨૦ ટોક્યો ઓલિમ્પિકમાં ૨૫મી જુલાઈએ ન્યૂઝીલેન્ડ સામે રમીને પોતાના અભિયાનની શરૂઆત કરશે. બીજી તરફ વિમેન્સ ટીમ પણ ૨૫મી જુલાઈએ જ પ્રથમ મુકાબલામાં નેધરલેન્ડ્સ સામે ટકરાશે.

એફઆઈએચે મંગળવારે કાર્યક્રમ જાહેર કર્યો હતો જેના અનુસાર ભારતની બંને ટીમો ઓલિમ્પિકની આ ઈવેન્ટના પ્રથમ દિવસે જ પોતાનું અભિયાન શરૂ કરશે. આઠ વખતની ચેમ્પિય મેન્સ ટીમ ન્યૂઝીલેન્ડ બાદ વર્લ્ડ રેન્કિંગમાં પ્રથમ સ્થાને રહેલી ઓસ્ટ્રેલિયા સામે ૨૬મી જુલાઈએ રમશે. ત્યારબાદ ગ્રૂપ-એમાં સામેલ ભારતીય ટીમનો સામનો સ્પેન (૨૮ જુલાઈ), ગયા વખતની ચેમ્પિયન આર્જેન્ટિના (૩૦ જુલાઈ તથા યજમાન જાપાન સામે ૩૧મી જુલાઈએ મુકાબલો રમશે. ગ્રૂપ-એમાં સામેલ ભારતીય વિમેન્સ હોકી ટીમ ૨૭મી જુલાઈએ ગ્રેટ બ્રિટન, ૩૧મી જુલાઈએ આયરલેન્ડ તથા પહેલી ઓગસ્ટે સાઉથ આફ્રિકા સામે રમશે. એફઆઈએચના અનુસાર વિમેન્સ કેટેગરીના ગોલ્ડ મેડલનો મુકાબલો છઠ્ઠી ઓગસ્ટે તથા મેન્સનો મુકાબલો સાતમી ઓગસ્ટે યોજાશે. વર્લ્ડ રેન્કિંગમાં પાંચમા ક્રમાંકે રહેલી ભારતીય મેન્સ ટીમે ભુવનેશ્વર ખાતે રમાયેલી ક્વોલિફાયર્સમાં રશિયાને ૧૧-૩થી હરાવીને ઓલિમ્પિક માટે ક્વોલિફાય કર્યું હતું. ભારતીય મહિલા ટીમ રેન્કિંગમાં નવમા ક્રમે છે અને રાની રામપાલના ગોલની મદદથી અમેરિકાને ૬-૫ના ગોલ એગ્રિગેટથી હરાવીને ટોક્યો ઓલિમ્પિક માટે ક્વોલિફાય કર્યું હતું.

## આઇસીસી વન-ડે તથા ટી-૨૦ ટીમમાં સ્મૃતિ મંધાનાની પસંદગી કરાઇ

દુબઈ : ભારતીય ઓપનિંગ બેટ્સવુમન સ્મૃતિ મંધાનાને મંગળવારે આઈસીસીની વાર્ષિક વન-ડે તથા ટી૨૦ ટીમમાં સામેલ કરવામાં આવી છે. વન-ડે ટીમમાં મંધાનાની સાથે અનુભવી ખેલાડી ઝૂલન ગોસ્વામી, પૂનમ યાદવ તથા શિખા પાંડેનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. ટી૨૦ ટીમમાં મંધાનાની સાથે ઓલરાઉન્ડર દીપ્તિ શર્માને પણ સામેલ કરવામાં આવી છે. ૨૩ વર્ષીય મંધાનાએ ૫૧ વન-ડે તથા ૬૬ ટી૨૦ ઈન્ટરનેશનલ ઉપરાંત બે ટેસ્ટ મેચમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું છે. ચાલુ સાલે શ્રીલંકા સામે ૧૪૮ રનની વિક્રમી ઈનિંગ્સ રમનાર ઓસ્ટ્રેલિયાની એલિસા હિલીને વર્ષની સર્વશ્રેષ્ઠ ટી૨૦ ક્રિકેટર તરીકે પસંદ કરવામાં આવી છે.


HONEST
NOW OPEN IN ETOBICOKE
25 Woodbine Downs Blvd,
Unit 6-7, Etobicoke,
ON, M9W 6N5, Canada
follow us on HonestRestaurantEtobicoke

# WELCOME !

## GENERAL & COSMETIC FAMILY DENTISTRY

Dr. Salim Kapadia DDS

Dental Centre

Dr. Salim Kapadia DDS

Shagofa Azizi RDH

Get Free Quote for All Dental Needs.

FREE and Convenient On-site Parking & Wi-Fi



Languages Spoken:
English, Gujarati, Hindi, Punjabi, Bengali, Urdu & Farsi

- Evening and weekend appointments available.
- Friendly and caring staff.
- We cater to all Insurance Plans.

FREE LASER WHITENING

- Complete range of Dental services available.
- Emergencies seen right away.
- Dental Implants start to Finish.

FOR APPOINTMENT PLEASE CALL
**416-321-3268**
Email: info@drsalimkapadiadental.com
Website: www.drsalimkapadiadental.com

**Dr. Salim Kapadia Dental Centre**
1825 Markham Rd Suite #102, Toronto, Ontario M1B 4Z9
Hours: Monday-Friday 9:00am-8:00pm
Saturday 9:00am-5:00pm | Sunday as per request





# CLUB CERAMIC





Lapoto Finish



Matt Fiish

પોર્સેલિન ટાઈલ્સ શરૂ થાય છે ફક્ત $ 0.89 થી

Porcelain tiles starting from **$0.89** per square feet only

Ceramic tiles starting from **$0.50** per square feet only

સિરામિક ટાઈલ્સ શરૂ થાય છે $ 0.50 થી

- Porcelain & Ceramic tiles at Direct factory price
- Price match guarantee + we will beat price with additional 5% discount
- Tiles available for Floor, Wall and Outdoor Parking

- પોર્સેલિન ટાઈલ્સ અને સિરામક ટાઈલ્સ ફેક્ટરી ભાવે મળશે
- અમારા ભાવની ખાત્રી કરી શકો છો. વધારાના ૫ ટકા ડિસ્કાઉન્ટ સાથે
- ફ્લોર, દિવાલ અને આઉટડોર પાર્કિંગની ટાઈલ્સ મળશે

-: Available Size :-

24" * 24" I 12" * 24" I 24" * 48" I 4" * 8" I 4" * 12"

**MONTREAL**
3501-03 Rue Griffith, Saint Laurent, QC H4T 1W5
Phone: +1-514-260-2242 / +1-514-813-3850

**OTTAWA**
Unit #4+5, 200 Colonnade Road, Nepean, ON, K2E 7M1
+1-613-601-1474

**MISSISUAGA**
5030 Maingate Drive, Unit#1, Mississauga, L4W 1X5
Phone: +1 (647) 527-6030 / +1-514-813-3850

www.clubceramic.com, Email : sales@clubceramic.com